ડીઆ: પેજ- ૧૦૨૫ ૧૦૩૦, ૧૦૩૯,


૨૯૫૯૨

# કલ્યાણ

## જૈન સંસ્કૃતિનું સંદેશવાહક


વર્ષ : ૧૮
અંક : ૧૨
ફેબ્રુઆરી ૧૯૬૨

માહ ૨૦૧૮
વીરસંવત ૨૪૮૮

ભારતના ઐતિહાસિક તીર્થોમાંનું એક અતિભવ્ય પ્રાચીન તીર્થ જે કચ્છ દેશમાં આવેલું છે. તે સુપ્રસિદ્ધ ભદ્રેશ્વરજી તીર્થનું વિહંગમ દૃશ્ય.

[ શ્રી ભદ્રેશ્વરજી તીર્થની પેઢી શેઠ વર્ધમાન કલ્યાણજીના સૌજન્યથી ]


વાર્ષિક લવાજમ રૂ. ૫-૫૦

: માનદ સંપાદક :
કીરચંદ જે. શેઠ

છુટક નકલ ૦૦-૬૨ ન. પૈ.

## અમે નહિ, સમાજ

## શું કહે છે?

'કલ્યાણ' દ્વારા ગત વિશેષાંક 'પુણ્યસ્મૃતિ અંક' તરીકે પ્રસિદ્ધ થયો. ૨૭ લગભગ ફર્માઓનો સચિત્ર. વૈવિધ્યસભર તથા મનનીય સાહિત્યથી સમૃદ્ધ દળદાર વિશેષાંક, તેનું છાપકામ તથા તેને અંગે કાર્યાલયે લીધેલો પરિશ્રમ ખરેખર સફલ બન્યો છે.

### સર્વત્ર વિશેષાંક આદરપાત્ર બન્યો છે.

અમારા પર આવતા પત્રો તથા અભિપ્રાયો આ વાતની સાક્ષી પૂરે છે. આ રહ્યા તેમાંના કેટલાક અભિપ્રાયો.

× ×

'વિશેષાંક ખૂબ જ સુંદર તથા સમૃદ્ધ બન્યો છે. સાહિત્ય જગતમાં તેનું સ્થાન વિશિષ્ટ રહેશે.

મુંબઈ

તા. ૭-૨-૬૨

× ×

'વિશેષાંક વાંચ્યો મને ખૂબ ગમી ગયો આવો વિવિધતાભર્યો વિશેષાંક ચિરંજીવ સાહિત્યથી સમૃદ્ધ છે.'

અમદાવાદ

તા. ૬-૨-૬૨

× ×

'વિશેષાંકનું છાપકામ, સુઘડ, સ્વચ્છ તથા સુંદર છે. અંકનું સંપાદન હેતુલક્ષી તથા કુશળતા પૂર્વકનું છે. અંક ખૂબજ ઉપયોગી છે.'

પુના તા. ૬-૨-૬૨

× ×

### મુંબઇ સમાચાર શું કહે છે?

**કલ્યાણ : સંપાદક-કીરચંદ જે. શેઠ**

વઢવાણ શહેર

શાસન પ્રભાવક પૂજ્યપાદ શ્રી વિજયલબ્ધિ-સૂરીશ્વરજીને શ્રદ્ધાંજલી રૂપે બહાર પડેલો કલ્યાણનો આ વિશેષાંક પૂ. સૂરિશ્વરજીના જીવનના વિવિધ પાસાંઓની સુંદર ઝાંખી કરાવે છે તેમાં જૈન મુનિઓ, તપસ્વિઓ, ભાવિકો અને ગૃહસ્થોએ પોતપોતાની રાતે પૂ. સૂરિશ્વરજીને ભક્તિ નીતરતા હૃદયે શ્રદ્ધાંજલિ આપી છે. "સુંદર ભાવના" જેવા કાવ્યો, 'જીવન માધુરી' જેવા લેખો, 'ગુજર ગયા વો જમાના' જેવા પ્રસંગાલેખનો આ અંકની સમૃદ્ધિ છે. ટુંકમાં પૂ. સૂરીશ્વરજીના ગુણાનુરાગી સર્વ કોઇ જૈન કે જૈનેતર ભાઇ બહેન આ અંક અવશ્ય વાંચવા જેવો છે.

(મુંબઈ સમાચાર તા. ૧૦-૨-૬૨)

આવા અનેક અભિપ્રાયો આ વિશેષાંકની મહત્તા માટે બસ છે. જૂજ નકલો સિલકમાં છે. ખાસ જરૂર હોય તે આજે જ મંગાવોઃ- મૂલ્યઃ રૂા. ૨ પોસ્ટેજ જુદું.

'કલ્યાણ' પ્રકાશન મંદિર.

**વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)**

## વિષયાનુક્રમ


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૯૮૯ |
| પરમાત્મપદની પ્રાપ્તિ : | શ્રી નવિનચંદ્ર મ. શાહ | ૯૯૨ |
| આત્માનું વીર્ય તથા ઉપયોગ : | શ્રી ખુબચંદ કેશવલાલ | ૯૯૩ |
| સોડહં અને સમર્પણ : | કુમારી કસ્તુરી યોગેશ | ૯૯૮ |
| માઇકનો ઉપયોગ : | પં. શ્રી પ્રભુદાસ પારેખ | ૧૦૦૩ |
| માનવતાનું મૂલ્યાંકન કરો ! : | પૂ. મુ. મહાપ્રભવિજયજી | ૧૦૦૫ |
| રામ ચણુની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૧૦૦૯ |
| મંત્રપ્રભાવ : | શ્રી મોહનલાલ ચુ. ધામી | ૧૦૧૭ |
| પુણ્ય સંકલ્પો : | પૂ. નેમવિજયજી મ. | ૧૦૨૫ |
| સમાચાર સાર : | સંકલિત | ૧૦૨૬ |

# ઉ....ઘ....ડ....તે પા....ને

'કલ્યાણ' આજે આ અંક પ્રસિદ્ધ થતાં ૧૮મું વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. સંસ્કૃતિ, સંસ્કાર, શ્રદ્ધા, શિક્ષણ, તથા સાત્વિકતાના પ્રચાર કાજે આજ અઢાર અઢાર વર્ષથી પ્રયત્નશીલ રહેતું 'કલ્યાણ' જૈન કે જૈનેતર સમાજમાં આદર તથા બહુમાન પામ્યું છે, એ અમારે મન ગૌરવનો વિષય છે. પોતાના ઉદ્દેશને અનુરૂપ 'કલ્યાણ' આથી પણ વધુ ને વધુ પ્રગતિ સાધે તે રીતે અમે હંમેશા જાગ્રત છીએ. શાસનદેવ અમને અમારા માર્ગમાં સહાય કરો!

'કલ્યાણ'નો ગત વિશેષાંક ૨૭ ફર્માંનો સચિત્ર, તથા વૈવિધ્ય સભર અને મનનીય સાહિત્યથી સમૃદ્ધ ટુંકા ગાળામાં ખંત તથા પરિશ્રમપૂર્વક તૈયાર કરીને શુભેચ્છકોની સેવામાં સાદર રજૂ કરવાનું સૌભાગ્ય અમે પામી શકયા, તે અમારા માટે ગૌરવરૂપ છે. 'કલ્યાણે' પૂ. પાદ પરમોપકારી શાસનસ્થંભ સ્વ. સૂરિદેવશ્રી પ્રત્યે એ રીતે પોતાની ભક્તિ-ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પી યત્કિંચિત ઋણમુકત થવા પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત વિશેષાંકને આ રીતે ટુંક સમયમાં તૈયાર કરવામાં અમને અનેકોનો જે સ્નેહભર્યો સહકાર મળ્યો છે, તે સર્વના સહકારને અમે કેમ ભૂલી શકીએ? 'કલ્યાણે' અત્યાર સુધી પ્રગટ કરેલા અનેક વિશેષાંકોમાં આ વિશેષાંક સર્વ કરતાં શ્રેષ્ઠ છે, એમ અમારા પર આવતા અનેકાનેક શુભેચ્છકોના પત્ર પરથી અમને જાણવા મળેલ છે.

શુભેચ્છકોના લાગણીભર્યા આ આત્મીયભાવ માટે ખરેખર અમે અનેક રીતે ગૌરવ અનુભવીએ છીએ. ને જૈનસમાજમાં આ રીતે શિક્ષણ, સંસ્કાર તથા શ્રદ્ધાના પ્રેરક 'કલ્યાણ'ને વધુ ને વધુ વિકસાવવા અમે શકિતશાલી બનીએ તે રીતે શાસનદેવ પ્રત્યે અમે પ્રાર્થના કરીએ છીએ. 'કલ્યાણ'ની વ્યવસ્થા સ્વતંત્ર રીતે ચાલી શકે અને તેનુ સંચાલન સુયોગ્ય પદ્ધતિપૂર્વક થઈ શકે તે માટે તેનું અલગ કાર્યાલય રાખ્યું છે. ને કાર્યાલયનો સ્ટાફ 'કલ્યાણ'ની પ્રગતિ માટે રસ ધરાવે છે તેમજ વધુ ને વધુ વિકાસ થાય તે માટે તે સજાગ છે. 'કલ્યાણ' કાર્યાલયના સ્ટાફના સહકારથી જ અમે ગત વિશેષાંક આટલા ટુંકા ગાળામાં પ્રસિદ્ધ કરવા શકિતમાન બન્યા છીએ તે હકીકત અમારે મન આનંદનો વિષય છે.

વિશેષાંકને સર્વાંગ સુંદર બનાવવા અમે બધું કરી છૂટ્યા છીએ છતાં માનવસહજ ક્ષતિઓ અનિવાર્ય છે. તો તેને અંગે સર્વ કોઇ ક્ષંતવ્ય લેખશે. અને અમારા પ્રત્યેક કાર્યમાં સર્વ કોઈ શુભેચ્છકો અમને સંપૂર્ણ સહકાર જે રીતે આપી રહ્યા છે તે રીતે આપતા રહેશે એ આજે અઢારમાં વર્ષની વિદાય વેળા સર્વ કોઈ 'કલ્યાણ' પ્રેમી આપ્તજનોને અમારી અપીલ છે.

આજે દેશ- કે પરદેશનું વાતાવરણ સંક્ષુબ્ધ બન્યુ છે. કયાંયે કોઇને શાંતિ નથી. સર્વ કોઈ અશાંતિના દાવાનળમાં જાણે ધીમા તાપે શેકાઇ રહ્યા છે. હમણાં તાજેતરમાં હજારો વર્ષે આવતો અષ્ટગ્રહયોગનો અશુભ અવસર ભારત પર આવ્યો. ભારતની રાશિ મકર છે, ને મકર રાશિ પર પોષ વદિ ૧૩ થી માહ સુદિ ૧ તા. ૩-૪-૫ (૨-૬૨)ના ત્રણ દિવસ અષ્ટગ્રહયુતિનો ભાર રહ્યો. અશુભ કે અનિષ્ટને કહેનારા આ નિમિત્તો પણ ક્રોડોના સંખ્યામાં થયેલા 'નમો અરિહંતાણું' તથા શંખેશ્વર પાર્શ્વનાથ આદિ મહામંગલકારી જાપના તથા લાખ્ખો આયંબિલો, અઠ્ઠાઇમહોત્સવો અઠ્ઠમો, છઠ્ઠો, તેમજ ઉપવાસ આદિ મહાકલ્યાણકારી તપશ્ચર્યાના પરિણામે શુભમાં પલટાઈ ગયા; અનિષ્ટનો ભય ટળી ગયો. સર્વત્ર શાંતિનું વાતાવરણ ફેલાઈ ગયું. ખરેખર ધર્મશ્રદ્ધાપૂર્વક થયેલાં ધર્માનુષ્ઠાનો નિષ્ફળ જતા નથી. ફકત તેની આરાધના કરનારા વિવેકીવર્ગે આલોક કે પરલોકના સ્વાર્થથી નિરપેક્ષ બનીને આરાધના કરવી આજ એક તેની વિશિષ્ટતા છે.

આ અંક પ્રસિદ્ધ થઇ રહ્યો હશે તે સમયે દેશમાં કેવલ ચૂંટણીનું વાતાવરણ વર્ષાઋતુના ગાજવીજની જેમ ગાજતું રહેશે. આજે દેશભરમાં સત્તાની કેવલ સાઠમારી વર્તાઇ રહી છે. ૭૬ વર્ષના વૃદ્ધથી માંડીને ૨૬ વર્ષના જુવાન સુધી આજે ભારતભરમાં ખુરશી મેળવવાની હરિફાઇ જાગી છે. ત્રણ ત્રણ વખત પ્રધાનપદની ખુરશીને પંદર વર્ષથી ટકાવી રહેલ આજે ફરીથી ખુરશી મેળવવા ચૂંટણીમાં ઉભા છે. પં. જવાહરલાલજી નહેરૂથી માંડીને જૂના પંદર-પંદર વર્ષથી ખુરશી પર ચીટકાઈ રહેલ ફરી ખુરશી માટે ઉભા રહે છે, જે જોઇને ઘડીભર એમ થાય છે કે શું પ્રજાની સેવા કરવાનો માર્ગ આ સિવાય અન્ય નથી? રાજકારણમાં રહીને જેઓ કેવલ સેવાની વાતો કરતા હતા તે ઢેબરભાઈ તથા કોંગ્રેસ પ્રમુખ રેડી જેવા પણ ખુરશી માટે ચૂંટણીમાં આજે ઉભા રહ્યા છે, તે કહી આપે છે કે આજે સર્વ કોઈને કેવલ ખુરશી પર બેઠા-બેઠા સત્તા ભોગવવી છે.

આજે એકેએક બેઠક માટે ૫-૭ કે ૧૫ ઉમેદવારો ઉભા છે. પાંચ વર્ષમાં જનતાના આંગણે કદિયે નહિ ડોકાનારા પ્રધાનો, ધારાસભ્યો આજે ઘેર-ઘેર-ગામડે-ગામડે ફરતાં થઈ રહ્યા છે. છેલ્લા ૧૫ વર્ષના કોંગ્રેસી કારભારમાં કેવલ કરવેરા, અંકુશો તથા મોંઘવારી અને આધ્યાત્મિક-દૃષ્ટિયે કેવલ હિંસાવાદની બોલબાલા સિવાય પ્રજાને શું મળ્યું છે? ભારતમાં આજે ઠેર ઠેર કસાઈ-ખાનાઓ, વાનરો, દેડકાઓની જીભો, ગાયો, ઘેટાઓ, બકરાઓ તથા માછલાઓની પરદેશમાં લાખો ટનની નિકાસ કેવલ હિંસાના માટેજ થઇ રહી છે. જીવદયાને મારી નાંખવામાં આવી છે. અહિંસાને અશોકચક્રમાં સ્થાન આપનાર કોંગ્રેસીતંત્ર ઠેર ઠેર માછલાઓને મારવાના કેન્દ્રો સ્થાપે છે. તેમજ મોંઘવારીએ તો માઝા મૂકી છે. જીવન જરૂરીઆતની ન્હાનામાં ન્હાની ચીજ વસ્તુના ભાવ આજે કોંગ્રેસતંત્રમાં આસમાને ચઢયા છે. ૧૯૪૭માં કોંગ્રેસે સત્તાના સૂત્રો સંભાળ્યા ન હતા તે પહેલાના ભાવ ને અત્યારના ભાવ જરા સરખાવી જૂઓ! ૧૯૪૭ની સાલના ભાવ કરતા અત્યારના ભાવ સરેરાશ દરેક ચીજના ત્રણ-ચાર ગણાં વધી ગયેલા છે.

આ રીતે કોંગ્રેસીતંત્રમાં નાનામાં નાની જીવનની જરૂરીયાતના ભાવો આસમાંને ચઢતા જાય છે. પરદેશમાં અહિંની બધી વસ્તુઓ ચઢે છે. દેશમાં ખાવા-પીવા કે પહેરવાના ફાંફાં. કેવલ મશીનરી આયાત થાય. દેશની વસ્તીના હાથઉદ્યોગો ઝુંટવી લેવાય ને દેશમાં બેકારી ફેલાય. વસતિ વધારાને ડામવા ઉંધા ઉપાય તરીકે સંતતિ નિયમનનો પ્રચાર. આમ પુરુષ-સ્ત્રીને આ રીતે ઓપરેશનો કરી સ્વચ્છંદાચાર તથા અસંયમને ઉત્તેજન મલે. ઘી-દૂધની નદીઓ સૂકાઈ ગઇ ને પાણીની નદીઓ પણ સૂકાતી જાય છે.

કોંગ્રેસતંત્રની આ બધી સિદ્ધિઓ જોતાં ને પરદેશનું તેના પર વધી રહેલુ દેવું જોતાં આ બધું કયાં જઇને અટકશે તે કાંઇ કહી શકાય નહિ. પણ એટલું ચોકકસ છે કે દેશમાં સ્વતંત્ર, સત્તાના મોહવિનાનો તમજ પ્રજાના હિતને આંખ સામે રાખનાર, નિર્ભીક, સ્પષ્ટવકતા પ્રજાના વધતાં જતાં અંકુશો તથા કરભારણથી મુકત કરનારો અને ભારતીય સંસ્કૃતિને વફાદાર એવા વિરોધપક્ષની આજે ખૂબ ખૂબ જરૂર છે. ને પ્રજાએ પણ સ્પષ્ટ રીતે નિડરપણે કોંગ્રેસીતંત્રની શરમ કે લાગવગથી દોરવાઇ ગયા વિના કોંગ્રેસીતંત્રને પડકારવાની તાકાત કેળવવાની જરૂર છે. આજે પાંચ વર્ષે પ્રજા પાસે તેના મતની કિંમત અંકાવવા માટે સર્વ કોઇ તેના આંગણે આવશે. ધર્મ, સંસ્કાર તથા આધ્યાત્મિક સંસ્કૃતિને પિછાણીને તેની રક્ષા કરવામાં સહાયક બને તે રીતે પ્રજાએ જાગૃત રહેવું ઘટે ને આંગણે આવનારને સ્પષ્ટ રીતે ખુલ્લા દિલે પડકારતા શિખી લેવું જોઇએ.

અઢારમાં વર્ષની વિદાય વેળા ફરી ફરીને અમે એક કહી રહ્યા છીએ કે, 'કલ્યાણ' પોતાના ઉદ્દેશને અનુરૂપ વિકાસના માર્ગે ડગ માંડી રહ્યું છે, ને માંડતું રહેશે. અવસરે સમાજને દેશને

# ઉ....ઘ....ડ....તે પા....ને

'કલ્યાણ' આજે આ અંક પ્રસિદ્ધ થતાં ૧૮મું વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. સંસ્કૃતિ, સંસ્કાર, શ્રદ્ધા, શિક્ષણ, તથા સાત્વિકતાના પ્રચાર કાજે આજ અઢાર અઢાર વર્ષથી પ્રયત્નશીલ રહેતું 'કલ્યાણ' જૈન કે જૈનેતર સમાજમાં આદર તથા બહુમાન પામ્યું છે, એ અમારે મન ગૌરવનો વિષય છે. પોતાના ઉદ્દેશને અનુરૂપ 'કલ્યાણ' આથી પણ વધુ ને વધુ પ્રગતિ સાધે તે રીતે અમે હંમેશા જાગ્રત છીએ. શાસનદેવ અમને અમારા માર્ગમાં સહાય કરો!

'કલ્યાણ'નો ગત વિશેષાંક ૨૭ ફર્માંનો સચિત્ર, તથા વૈવિધ્ય સભર અને મનનીય સાહિત્યથી સમૃદ્ધ ટુંકા ગાળામાં ખંત તથા પરિશ્રમપૂર્વક તૈયાર કરીને શુભેચ્છકોની સેવામાં સાદર રજૂ કરવાનું સૌભાગ્ય અમે પામી શકયા, તે અમારા માટે ગૌરવરૂપ છે. 'કલ્યાણે' પૂ. પાદ પરમોપકારી શાસનસ્થભ સ્વ. સૂરિદેવશ્રી પ્રત્યે એ રીતે પોતાની ભક્તિ-ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પી યત્કિંચિત ઋણમુકત થવા પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત વિશેષાંકને આ રીતે ટુંક સમયમાં તૈયાર કરવામાં અમને અનેકોનો જે સ્નેહભર્યો સહકાર મળ્યો છે, તે સર્વના સહકારને અમે કેમ ભૂલી શકીએ? 'કલ્યાણે' અત્યાર સુધી પ્રગટ કરેલા અનેક વિશેષાંકોમાં આ વિશેષાંક સર્વ કરતાં શ્રેષ્ઠ છે, એમ અમારા પર આવતા અનેકાનેક શુભેચ્છકોના પત્ર પરથી અમને જાણવા મળેલ છે.

શુભેચ્છકોના લાગણીભર્યા આ આત્મીયભાવ માટે ખરેખર અમે અનેક રીતે ગૌરવ અનુભવીએ છીએ. ને જૈનસમાજમાં આ રીતે શિક્ષણ, સંસ્કાર તથા શ્રદ્ધાના પ્રેરક 'કલ્યાણ'ને વધુ ને વધુ વિકસાવવા અમે શકિતશાલી બનીએ તે રીતે શાસનદેવ પ્રત્યે અમે પ્રાર્થના કરીએ છીએ. 'કલ્યાણ'ની વ્યવસ્થા સ્વતંત્ર રીતે ચાલી શકે અને તેનુ સંચાલન સુયોગ્ય પદ્ધતિપૂર્વક થઈ શકે તે માટે તેનું અલગ કાર્યાલય રાખ્યું છે. ને કાર્યાલયનો સ્ટાફ 'કલ્યાણ'ની પ્રગતિ માટે રસ ધરાવે છે તેમજ વધુ ને વધુ વિકાસ થાય તે માટે તે સજાગ છે. 'કલ્યાણ' કાર્યાલયના સ્ટાફના સહકારથી જ અમે ગત વિશેષાંક આટલા ટુંકા ગાળામાં પ્રસિદ્ધ કરવા શકિતમાન બન્યા છીએ તે હકીકત અમારે મન આનંદનો વિષય છે.

વિશેષાંકને સર્વાંગ સુંદર બનાવવા અમે બધું કરી છૂટ્યા છીએ છતાં માનવસહજ ક્ષતિઓ અનિવાર્ય છે. તો તેને અંગે સર્વ કોઇ ક્ષંતવ્ય લેખશે. અને અમારા પ્રત્યેક કાર્યમાં સર્વ કોઈ શુભેચ્છકો અમને સંપૂર્ણ સહકાર જે રીતે આપી રહ્યા છે તે રીતે આપતા રહેશે એ આજે અઢારમાં વર્ષની વિદાય વેળા સર્વ કોઈ 'કલ્યાણ' પ્રેમી આપ્તજનોને અમારી અપીલ છે.

આજે દેશ- કે પરદેશનું વાતાવરણ સંક્ષુબ્ધ બન્યુ છે. કયાયે કોઇને શાંતિ નથી. સર્વ કોઈ અશાંતિના દાવાનળમાં જાણે ધીમા તાપે શેકાઇ રહ્યા છે. હમણાં તાજેતરમાં હજારો વર્ષે આવતો અષ્ટગ્રહયોગનો અશુભ અવસર ભારત પર આવ્યો. ભારતની રાશિ મકર છે, ને મકર રાશિ પર પોષ વદિ ૧૩ થી માહ સુદિ ૧ તા. ૩-૪-૫ (૨-૬૨)ના ત્રણ દિવસ અષ્ટગ્રહયુતિનો ભાર રહ્યો. અશુભ કે અનિષ્ટને કહેનારા આ નિમિત્તો પણ ક્રોડોના સંખ્યામાં થયેલા 'નમો અરિહંતાણું' તથા શંખેશ્વર પાર્શ્વનાથ આદિ મહામંગલકારી જાપના તથા લાખખો આયંબિલો, અઠ્ઠાઇમહોત્સવો અઠ્ઠમો, છઠ્ઠો, તેમજ ઉપવાસ આદિ મહાકલ્યાણકારી તપશ્ચર્યાના પરિણામે શુભમાં પલટાઇ ગયા; અનિષ્ટનો ભય ટળી ગયો. સર્વત્ર શાંતિનું વાતાવરણ ફેલાઈ ગયું. ખરેખર ધર્મશ્રદ્ધાપૂર્વક થયેલાં ધર્માનુષ્ઠાનો નિષ્ફળ જતા નથી. ફકત તેની આરાધના કરનારા વિવેકીવર્ગે આલોક કે પરલોકના સ્વાર્થથી નિરપેક્ષ બનીને આરાધના કરવી આજ એક તેની વિશિષ્ટતા છે.

આ અંક પ્રસિદ્ધ થઇ રહ્યો હશે તે સમયે દેશમાં કેવલ ચૂંટણીનું વાતાવરણ વર્ષાઋતુના વીજળીની જેમ ગાજતું રહેશે. આજે દેશભરમાં સત્તાની કેવલ સાઠમારી વર્તાઇ રહી છે. ૭૬ વર્ષના વૃદ્ધથી માંડીને ૨૬ વર્ષના જુવાન સુધી આજે ભારતભરમાં ખુરશી મેળવવાની હરિફાઇ જાગી છે. ત્રણ ત્રણ વખત પ્રધાનપદની ખુરશીને પંદર વર્ષથી ટકાવી રહેલ આજે ફરીથી ખુરશી મેળવવા ચૂંટણીમાં ઉભા છે. પં. જવાહરલાલજી નહેરૂથી માંડીને જૂના પંદર-પંદર વર્ષથી ખુરશી પર ચીટકાઈ રહેલ ફરી ખુરશી માટે ઉભા રહે છે, જે જોઈને ઘડીભર એમ થાય છે.કે શું પ્રજાની સેવા કરવાનો માર્ગ આ સિવાય અન્ય નથી? રાજકારણમાં રહીને જેઓ કેવલ સેવાની વાતો કરતા હતા તે ઢેબરભાઈ તથા કોંગ્રેસ પ્રમુખ રેડ્ડી જેવા પણ ખુરશી માટે ચૂંટણીમાં આજે ઉભા રહ્યા છે, તે કહી આપે છે કે આજે સર્વ કોઈને કેવલ ખુરશી પર બેઠા-બેઠા સત્તા ભોગવવી છે.

આજે એકેએક બેઠક માટે ૫-૭ કે ૧૫ ઉમેદવારો ઉભા છે. પાંચ વર્ષમાં જનતાના આંગણે કદિયે નહિ ડોકાનારા પ્રધાનો, ધારાસભ્યો આજે ઘેર-ઘેર-ગામડે-ગામડે ફરતાં થઈ રહ્યા છે. છેલ્લા ૧૫ વર્ષના કોંગ્રેસી કારભારમાં કેવલ કરવેરા, અંકુશો તથા મોંઘવારી અને આધ્યાત્મિક-દૃષ્ટિયે કેવલ હિંસાવાદની બોલબોલા સિવાય પ્રજાને શું મળ્યું છે? ભારતમાં આજે ઠેર ઠેર કસાઈ-ખાનાઓ, વાનરો, દેડકાઓની જીભો, ગાયો, ઘેટાઓ, બકરાઓ તથા માછલાઓની પરદેશમાં લાખો ટનની નિકાસ કેવલ હિંસાના માટે જ થઈ રહી છે. જીવદયાને મારી નાંખવામાં આવી છે. અહિંસાને અશોકચક્રમાં સ્થાન આપનાર કોંગ્રેસીતંત્ર ઠેર ઠેર માછલાઓને મારવાના કેન્દ્રો સ્થાપે છે. તેમજ મોંઘવારીએ તો માઝા મૂકી છે. જીવન જરૂરીઆતની ન્હાનામાં ન્હાની ચીજ વસ્તુના ભાવ આજે કોંગ્રેસતંત્રમાં આસમાને ચઢયા છે. ૧૯૪૭માં કોંગ્રેસે સત્તાના સૂત્રો સંભાળ્યા ન હતા તે પહેલાના ભાવ ને અત્યારના ભાવ જરા સરખાવી જૂઓ! ૧૯૪૭ની સાલના ભાવ કરતા અત્યારના ભાવ સરેરાશ દરેક ચીજના ત્રણ-ચાર ગણાં વધી ગયેલા છે.

આ રીતે કોંગ્રેસીતંત્રમાં નાનામાં નાની જીવનની જરૂરીયાતના ભાવો આસમાને ચઢતા જાય છે. પરદેશમાં અહિંની બધી વસ્તુઓ ચઢે છે. દેશમાં ખાવા-પીવા કે પહેરવાના ફાંફાં. કેવલ મશીનરી આયાત થાય. દેશની વસ્તીના હાથઉદ્યોગો ઝુંટવી લેવાય ને દેશમાં બેકારી ફેલાય. વસતિ વધારાને ડામવા ઉંધા ઉપાય તરીકે સંતતિ નિયમનનો પ્રચાર. આમ પુરુષ-સ્ત્રીને આ રીતે ઓપરેશનો કરી સ્વચ્છંદાચાર તથા અસંયમને ઉત્તેજન મલે. ઘી-દૂધની નદીઓ સૂકાઈ ગઇ ને પાણીના નદીઓ પણ સૂકાતી જાય છે.

કોંગ્રેસતંત્રની આ બધી સિદ્ધિઓ જોતાં ને પરદેશનું તેના પર વધી રહેલ દેવું જોતાં આ બધું કયાં જઇને અટકશે તે કાંઇ કહી શકાય નહિ. પણ એટલું ચોકકસ છે કે દેશમાં સ્વતંત્ર, સત્તાના મોહવિનાનો તમજ પ્રજાના હિતને આંખ સામે રાખનાર, નિર્ભીક, સ્પષ્ટવકતા પ્રજાના વધતાં જતાં અંકુશો તથા કરભારણથી મુકત કરનારો અને ભારતીય સંસ્કૃતિને વફાદાર એવા વિરોધપક્ષની આજે ખૂબ ખૂબ જરૂર છે. ને પ્રજાએ પણ સ્પષ્ટ રીતે નિડરપણે કોંગ્રેસીતંત્રની શરમ કે લાગવગથી દોરવાઇ ગયા વિના કોંગ્રેસીતંત્રને પડકારવાની તાકાત કેળવવાની જરૂર છે. આજે પાંચ વર્ષે પ્રજા પાસે તેના મતની કિંમત અંકાવવા માટે સર્વ કોઇ તેના આંગણે આવશે. ધર્મ, સંસ્કાર તથા આધ્યાત્મિક સંસ્કૃતિને પિછાણીને તેની રક્ષા કરવામાં સહાયક બને તે રીતે પ્રજાએ જાગૃત રહેવું ઘટે ને આંગણે આવનારને સ્પષ્ટ રીતે ખુલ્લા દિલે પડકારતા શિખી લેવું જોઇએ.

અઢારમાં વર્ષની વિદાય વેળા ફરી ફરીને અમે એક કહી રહ્યા છીએ કે, 'કલ્યાણ' પોતાના ઉદ્દેશને અનુરૂપ વિકાસના માર્ગે ડગ માંડી રહ્યું છે, ને માંડતું રહેશે. અવસરે સમાજને દેશને

તથા સમસ્ત સંસારને આધ્યાત્મિક સંસ્કૃતિનો મંગલકર સંદેશ આપવા તે હંમેશાં જાગ્રત રહેશે. અઢારમાં વર્ષના ૧૧ અંકો સુધી 'કલ્યાણે' ક્રા. ૮ પેજી સાઈઝના ૯૮૭ પેજ ૧૨૩ ફર્મા ઉપરાંત શિષ્ટ, સુરૂચિપૂર્ણ વૈવિધ્યસભર (જાહેરાતના લગભગ ૧૫ ફર્મા બાદ કરતાં) મનનીય વાંચન આપ્યું છે ને આ અંકના ફર્મા જુદા; આ રીતે વર્ષ દરમ્યાન કેવલ રૂા ૫-૫૦ના લવાજમમાં આવું સાહિત્ય 'કલ્યાણ' જ આપી શકે.

માટે જ સર્વ કોઇ શુભેચ્છકોને ફરી ફરીને એ જ એક કહેવાનું રહે છે કે, 'કલ્યાણ'ના પ્રચાર માટે આપ સર્વ કોઇ આત્મીયભાવે અમને સહકાર આપતા રહેશો. ને 'કલ્યાણ' વધુ ને વધુ વિકાસ પામે તે માટે સહૃદયભાવે અમને પ્રેરણા આપતા રહેશો. 'કલ્યાણ' આપનું છે ને આપ કલ્યાણના છો. શાસનદેવ પ્રત્યે સહૃદયભાવે અમારી પ્રાર્થના છે કે, અમને 'કલ્યાણ'ની પ્રગતિમાં સહાયક બનજો! શ્રી સંઘનું કલ્યાણ હો! સર્વકોઇનું શ્રેય હો!

શિવમસ્તુ સર્વ જગતઃ!!

તા. ૯-૩-૬૨ — આપનો શુભેચ્છક
માહ શુદિ પંચમી — **કીરચંદ જે. શેઠ**
સંપાદક 'કલ્યાણ'

---

# શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાનું

## -: જાહેર થયેલું છ પરીક્ષાઓનું પરિણામ :-

૧૯૬૧ની પરીક્ષાઓમાં ૯૭ કેન્દ્રોમાંથી ૩૧૮૦ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો. જેનું ટકાવારી પરિણામ, પ્રબોધીનીમાં ૮૫ ટકા, પ્રાથમિકમાં ૭૬ ટકા, પ્રારંભિક ૬૯, પ્રવેશમાં ૭૩ ટકા, પરિચયમા ૫૬ ટકા અને પ્રદીપમાં ૪૫ ટકા આવ્યું હતુ. દરેક પરીક્ષામાં સર્વ પ્રથમ નંબરે આવનાર નીચેના પરીક્ષાર્થીઓના નામ જાહેર કરી સંસ્થા ગૌરવ અનુભવે છે. ને તેઓને અભિનંદન પાઠવે છે.

### -: સર્વ પ્રથમ ઉત્તીર્ણ પરીક્ષાર્થીઓ :-

| | | |
|---|---|---|
| પ્રબોધિની : | જયંતીલાલ રખબીચંદ-તખતગઢ | માર્ક ૪૮-૫૦ |
| પ્રાથમિક : | સ્નેહલત્તાબેન કાંતીલાલ બી. એ-સાણંદ | ,, ૯૨-૧૦૦ |
| પ્રારંભિક : | પ. પૂ. મુ. શ્રી રાજચંદ્રવિજયજી મહારાજ-બલ્લારી | |
| | પૂ. સા. શ્રી આત્માનંદશ્રીજી મહારાજ-બિલીમોરા | |
| | રતિલાલ બાબારામ શાહ-પૂનાસિટી | ,, ૧૩૨-૧૫૦ |
| પ્રવેશ : | અશ્વિનચંદ્ર વાડીલાલ-નખત્રાણા | ,, ૧૯૫-૨૫૦ |
| પરિચય : | ઉષાબેન રસિકલાલ-લોનાવલા | ,, ૩૦૬-૩૫૦ |
| | પૂ. સા. શ્રી વિચક્ષણાશ્રી મહારાજ-તખતગઢ | ,, ૨૦૪-૩૫૦ |
| પ્રદીપ : | પૂ. સા. શ્રી કનકપ્રભાશ્રીજી મહારાજ-સુરત | ,, ૩૦૭-૪૫૦ |
| | વસંતબેન ભગવાનજી-જામનગર | ,, ૨૯૦-૪૫૦ |

(સ્થળ સંકોચના કારણે બીજા પાસ થયેલા નંબરો છાપી શકાયા નથી)

# પરમાત્મપદની પ્રાપ્તિ

શાહ નવીનચંદ્ર મગનલાલ, મુંદ્રા (કચ્છ)

કચ્છ પ્રદેશમાં કલ્યાણનો પ્રચાર કરવામાં વર્ષોથી સારો રસ ધરાવનાર તથા 'કલ્યાણ' પ્રત્યે પૂર્ણ આત્મીયભાવ રાખનાર લેખક મુંદ્રાના આગેવાન નાગરિક છે, મુંદ્રા જૈનસંઘના સેવાભવી કાર્યકર છે, ને મુંદ્રા જૈનતપગચ્છ સંઘના તેઓ પ્રમુખ છે. મુંદ્રાની નગરપાલિકાના તથા સ્ટેન્ડીંગ કમિટિના તેઓ સભ્ય છે, 'કલ્યાણ'ના કચ્છના તેઓ માનદ પ્રચારક છે. આ લેખમાં પરમાત્મપદને પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવે છે.

⊙

આત્મા અને પરમાત્માનો સંબંધ બહુ ગાઢ અને નિકટ છે, પણ આત્માનું ખરૂં સ્વરૂપ અનાદિ કાળના કર્મના આવરણને કારણે આચ્છાદિત થયેલું છે તે આવરણને દૂર કરી, આપણામાં રહેલ આત્માનાં સ્વરૂપને પરમાત્મા રૂપે પ્રગટ કરવું એ જ માનવ જીવનનું એક આખરી ધ્યેય છે, એવું માનનારા અને બીજાઓને મનાવનારા લોકોએ પરમાત્માને અંતરાત્મામાં ખોજવો જોઈએ.

જેઓની પરમાત્માનો વાસ અંતરમાં હોય છે, એવી એ લોકોની ફક્ત માન્યતા હોય છે, તેઓ લક્ષ્મી–કીર્તિ કે કોઇક જાતની સિદ્ધિ–પ્રસિદ્ધિ પૂર્ણ કરવા માટે જ પરમાત્માને ચાહે છે, એવા લોકોમાં પરમાત્માનો વાસ આપણા અંતરમાં છે એવો આત્મવિશ્વાસ નથી હોતો એટલે પરમાત્માથી દૂર ને દૂર ધકેલાતા જાય છે. અને પોતાની જાતને ભૂલીને તેઓ આત્મકલ્યાણકર પુણ્ય પ્રવૃતિઓ વિકસાવવાનો માર્ગ અને પરમાત્માને પામવાનો માર્ગ પોતાના હાથે જ રૂંધી નાખે છે, અને એટલે જ તેઓ શ્રદ્ધાના અભાવે પરમાત્માને અંતરથી બહાર શોધતા હોય છે.

અને એ રીતે તેઓ પોતાની જીવનરૂપી નાવને કોઇ એવી કેડી ઉપર લઇ જાય છે જ્યાંથી તેઓ ન તો પોતાની જીવનરૂપી નાવને ધારેલ સ્થળે પહોંચાડી શકે છે કે, ન તો સલામત રાખી શકે છે. તે અહીંતહીં અથડાઇને ભાંગી જઈ અંતે અજ્ઞાનરૂપી મહાસાગરને તળિયે બેસી જાય છે. અને આના જેવું અજ્ઞાન આ દુનિયામાં બીજું એક પણ નથી કે 'મહેમાન આપણે ઘેર હોય અને આપણે તેને શોધવા બહાર નીકળી પડીએ.' આવી જાતની અજ્ઞાનતા નહિં તો બીજું શું હોઇ શકે?

જેઓ નિડરપણે નિષ્કામભાવે તથા સ્થિર પરિણામે સત્યને અવલંબી પોતાના પવિત્ર અંતઃકરણમાં રત્નત્રયીને પ્રગટાવી કર્મનો વિનાશ કરવા જાગૃત રહે છે, ને ઉત્તમ આરાધના કરવા દ્વારા તે આત્માઓ અનેક કષ્ટજન્ય ઉપાધિઓ નષ્ટ કરી પરમ સિદ્ધિ, પરમ સુખ, પરમ કલ્યાણ મેળવી અંતે અજ્ઞાનરૂપી ગાઢ અંધકારને ઉલેચી જ્ઞાનના અનંત પ્રકાશની 'આત્મજ્યોતિ' પ્રગટાવી પરમાત્મા સ્વરૂપ બની જાય છે.

# આત્માનું વીર્ય તથા ઉપયોગ

અધ્યાપક : શ્રી ખુબચંદ કેશવલાલ, શિરોહી (રાજસ્થાન)

જૈનદર્શનમાં આત્મબળ, સામર્થ્ય કે પરાક્રમના નામથી ઓળખાતા આત્મવીર્ય વિષે તથા આત્માના ઉપયોગ વિષે જે સૂક્ષ્મ તથા તાત્ત્વિક છતાં રસપ્રદ વિચારણા છે તે જગતના કોઈ ધર્મદર્શનોમાં નથી કરાઈ. 'જૈન-દર્શનનો કર્મવાદ' નામની ચાલુ લેખમાળાના અનુસંધાનમાં આત્માનાં વીર્ય તથા આત્માના ઉપયોગ અંગેની ઉપયોગી તાત્વિક તથા રસપ્રદ વિચારણા લેખક પોતાની સરલ શૈલીમાં અહિં સર્વ કોઈ સમજી શકે તેવી રીતે રજૂ કરે છે.

⊙

આ સંસારમાં રહેલ અનંત પુદ્ગલ પદાર્થોના પુદ્ગલપિંડોમાં રહેલ પરમાણુઓની જુદીજુદી સંખ્યાના કારણે ઔદારિક, વૈક્રિય, આહારકાદિ વર્ગણાઓ બનેલી હોય છે. તેમાં અમુક સંખ્યા સુધીના પરમાણુઓમાંથી કાર્મણ વર્ગણા બને છે. જીવની સાથે ક્ષીરનીરવત્ સંબંધિત થયેલ તે કાર્મણવર્ગણાને જ શ્રી સર્વજ્ઞદેવોએ કર્મ તરીકે ઓળખાવેલ છે. કાર્મણવર્ગણાની સંજ્ઞાથી ઓળખાયેલ તે પુદ્ગલપિંડોનું અસ્તિત્વ સદાકાળને માટે લોકાકાશમાં સર્વત્ર વ્યાપ્ત હોવાથી ગમે તે કાળે ગમે તે સ્થાનેથી અનંતજ્ઞાનાદિ ગુણોવાળો આત્મા સલેશ્ય વીર્યરૂપ યોગવડે તે કાર્મણવર્ગણાના પુદ્ગલપિંડોને ગ્રહણ કરી ગ્રહણ સમયે જ કર્મસ્વરૂપે બનાવી દે છે. અહીં સલેશ્ય વીર્ય એટલે શું તે વિચારીએ.

વીર્ય અંગે વિચાર કરવાથી વીર્યનો અર્થ યોગ, ઉત્સાહ, બળ, પરાક્રમ, શક્તિ ઇત્યાદિ થાય છે. આ વીર્ય બે પ્રકારનું હોય છે. (૧) લબ્ધિવીર્ય અને (૨) કરણવીર્ય.

આત્મામાં શક્તિરૂપે રહેલું વીર્ય તે લબ્ધિવીર્ય અને વીર્યની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત મન-વચન અને કાયારૂપ સાધન તે કરણવીર્ય છે.

કરણવીર્યમાં આત્મિકવીર્યના વાહનરૂપથી વીર્યશબ્દનો ઉપચાર છે. આત્મજ્ઞાનરહિત જીવને વીર્યગુણની પ્રાથમિક સમજ કરણવીર્ય દ્વારા જ આપી શકાય છે. કારણ કે લબ્ધિવીર્ય પ્રગટ હોવામાં કરણવીર્ય સંબંધ ધરાવે છે માટે તે ઉપચાર યોગ્ય છે. પરંતુ તે ઉપચરિત અર્થ છે. વાસ્તવિક નથી. વાસ્તવિકરૂપથી તો વીર્ય એ શરીરની નહિ પરંતુ આત્માની વસ્તુ છે. વીર્ય એ શરીરનો ગુણ નથી, પરંતુ શરીરનું સર્વ પ્રકારનું સંચાલન કરવાવાળો જે આત્મા શરીરમાં રહેલો હોય છે, તેનો ગુણ છે. વીર્યના સત્ય સ્વરૂપથી અજ્ઞાત લોકો, શરીરની તાકાતને-બળનેજ વીર્યસ્વરૂપમાં સમજે છે. પરન્તુ શરીરની અંદર રહેલું વીર્ય તો પુદ્ગલમાંથી બનેલું હોવાથી તેતો પૌદ્ગલિક વીર્ય કહેવાય છે.

જગતના નાનામોટા સર્વપ્રાણીઓની મન-વચન તથા શરીરની સ્થૂલ યા સૂક્ષ્મ પ્રવૃત્તિમાં આત્માનું વીર્ય જ કામ આપે છે. મન-વચન અને કાયા તો જડ હોવાથી આત્માના વીર્ય વિના કોઇપણ પ્રકારની ક્રિયા કરી શકતાં નથી. કેટલાંક પ્રાણીઓમાં શારીરિકબળ ઉત્કૃષ્ટ હોવા છતાં પણ માનસિક બળ હોતું નથી. અને કેટલાંક પ્રાણીઓમાં શારીરિકબળ ઓછું હોવા છતાં પણ માનસિક શૌર્ય વિશેષપણે દેખવામાં આવે છે. તેનું કારણ એ છે કે શારીરિક બળનો આધાર આત્મિક બળના વિકાસ પર જ હોય છે. કેટલાંકે દુબળા પ્રાણી જે નિર્બળ દેખાય છે તે કયારેક કયારેક અસાધ્ય પુરુષાર્થ કરી નાખે છે. તથા મોટા શરીરવાળા લોકો એક સાધારણ કાર્યમાં પણ અસફળ થાય છે, એ આત્મિકબળના આધારનો પ્રત્યક્ષ પુરાવો છે. શારીરિકબળની પ્રચુરતાવાળા

કેટલાક મનુષ્યો ડરપોક અને મૂઢ પણ હોય છે. કેમકે તેમની પાસે આત્મવીર્યને પ્રકટ કરવાનું બળ હોતું નથી. તેથી સમજવું જોઇએ કે શારીરિકબળની પરોક્ષમાં આત્મિક બળ–વીર્ય જ કામ કરે છે. આત્મા જ્યારે શરીરનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે ત્યારે મજબુત શરીર પણ કાષ્ટની માફક થઇ પડયું રહે છે. એટલે સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે આત્મિક બળ–વીર્યના અભાવમાં શારીરિકબળ વ્યર્થ છે.

શરીરગત પૌદ્‌ગલિક વીર્ય એ બાહ્યવીર્ય છે. બાહ્યવીર્ય એ આત્મિક વીર્યના અનેક બાહ્ય સાધનોમાંનું એક બાહ્યસાધન છે. અર્થાત્ આત્મિકવીર્ય પ્રગટ હોવામાં બાહ્યવીર્ય પણ સંબંધ ધરાવે છે. કેવળજ્ઞાની ભગવંતની જ્ઞાનશક્તિથી પણ બે ભાગ થઇ ન શકે એવા અવિભાજ્ય વીર્યનો એક ભાગ તે "અવિભાગ વીર્ય" કહેવાય છે. એવા અનંત "વીર્ય અવિભાગ" પ્રત્યેક આત્મામાં હોય છે. કેવલી ભગવાન તથા સિદ્ધ પરમાત્મામાં તો વીર્યાંતરાય કર્મના ક્ષયથી એક સરખું અનંતલબ્ધિવીર્ય પ્રગટ થયેલું હોવાથી આત્માના તમામ વીર્યાંશ વિભાગ ખુલ્લો હોય છે. અર્થાત્ તેમનું વીર્ય "ક્ષાયિકવીર્ય" કહેવાય છે. ક્ષાયિકવીર્યમાં સમગ્ર જગતને પલટાવી નાખવાની શક્તિ હોય છે પરંતુ એ રીતે પલટાવવાની પ્રવૃત્તિ કોઇ કાળે સંભવ નથી. કારણ કે તેવી રીતના પ્રગટવીર્યવાળા આત્માને એવું કરવાનું કોઇ પ્રયોજન હોતું નથી. વીર્યના વિષયમાં આવી સ્પષ્ટ હકિકત જૈનદર્શન સિવાય જગતના કોઈ સાહિત્યમાં સમજાવવામાં આવેલ નથી.

આત્મિક વીર્યની અપૂર્ણતા, અલ્પતા યા બાહુલ્યતા તો પોતપોતાના વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમને જ આધારે છે. કોઇપણ જીવના તમામ વીર્યાંશ કયારેક પણ ઢંકાતા નથી. કેમકે જો સંપૂર્ણ વીર્યાંશ ઢંકાઇ જાય તો શરીરને યોગ્ય પુદ્‌ગલગ્રહણ અને પરિણમન તથા ભાષા, શ્વાસોચ્છ્વાસ, અને મનોવર્ગણાના પુદ્‌ગલોનું ગ્રહણ–પરિણમન તથા આલંબન જીવ કરી શકતો નથી. અને તે વિના જીવ જીવરૂપે પણ રહી શકતો નથી.

કહ્યું છે કે :—

**जोगेहिं तयणुरूवं, परिणमइ गिण्हइ ऊणपंचतणू**
**पाउग्गे वा ऽऽ लंबइ, भीसाऽऽणु–मणत्तणे खंधे ॥**
**—कर्मप्रकृत्ति**

**અર્થ**–મન-વચન અને કાયાના યોગથી (પોતપોતાના) વીર્ય યોગના ક્ષયોપશમાનુસારે પાંચશરીરને યોગ્ય પુદ્‌ગલ ગ્રહણ કરી પરિણમાવીને જીવ પોતાની સાથે સંબંધિત કરે છે. અને ભાષા-શ્વાસોચ્છ્વાસ અને મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી તે તે રૂપે પરિણમાવી તેને છોડવામાં હેતુભૂત સામર્થ્યને ઉત્પન્ન કરવા માટે તે ઉશ્વાસાદિ પુદ્‌ગલોનેજ અવલંબે છે. પણ છપર ચડાવેલું બાણ આગળ ફેંકવાને માટે જેમ પ્રથમ પાછળ ખેંચવું પડે છે, અને એ પશ્ચાદાકર્ષણરૂપ પ્રયત્નથી જ બાણમાં જે અગ્રગમન રૂપ શક્તિ પેદા થાય છે. તેવી જ રીતે ઉશ્વાસાદિ વિસર્જનમાં સમજવું.

શરીર પુદ્‌ગલો તો આત્મા વિસર્જન કરતો નથી પણ સંબંધિત કરીને રાખે છે, અને ઉશ્વાસાદિમાં તો ગ્રહણ-પરિણમન-આલંબન અને વિસર્જન એ ચાર ક્રિયા પ્રવર્તે છે. આ ગ્રહણ–પરિણામ અને આલંબનમાં મુખ્ય પ્રવર્તક તો આત્મવીર્યરૂપ લબ્ધિવીર્ય જ છે, અને કરણવીર્ય તેનું સાધન છે. મન–વચન અને કાયાનો પુદ્‌ગલોદ્વારા પ્રવર્ત્તતું જે આત્મવીર્ય તે યોગ કહેવાય છે. આ મન–વચન અને કાયાના પુદ્‌ગલો સહકારી કારણ હોવાથી કાર્યનો આરોપ કરીને તેને પણ શાસ્ત્રમાં યોગ તરીકે વ્યવહાર કર્યો છે. એટલે જ મન–વચન અને કાયારૂપ સહકારી કારણ દ્વારા ઉત્પન્ન થતા સલેશ્ય વીર્યની યોગ સંજ્ઞા છે. આ યોગસંજ્ઞક વીર્યવડે જ ગ્રહણ યોગ્ય પુદ્‌ગલ વર્ગણાઓમાંથી આત્મા ગ્રહણ–પરિણમન–અવલંબન અને વિસર્જન યથા યોગ્ય કરે છે.

લેશ્યાવાળા જીવોનું વીર્ય તે સલેશ્ય વીર્ય છે અને લેશ્યાવિનાના જીવોનું વીર્ય તે અલેશ્યવીર્ય છે. લેશ્યાસહિત વીર્યવાળા જીવો સયોગિ કહેવાય છે અને લેશ્યારહિત વીર્યવાળા જીવો અયોગિ કહેવાય છે. લેશ્યાવાળા જીવોના લબ્ધિ (આત્મ) વીર્યનું પ્રવર્ત્તન મન-વચન અને કાયા દ્વારા થતું હોઈ તે જીવો સયોગિ

કહેવાય છે અને લેશ્યારહિત વીર્યવાળા જીવો અયોગિ કહેવાય છે. કારણ કે તેમના વીર્યમાં મન-વચન અને કાયારૂપ સાધનનો ઉપયોગ હોતો નથી. અલેશ્ય વીર્ય તે અયોગિ કેવલી ગુણસ્થાનક વાળાઓને તથા સિધ્ધોને હોય છે. અલેશ્ય વીર્યદ્વારા પુદ્દગલોનું ગ્રહણ પરિણમન વગેરે નહીં હોવાથી અયોગિ ગુણસ્થાનક-વાળા જીવો કે સિદ્ધના જીવો પુદ્દગલોને બિલ્કુલ ગ્રહણ કરતા જ નથી.

અલેશ્યવીર્ય તે વીર્યાંતરાય કર્મના સંપૂર્ણ ક્ષય-વાળું જ હોય છે. અને સલેશ્યવીર્ય તો વીર્યાંતરાય કર્મના સંપૂર્ણ ક્ષયવાળું પણ હોય છે અને દેશ ક્ષયવાળું પણ હોય છે. તે અનુક્રમે ક્ષાયિક અને ક્ષાયોપશમિક વીર્ય કહેવાય છે. સલેશ્યક્ષાયિક વીર્ય તે સયોગિ કેવળીને હોય છે, તથા સલેશ્ય ક્ષાયોપશમિક વીર્ય તે છદ્મસ્થ (અસર્વજ્ઞ)ને હોય છે. આ સલેશ્ય ક્ષાયિક વીર્ય તે અકષાયીજ હોય છે. અને સલેશ્ય ક્ષાયોપશમિક વીર્ય તે સકષાયી અને અકષાયી એમ બન્ને પ્રકારનું હોય છે. તેમાં સલેશ્ય અકષાયી ક્ષાયોપ-શમિક વીર્ય ઉપશાન્ત મોહ અને ક્ષીણમોહ ગુણ-સ્થાનક વાળાઓને હોય છે, અને સકષાયી ક્ષાયોપ શમિકવીર્ય સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધીના જીવોને હોય છે.

વળી કૈવલિકવીર્ય અને છાદ્મસ્થિકવીર્ય એ બે પ્રકારનું વીર્ય ગણી કૈવલિક વીર્યના અલેશ્ય અને સલેશ્ય એમ બે ભેદ પાડી શકાય છે. તે બન્ને ભેદ અકષાયીજ હોય છે. છાદ્મસ્થિક વીર્ય તો સલેશ્ય જ હોય છે અને તેના કષાયી અને અકષાયીરૂપ બે ભેદ હોય છે.

લેશ્યાયુક્ત છદ્મસ્થ જીવોના વીર્યાંશ વિભાગ, વીર્યાંતરાય કર્મના સંબંધથી તમામ તો ખુલ્લા હોતા જ નથી. અર્થાત્ ન્યૂનાધિક અંશમાં ખુલ્લા હોય છે. ~~અને બીજા~~, વીર્યાંતરાય કર્મથી ઢંકાએલા હોય છે. કયા જીવમાં કેટલા પ્રમાણમાં આત્મિકવીર્ય ખુલ્લું હોય છે તેની અલ્પતા અને અધિકતાનું વર્ણન જૈનશાસ્ત્રમાં અતિ સુંદર રીતે બતાવ્યુ છે.

(૨)

સલેશ્ય ક્ષાયોપશમિક અને સલેશ્યક્ષાયિક એમ બન્ને પ્રકારના વીર્યમાં દરેકના અભિસંધિજ અને અનભિસંધિજ એમ બબ્બે પ્રકાર હોય છે. કર્મના સંયોગથી આત્મ પ્રદેશમાં ઉકળતા પાણીની માફક સતત કમ્પન ચાલુ હોય છે, અને તેની અસર શારીરિક માનસિક અને વાચિક અનેક બાહ્ય પ્રવૃત્તિઓથી વ્યક્ત થાય છે. શરીરમાં અનેક ધાતુઓ, ઉપધાતુઓ બને છે, પારસ્પરિક સંક્રમણ થાય છે, અનાવશ્યક પદાર્થ શરીરમાંથી વિસર્જિત થાય છે, નિંદ્રાવસ્થામાં પણ તે પ્રવૃત્તિઓ ચાલુ જ હોય છે. આ પ્રકારે થવાવાળી સર્વ પ્રવ્રત્તિયોમાં પ્રવૃત્તવીર્યને "અનભિસંધિજ વીર્ય" કહેવાય છે. આપણે હાલીયે -ચાલીયે છીએ તે સમયે અગર તો હાથવડે કંઇક ઉંચકવા ટાઇમે વિશેષબળની જે આવશ્યકતા રહે છે એવી ઐચ્છિક પ્રવૃત્તિયોમાં પ્રવૃત્તવીર્યને "અભિ-સંધિજ" વીર્ય કહેવાય છે.

આ બન્ને પ્રકારે થતા વીર્ય પ્રવર્તનથી આત્મામાં સતતરૂપે કર્મોનો પ્રવેશ થતો જ રહે છે અને કર્મ-બંધન થાય છે, પ્રત્યેક આત્મામાં અસંખ્ય આત્મપ્રદેશો છે. અને પ્રત્યેક આત્મપ્રદેશમાં અસંખ્ય અસંખ્ય વીર્યાંશ છે.

સલેશ્ય આત્માના વીર્યમાંથી જેટલું વીર્ય કર્મવડે અવરાએલું છે તેટલા વીર્યને "આવૃતવીર્ય" કહેવાય છે, વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ અથવા ક્ષયથી પ્રગટ થયેલું વીર્ય, તે લબ્ધિવીર્ય કહેવાય છે, અને લબ્ધિવીર્યમાંથી જેટલું વીર્ય મન-વચન અને કાયયોગ-દ્વારા પ્રવર્તે છે તેને પરિસ્પન્દ વીર્ય કહેવાય છે.

ઉકળતા પાણીના ચરૂમાં જેમ પાણી ઉકળતું જ રહે છે તેવી રીતે આત્મપ્રદેશમાં પણ કર્મના સંબંધથી મન વગેરેની પ્રવૃત્તિઓ ચાલુ હોવાથી સ્ફુરણા થતી જ રહે છે, જેથી સયોગી આત્માનું લબ્ધિવીર્ય સ્થિર નહીં રહેતાં પ્રકંપિત બને છે.

આત્મવીર્યની પ્રકંપિત અવસ્થામાં બળ-શક્તિ અને મન વગેરેની પ્રવૃત્તિ અનુસાર ન્યુનાધિક પ્રમા-ણમાં કાર્મણવર્ગણાના પુદ્દગલ સમૂહ-સ્કંધોને આત્મા-ગ્રહણ કરે છે. કાર્મણવર્ગણાના પુદ્દગલસમૂહતો

લોકાકાશમાં સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ જે આકાશ પ્રદેશોને વિષે જીવ અવગાહી રહ્યો હોય છે, તે પ્રદેશે જ અવગાહી રહેલ કર્મસ્કંધના દલિકોને જીવનગ્રહણ કરે છે. પરંતુ અનંતર કે પરંપર પ્રદેશાવગાઢ દલિકોનું ગ્રહણ કરતો નથી. વળી તે પુદ્દગલ ગ્રહણમાં જીવના પોતાના સર્વજીવ પ્રદેશોનો પ્રયત્ન થાય છે. કારણ કે પ્રત્યેક જીવના સર્વ જીવ પ્રદેશોનો પરસ્પર સંબંધ સાંકળના અંકોડાની પેઠે હોવાથી જેમ કોઇક વસ્તુ ગ્રહણ કરવા માટે અંગુલી પ્રવર્તે એટલે કરતલ–મણિબંધ–ભુજા–ખભો એ સર્વ અનંતર પરંપરાએ બળ કરે છે તેવી રીતે પુદ્દગલગ્રહણમાં જીવનના સર્વજીવ પ્રદેશો અંગે સમજવું. અહિં સાંકળની કડીઓનું દૃષ્ટાંત પરસ્પર ભિન્ન નહિં પડવારૂપ સંબંધની અપેક્ષાએ છે.

જીવના સર્વ પ્રદેશો વડે ગ્રહણ કરાતા તે પુદ્દગલસ્કંધ સમૂહોમાં અનંત વર્ગણાઓ તથા પ્રત્યેક વર્ગણામાં અનંત પરમાણુઓ હોય છે. યોગસ્થાનકો તે આત્માને નવાંનવાં કર્મોનું બંધન કરાવતાં હોવાથી પ્રતિસમયે અનેક પુદ્દગલસમૂહ સતતરૂપથી આત્મામાં આવ્યા જ કરે છે. એ રીતે વિભાવ દશામાં (કર્મથી સંબંધિત દશામાં) આત્માના વીર્યની વિપરીત પ્રવૃત્તિવડે આત્મા, અસંખ્ય પુદ્દગલોથી ઢંકાઇ જાય છે.

પ્રકંપિત વીર્યદ્વારા આત્મામાં નવાંનવાં કર્મોનો બંધ થતો જ રહે છે, પરંતુ તે સમયે કર્મનું શુભાશુભરૂપથી ઉત્પન્ન થતું પરિણમન તો તે સમયે વર્તતા જીવના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગના આધારે જ છે. કેમકે ઉપયોગ વિના વીર્ય સ્ફુરિત થઇ શકતું નથી. માટે કર્મનું શુભાશુભાપણું ઉપયોગના અનુસારે જ થાય છે. જ્ઞાનોપયોગ તે સાકાર અને સવિકલ્પ છે, અને દર્શનોપયોગ નિરાકાર અને નિર્વિકલ્પ છે. એ બંન્ને ઉપયોગ સ્વભાવ તથા વિભાવરૂપમાં પણ હોય છે,


મન અને ઇન્દ્રિયોદ્વારા જ્યારે જ્ઞાનોપયોગની પ્રવૃત્તિ હોય છે ત્યારે વિશેષોપયોગ હોય છે, અને તેમાં પણ જ્યારે શુભકાર્યમાં પ્રવૃત્તિ હોય છે ત્યારે શુભ ઉપયોગ કહેવાય છે. અશુભ તથા અશુદ્ધભાવથી મન વગેરેની પ્રવૃત્તિ હોય છે ત્યારે અશુભ યા અશુદ્ધ ઉપયોગ કહેવાય છે. દર્શનોપયોગ પણ જ્ઞાનોપયોગની માફક શુભ–અશુભ અને અશુદ્ધ હોય છે. ધર્મધ્યાનાદિ શુભમાં પ્રવૃત્તિ તે શુભ ઉપયોગ છે, વિષય વાસનાદિ ઇન્દ્રિયોના વિષયોમાં થતી પ્રવૃત્તિ તે અશુભ ઉપયોગ છે, અને રૌદ્રધ્યાન, તીવ્ર ક્રોધાદિ વિચાર અને વર્તન ઇત્યાદિમાં અશુદ્ધ ઉપયોગ છે. તેમાં દર્શનોપયોગ સામાન્ય છે અને જ્ઞાનોપયોગ વિશેષ છે તે બન્નેનું યથાયોગ વર્ગીકરણ કરી લેવું. શુભ પ્રવૃત્તિથી દેવ અને મનુષ્યની ગતિ, તથા અશુભ પ્રવૃત્તિથી તિર્યંચની ગતિ અને અશુદ્ધ જ્ઞાન દર્શનોપયોગથી નરકગતિને યોગ્ય કર્મ બંધાય છે. શુભ–અશુભ અને અશુદ્ધ ઉપયોગ ઉપરાંત ચોથો શુદ્ધ ઉપયોગ પણ છે.

સહજ સ્વરૂપથી નિર્વિકલ્પ સ્વરૂપમાં પરિણમિત રહેવાની સ્થિતિ તે શુદ્ધ ઉપયોગની પ્રવૃત્તિમાં કર્મનિર્જરા અને મોક્ષ પ્રાપ્તિ થાય છે. કેવા ભાવથી ઉપયોગને પરિણમિત કરવો અગર ન કરવો તેની જાગૃતિની ક્ષણે ક્ષણે જીવને અતિ અગત્ય છે. શુદ્ધ ઉપયોગ જે નિરાકાર અને નિર્વિકલ્પ સ્વરૂપ છે તેમાં શાંતિ–આનંદ અને કર્મક્ષય કરવાનું સામર્થ્ય છે. તે સિવાય શુભ–અશુભ અને અશુધ્ધ ઉપયોગમાં (જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં) દુઃખની ઉત્પત્તિ થાય છે. જેમ જેમ જીવ શુધ્ધ ઉપયોગમાં પરિણમવાનો પ્રયત્ન કરે છે તેમ તેમ આત્માનો વિકાસ વૃદ્ધિ પામે છે. અને જેમ જેમ શુભ-અશુભ અને અશુધ્ધ ઉપયોગમાં લીન થતો જાય છે તેમ તેમ આત્માનો વિકાસ રોકાઈ જાય છે.

શુદ્ધ ઉપયોગમાં સ્થિરતા રહી ન શકે તો પણ શુદ્ધ ઉપયોગનું લક્ષ્ય રાખીને શુભ ઉપયોગમાં પરિણિત રહેવાથી શુદ્ધ ઉપયોગમાં જવાની સરલતા થાય એવાં સાધન જીવને પ્રાપ્ત થાય છે. એ અપેક્ષાએ શુભ ઉપયોગ ઠીક છે. પરંતુ શુદ્ધ ઉપયોગના લક્ષ્યવિના વિશ્વની માયાના લક્ષ્યથી કરાતો શુભ ઉપયોગ ભાવિ દુઃખનું કારણભૂત થાય છે. શુભ–અશુભ અને

અશુદ્ધ ઉપયોગ વૈભાવિક છે. તે ત્રણ ઉપયોગમાં રાગ-દ્વેષની પરાધીનતા હોવાથી પરભાવ રમણ છે. એવા વૈભાવિક જ્ઞાન-દર્શન અને રમણતામાં સહાયક વીર્ય પણ વૈભાવિક છે. એ પ્રકારે વૈભાવિકરૂપથી પ્રવર્ત્ત હોવાવાળી આત્માગુણોવાળી આત્મદશા પણ વૈભાવિક છે. જ્યારે આત્મા શુદ્ધ ઉપયોગમાં લીન થાય છે ત્યારે જ્ઞાન અને દર્શન, રાગદ્વેષની પરાધીનતા રહિત હોવાથી ચારિત્રરૂપ સ્વભાવ દશામાં આત્માનું રમણ થાય છે. તે સમયનું સહાયક વીર્ય, તે સ્વભાવિક વીર્ય કહેવાય છે. એ રીતની સ્વભાવિક રૂપથી પ્રવૃત્ત આત્મગુણોવાળી આત્મદશા પણ સ્વભાવિક કહેવાય છે તે સમયે પ્રવૃત્ત હોવાવાળું વીર્ય ઉત્કૃષ્ટ વીર્ય કહેવાય છે. ઉત્કૃષ્ટ વીર્ય પર યોગનો કોઇ પ્રભાવ પડી શકતો નથી, જેમ જેમ કર્મોની સંખ્યા ઓછી થતી જાય છે તેમ તેમ વીર્યમાં સ્થિરતા આવતી જાય છે. અર્થાત્ ઉચ્ચ ગુણ સ્થાનકની પ્રાપ્તિથી ત્રણેયોગની પ્રવૃત્તિયોમાં મંદતાના પ્રમાણમાં આત્મવીર્ય અનવૃત બની વિકસિત થતું જાય છે. તથા મન-વચન અને કાયાના યોગોની સ્થિરતા વૃદ્ધિ પામવાથી આત્મશક્તિની ચંચળતા પણ ઓછી બની જઇ સ્થિર થતી જાય છે. આગળના ગુણસ્થાનકોમાં જેમ જેમ યોગની સ્થિરતા થતી જાય છે તેમ તેમ આત્મશક્તિ વૃદ્ધિ પામે છે. જેમ જેમ આત્મશક્તિ વૃદ્ધિ પામે છે તેમ તેમ મન-વચન અને કાયયોગોનો પુદ્ગલ પ્રભાવ આત્મા ઉપરથી ઓછો થતો જાય છે અને ધીમે ધીમે આત્મામાં પુદ્ગલ લેવાનું બંધ થતું જાય છે. છેવટે પુદ્ગલ અને આત્મા બન્ને સ્વતંત્ર થઇ જાય છે. અર્થાત્ બન્ને એકબીજાથી પૂરેપૂરા અલગ થઇ જાય છે. ત્યાર બાદ એકબીજા પર કોઈ પ્રભાવ રહેતો નથી. એ રીતે રત્નત્રયીની સંપૂર્ણ પ્રાપ્તિથી અને વીર્યાંતરાય કર્મનો સર્વથા ક્ષય થઈ જવાથી મેરૂપર્વત તથા સમગ્ર વિશ્વને પણ પલટાવી શકે એવું અક્ષય આત્મવીર્ય ક્ષાયિક ભાવથી પ્રગટ થાય છે. એવા વીર્ય દ્વારા આત્મા શૈલેશી એટલે મેરૂપર્વત જેવો સ્થિર અને દૃઢ થઈ જાય છે. અને યોગરહિત થવાથી સ્થિર વીર્યવંત બને છે.

કાર્યક્ષેત્ર
**વર્ધમાન બોડેલી આશ્રમ, બોડેલી**
(વાયા વડોદરા)



## પરમાર ક્ષત્રીય જૈનધર્મ પ્રચારક સભા

**૪૫૭, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, બીજે માળે, મુંબઈ-૪**

**બોડેલી તીર્થની યાત્રાએ જરૂર પધારો, ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.**

બોડેલી તથા તેની આસપાસ પરમાર ક્ષત્રીયો આશરે ૮૦૦૦ માણસો જૈનધર્મ, અહિંસા ધર્મ પાળે છે. બીજા હજારો આકર્ષાયા છે, જે ધીમે ધીમે જેમ જેમ જ્ઞાન અને દર્શનનાં સાધનો અપાય છે, તેમ તેમ જોડાય છે. આ પ્રચાર પાઠશાળાઓ દ્વારા થાય છે. આસપાસનાં ગામોમાં ૯ પાઠશાળાઓ ચલાવાય છે, બીજી ૨૦ પાઠશાળાઓની જરૂર છે.

બોડેલીમાં વર્ધમાન બોડેલી આશ્રમ છે. તેમાં વિદ્યાર્થીઓને ખાવાપીવા ભણવાની વ્યવસ્થા છે. આ ક્ષેત્રના જિનાલયને, પાઠશાળા-આશ્રમને, આંબીલશાળા, ધર્મશાળા, ભોજનશાળા અને સાધારણ ખાતાને જેટલી બને તેટલી વધુ મદદ આપી ધર્મપ્રચાર તથા ધર્મપ્રભાવનાના કાર્યને મદદ કરો.

**બોડેલી જિનાલય**
મૂળનાયક શાસનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન
જેનું કામ અધૂરું છે. મદદની જરૂર છે.
મદદ મોકલવાનું ઠેકાણું :
**શેઠ વાડીલાલ રાઘવજી**
૬૧, તાંબાકાંટા **મુંબઈ-૩**

**બોડેલી સ્ટેશન**
મિંયાગામથી વિશ્વામિત્રીથી વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી ટ્રેઇનો જાય છે.
વડોદરાથીએ વખત એસ. ટી.ની બસો જાય છે.

લિ૦
**જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ**
**ઇશ્વરલાલ કસ્તુરચંદ સાળવી**
માનદ-મંત્રીઓ

# સોઽહં અને સમર્પણ

કુમારી કસ્તૂરી યોગેશ

જીવનને દિવ્યતાના માર્ગે પ્રેરણા કરનારી આ પત્રધારામાં આત્માને પરમાત્મપદ પ્રત્યે પ્રયાણ કરવા માટે પ્રેરક વિચારણા રજૂ થઈ છે. સોઽહં તથા સમર્પણ આ બે સાધનાની ભૂમિકા વિષે પોતાની સખી મંજુને ઉદ્દેશીને લેખિકા બહેને જે પત્રો લખેલ છે, તે પત્રો મનનીય તથા સાધના માર્ગમાં અનેક રીતે ઉપકારક છે. 'કલ્યાણ'માં આ રીતે આધ્યાત્મિક સાધકોને તેમના સાધના પથનું મંગલ પાથેયરૂપ સાહિત્ય રજૂ થતું રહેશે! સર્વ કોઇ આને વાંચે!

⊙

**પ્રિય સખી,**

મારા સ્નેહવંદન સ્વીકારજે. આજના આ મંગલ દિને હું તને આત્મસાધનાની બે વિશેષ પ્રણાલીઓ–A couple of peculiar processes–વિષે લખવાની છું. પણ, મહાશયા, કેમ કે હું તારાથી ડરું છું, તને એક ખાસ સૂચન ના, ના, વિનંતિ—doubtlessly a request to your esteemed self!—કરવા માગું છું. તું મારા પત્રો અધીરાઇથી વાંચી, પૂરું સમજ્યા વિના જ, ગમે તેવા પ્રશ્નોનો ધોધ વરસાવી નાખે છે. જો, આ વખતે શાંતિથી વાંચજે, વિચારજે—ગરબડ ન કરવાની મારા પર કૃપા કરશે?

મહાન જર્મન યોગી–Mystic થોમસ કેમ્પિસે આજથી ૫૦૦ વર્ષ પહેલા પોતાના અમર શબ્દો ઉચ્ચારેલા. "Turn thee thy whole heart unto the Lord...and thy soul shall find rest—તારાં સમસ્ત હૃદયને ઇશ્વર પ્રતિ વાળ....અને તારો આત્મા શાંતિ પ્રાપ્ત કરશે" ૨૦૦૦ વર્ષ પહેલા ક્રાઇસ્ટે કહ્યું: "Kingdom of God is within you—ઇશ્વરી રાજ્ય તારા અંદર છે." મહાન તત્ત્વવેત્તા પ્લેટોએ આજથી ૨૩૦૦ વર્ષ પહેલા જગતને ઉપદેશ આપેલો "Know yourself and you will know the world and the gods—તમારી જાતને ઓળખો અને તમે જગતને તેમ જ દેવોને ઓળખી લેશો." પ્લેટોથી પણ પૂર્વે અતિ પ્રાચીન ગ્રીક મંદિરો પર બે અણુમોલ શબ્દો કોતરેલા હતા: "Know Thyself—તારી જાતને ઓળખ, સ્વને જાણ."

પણ, બહેન, આ બધા પહેલા અને ઘણું જ પહેલા, લાખો વર્ષ પૂર્વે પોતાના અદ્ભુત 'અરિસાભવન'માં ભગવાનના પુત્ર ભરતદેવે પોતાની જાતને પૂછેલું: 'હું કોણ છું?' અનેરા ઐશ્વર્યની વચ્ચે વસતા એ રાજવીના જીવનમાં આવેલો આત્મશોધન (Self-search)નો પ્રસંગ તો તેં સાંભળ્યો જ હશે. પોતાનું સાચું સ્વરૂપ જાણવાની એમને જિજ્ઞાસા થઈ એમની ભ્રમણાઓ દૂર થવા લાગી અને અંતરચક્ષુ ઉઘડવાં લાગ્યાં. એમને જણાવ્યું—'હું આ હાથ-પગ નથી, મારી આંખ અને ઇન્દ્રિઓ પણ "હું" નથી, હું અંતર કે અંતઃકરણ પણ નથી પણ એ બધાથી પર કોઈ વસ્તુ છું...હું કોઇ દૃષ્ટિ-ગોચર કે સ્પર્શિક પદાર્થ પણ નથી—આખર હું છું કોણ? હું શું છું?' 'હું કોણ છું? હું શું છું?' આ પ્રશ્ને ભરત મહારાજાને ધ્યાન-ધારાએ ચડાવી દીધા અને એમને દિવ્ય જ્ઞાન લાધ્યું...એમને ઉત્તર મળી ગયો 'સોહં–હું ઈશ્વર છું' અને તેઓ ખરેખર ઈશ્વર જ બની ગયા, સર્વતંત્ર સ્વતંત્ર બની ગયા.

શાસ્ત્ર કહે છે: 'અનિત્યમાં જે નિત્ય છે, સચેતનમાં જે ચેતન છે અને જે બધાની વાંચ્છાઓ પૂરી કરે છે, એને જ પ્રજ્ઞાવંત પુરુષો પોતાનામાં રહેલો જુએ છે, અને તેઓ જ સનાતન શાંતિ પ્રાપ્ત કરે છે—અન્ય નહિ'...'જ્ઞાનથી તૃપ્ત થયેલા, કૃતાર્થ થયેલા, આસક્તિરહિત, શાંત થયેલા, બુદ્ધિમાન અને જિતેન્દ્રિય એવા મુનિ, સર્વત્ર રહેલા એવા એને સઘળી બાજુએથી પ્રાપ્ત કરી, એમાં ચિત્ત જોડી, એમાં પ્રવેશ પામે છે.'

આથી પોતાની જાત ( Self ) ને ઓળખવું, એમાં સ્થિત થવું અને એમય બની જવું તે આપણું ધ્યેય છે, આપણા જીવનની એ સાર્થકતા છે. આ Self-Discovery સ્વ-પ્રાપ્તિના, મંજુ, બે સાધનો છે: (૧) આપણે આપણી જાતને વારંવાર 'હું કોણ છું? અથવા હું શું છું?' એ ભરત મહારાજાનો પ્રશ્ન પૂછીને પ્રકાશિત કરી શકીએ છીએ. આ પ્રશ્ન પૂછતા આપણા સાચાં સ્વરૂપ વિષેની આપણી ભ્રમણાઓ -Fallacies ધીમે-ધીમે નાશ પામવા માંડે છે અને આપણું સાચું સ્વરૂપ બહાર આવવા લાગે છે. આ પ્રશ્ન જ્યારે આપણા ઊંડાણમાં, ને અતિ ઊંડાણમાં, પ્રવેશ કરે છે ત્યારે આપણને પ્રતીતિ થવા લાગે છે કે: 'શિવોહં....શુદ્ધોહં.. સિદ્ધોહં ...શાશ્વતોહં...અજરોહં...અમરોહં...અચલોહં ...... ....એગોહં...અનંતોહં.........જિનોહં... બુદ્ધોહં.....સોહં.....સોહં.....સોહં..........' આનંદઘનજી જેવા મહાત્મા ત્યારે બોલી ઉઠે છે: 'અહો! અહો! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે' અને ચિદાનંદની જેવા અવધુત યોગી ત્યારે જ ગાતા હશે :

અવધુ વહ યોગી માને,
જો હમ કો સબગત જાને;
બ્રહ્મા વિષ્ણુ મહેસર હમ હી,
હમ કો ઇસર માને. ૧
ચક્રી બલ વાસુદેવ હમ હી,
સબ જગ હમ કો જાને,
હમ સે ન્યારા નહિ કોઇ જગ મેં,
જગ પરિમિત હમ માને. ૨
અજરામર અકલંકતા હમ હી,
શિવવાસી જે માને;
નિધિ ચારિત જ્ઞાનાનંદ ભોગી,
ચિદ્દઘન નામ જે માને, ૩

મંજુ, સાધક જ્યારે આ પ્રશ્ન પોતાને પૂછે છે ત્યારે એનામાં અનેક પ્રકારના તરંગો ને વિચાર-વિકલ્પો ઊભા થાય છે, એ ઘણી વખત મુઝાઇ જાય છે, બાવરો પણ બની જાય-છતાં, જો એ ધૈર્ય અને હિંમત રાખી આગળ વધે છે તો ધીમે-ધીમે એનું ચિત્ત એકાગ્ર One-Pointed બનવા લાગે છે, બાહ્ય પદાર્થો અને વિષયો પ્રત્યેની એની આસક્તિ Attachment ઘટતી જાય છે અને Intro version-અંતરમુખતા વધતી જાય છે. એનામાં સહજજ્ઞાન પ્રગટે છે કે જેના પ્રકાશમાં એને દેખાવા લાગે છે કે એ શરીર-બુધ્ધિ-મનથી કોઈ પર તત્ત્વ છે. He is not Body-Intellect-Mind, but something above and beyond them. એને એ પણ સમજાવા લાગે છે કે એ જગતથી જુદો નથી પણ એક છે, અંદરથી એના અને અન્યો વચ્ચે અભેદતા રહેલી છે. એ દરેકમાં, પ્રત્યેક જીવનમાં પોતાને અને પોતામાં પ્રત્યેકને, જીવ માત્રને, જોતો થાય છે. આપણામાં Unfathomable depth-અગાધ ઊંડાણ રહેલ છે. સાધક જેમ જેમ પોતાના અંતરમાં ઊંડો ઉતરતો જાય છે તેમ તેમ એનો વિશેષને વિશેષ પ્રવેશ Infinite અનંતમાં થતો જાય છે અને એના બંધનોથી એ છૂટવા માંડે છે, એની સીમાઓ તૂટવા લાગે છે, એનો અંધકાર પ્રકાશમાં અને એની અદિવ્યતા દિવ્યતામાં પલટતી જાય છે. એને અનેક પ્રકારના દિવ્ય દર્શનો ( Visions ) પણ થાય છે, આત્મ-પ્રાગટ્ય સાથો સાથ એનામાં કેટલીક યોગિક સિધ્ધિઓ પણ પ્રગટવા લાગે છે-પણ આ દર્શનો અને સિધ્ધિઓ એ સાધનાનું લક્ષ નથી અને એ આવે કે ન આવે એની ચિંતા સાચો સાધક કરતો નથી. એનું લક્ષ આત્મ-સિદ્ધિ છે, સિદ્ધત્વની પ્રાપ્તિ છે, અનંતજ્ઞાન અને અવ્યાબાધ આનંદમાં પરિણમન છે.

પણ આ માર્ગમાં સાધકે જો સફળ થવું હોય તો એક બાબત ખાસ ધ્યાન રાખવાની હોય છે—બહેન, આ એક અતિ મહત્ત્વની બાબત છે અને એના પ્રતિ દુર્લક્ષ કરતાં અનેક સાધકો વચ્ચે જ રહી જાય છે, ભ્રમણામાં રાચતા રહે છે. 'સોહં'—'અહં બ્રહ્માસ્મિ,' 'હું'

ઈશ્વર છું' કે 'હું પરમેશ્વર છું' એવો કોઈ પણ માનસિક વિકલ્પ એ આ સાધનાનું ફળ નથી. અલબત્ત, સાધનામાં આગળ વધતા સાધકને આવા પ્રકારની માનસિક પ્રતીતિ અવશ્ય થાય છે પણ આ સાધનાનું ફળ તો તથા પ્રકારની આંતરિક અથવા આત્મિક સ્થિતિ છે. તેથી 'who Am I ?--હું કોણ છું ?' અથવા 'what Am I ?--હું શું છું' એ પ્રશ્ન કરતી વખતે 'હું શિવ છું' કે 'હું સિદ્ધ છું' એવું કોઈ પણ સૂચન સાધકે પોતાની જાતને આપવાનું નથી કે મનમાં આવો કોઈ પણ વિકલ્પ ખડો કરવાનો નથી--ઉલ્ટું જો આવા કોઇ વિકલ્પ વચ્ચે આવે તો એમની ઉપેક્ષા કરી મૂળ પ્રશ્નમાં જ ચિત્તને જોડવાનું છે. જો સાધક આમ કરવામાં સફળ થાય છે અને ઉપરોક્ત વિકલ્પોની મોહ-જાળમાં પડી જતો નથી તો એના અહંના આવરણો ધીરે-ધીરે સ્વયં જ ખસવા માંડે છે અને એને અર્હંનો ઉચ્ચતર પ્રકાશ મળતો થાય છે. પ્રથમ પોતાના સાચા સ્વરૂપની સાધકને પ્રતીતિ થાય છે, પછી એમાં સ્થિતિ થાય છે અને ત્યાર પછી તદ્રુપતા, આત્મસિદ્ધિ Self-Realisation પ્રાપ્ત થાય છે. આ આત્મ-સિદ્ધિ એટલે અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રમાં પરિણમન, અવ્યાબાધ આનંદની અનુભૂતિ, વિશ્વ-ઐક્યનું સંવેદ ને જ્યોતિર્મય અવસ્થા.

ભરત મહારાજાનો પ્રશ્ન એ જ આ સાધનાનું મુખ્ય સાધન છે અને એ સાધનથી એમના પછી અનેકે શાશ્વતું સુખ પ્રાપ્ત કર્યું છે. આ સાધન સરળ અને સહેલું છે પણ એટલા માત્રથી આ સાધના સહેલી છે એમ તારે માની લેવાનું નથી. એમાં ઉત્કૃષ્ટ સ્થૈર્ય અને ધૈર્યની આવશ્યકતા રહે છે. સંસાર પ્રતિ જેમનામાં સ્વભાવિક જ Dispassion and Detachment-વિરાગ અને વિરક્તતા પ્રગટી હોય છે એવા વિરલ સત્વશાળી આત્માઓને જ આ સાધના અનુકૂળ પડે છે અને તેઓ જ આમાં સફળ બની શકે છે.

પ્રિય મંજુ! સાધના માર્ગમાં બીજું સાધન છે, સમર્પણ. સરિતામાં જેમ સાગર તરફ વહેવાની, સાગર મિલનની સંજ્ઞા રહેલી છે તેમ આપણા આત્મામાં પણ પરમાત્મ મિલનની, પરમાત્મામાં પરિણમવાની Impulsion-સંજ્ઞા મૂળથી જ સ્વભાવિકપણે રહેલી છે. આપણામાં રહેલી આ Innate-સ્વભાવિક સંજ્ઞાનું કારણ આપણા આત્મામાં પ્રછન્ન રૂપે રહેલું પરમાત્મત્વ છે. આ પરમાત્મત્વ પ્રછન્ન રુપે રહેલું હોવા છતાં, મંજુ, એ પ્રગટ થવા સદા તત્પર (Inclined) છે. આપણા આત્મવિકાસનું આ એક મૂળભૂત રહસ્ય છે, જો આપણી ચેતનામાં ગુપ્ત (સત્તા) રુપે પણ દિવ્યતા ન હોત તો આપણે ન તો કદી દિવ્યતા પ્રતિ વળત કે ન એને પ્રાપ્ત કરી શકત. Something cannot come out of nothing–વિના બીજ વૃક્ષ ન થાય; કંઇ નહિમાંથી કોઈ ચીજ કદાપિ બહાર ન આવે. mind you, this is an inexorable law in the universe! you cannot be Divine if you are not already the Divine in deeps of your being.

જો સાધકનું હૃદય, મંજુ, આટલી વાતને એક સાચી રીતે સ્વીકારી લે તો આત્મસિદ્ધિમાં એની સફળતા એ અપેક્ષાએ એક સહેલી બાબત બની જાય. એ જો પોતની જતને એ પરમ ચેતના-પરમાત્મત્વને સુપ્રત-સમર્પિત કરે છે કે જે એને અંદરથી, અને ન કેવળ અંદરથી પરંતુ બહારથી પણ, શુધ્ધ કરવા એને સિધ્ધ બનાવવા સતત યત્નશીલ છે, તો એની સાધના એ પરમાત્માનું કાર્ય બની જાય છે અને એની સિદ્ધિ પરમાત્માના અસીમ બળો પ્રગટાવે છે. સંક્ષેપમાં કહું તો પોતામાં રહેલ અદિવ્યતાને દૂર કરવા સાધકે એની સામે પોતાના અંદર-બહાર રહેલ દિવ્યતાને મૂકી દેવાની છે. જો સાધક આટલું કરે અને શાંત બનતો જાય એટલે કે સામાયિકની અવસ્થામાં આવતો જાય તો બીજું

કાર્ય સ્વયં એ દિવ્યતા Divine Consciousness કરે છે. કોઇ પણ કાર્ય, મંજુ, એ કોઈ સ્વભાવિક, નૈસર્ગિક પ્રક્રિયા Natural Process થી કરીએ તો સુન્દરપણે અને સહજપણે થાય છે. આ વાતને રોગ વિજ્ઞાનના નિષ્ણાતો જાણતા હોવાથી તેઓ દર્દીને આરામ લેવાની ખાસ હિમાયત કરે છે—આર્યાવર્તના આપણા આત્મવેત્તાઓએ આટલા માટે જ સામાયિક, ધ્યાન, કાઉસગ્ગ જેવી ઉચ્ચ ક્રિયાઓ ગોઠવી છે. આવી ક્રિયાઓમાં સાધકનો મુખ્ય ઉદ્દેશ શાંત બનવાનો જ હોય છે. સાધક જેમ જેમ શાંત બનતો જાય છે તેમ તેમ પરમાત્મશકિતના એને શુદ્ધ કરવાના કાર્યમાં આવતી દખલો દૂર થાય અને એનું કાર્ય એટલું જ સહજ, સરળ અને શિઘ્ર બને છે. એ શકિત સાધકમાં એટલી જ વિસ્તરે છે, તીવ્ર બને છે અને ધીમે-ધીમે એની સમગ્રતામાં પ્રસરી જઇ એને સંપૂર્ણ શુદ્ધ બનાવી દે છે. બાકી આપણામાં રહેલી આ તારક સંજ્ઞા (Emancipating Impetus) ને, પરમાત્મત્વને, Divine consciousness–દિવ્ય ચેતનાને અનુરૂપ થવું, આધીન થવું, અર્પિત થવું એ સમર્પણ છે. પણ આપણે આપણામાં રહેલ આ પ્રછન્ન દિવ્યતાને ઓળખી જ શકતા નથી તો પછી એને સમર્પિત શી રીતે થવું એવો પ્રશ્ન તું જરૂર કરવાની! જો, આપણે આમ પ્રત્યક્ષ રૂપે આ કાર્ય નથી કરી શકતા તો બીજી રીતે અવશ્ય કરી શકીએ છીએ—તું કંઈ એમ છૂટી શકવાની નથી! આપણે જેમણે પરમાત્મદશા પોતાનામા પ્રગટાવી છે એમને અથવા આ જગતમાં પ્રવર્તતા પરમાત્મત્વને સમર્પિત થઇએ છીએ. આપણામાં ગુપ્તપણે રહેલ પરમાત્મત્વ, તીર્થંકરાદિ વિભૂતિઓમાં પ્રગટતું પરમાત્મત્વ અને આ જગતમાં રહેલું પરમાત્મત્વમાં લેશ માત્ર પણ અંતર નથી. તેથી જ્યારે આપણે આપણી બહાર રહેલ પરમાત્માને સમર્પિત થઇએ છીએ ત્યારે સાથોસાથ સ્વભાવિકપણે જ આપણે આપણા અંતરમાં રહેલા પરમાત્મત્વને પણ સમર્પિત થઇએ છીએ અને એ રીતે આપણાં સમર્પણનું કાર્ય આપણે સહેલું અને સાધ્ય કરી દઇએ છીએ. જોજે, આ વાત તારે બરાબર સમજવાની છે. Followed?

પરમાત્માને અનુકૂળ થવું, આધીન થવું એમને શરણે જઈ એમના કાર્યમાં આવતી આપણા મન–વચન–કાયાની પ્રતિકૂળતાઓ દૂર કરવી એ સમર્પણનું રહસ્ય ઊંડાણમાં તો આપણા દ્વારા પ્રતિદિન કરાતા પવિત્ર સામાયિકનો જ સાર છે——આ બાબતને તું ઊંડાણથી વિચારજે

સામાયિકમાં તેમ જ કાઉસગ્ગમાં પણ આપણે શાંત બનવાનું, આત્મા અથવા પરમાત્મા પ્રતિ ખુલ્લા થઇ એની સાથે જોડાવાનું, આંતરબાહ્ય વિષયકષાયના કંપનો (Undivine movements) થી વિરામ પામવાનું હોય છે– મંજુ, આ શાંતિ (Stillness), આ ઊન્મીલન (Opening) અને યોગ (Union), અને આ સ્થિરતા (Quietude) એ સમર્પણમાં પણ જરૂરી છે.

શ્રદ્ધા એ સમર્પણમાં એક અતિ મહત્ત્વની બાબત છે. સાધકે ભગવાનમાં, ભાગવત ચેતના અને શકિતને અને એના આપણને મુકત કરવાના કાર્યમાં અડગ શ્રદ્ધા રાખવાની હોય છે--અને એ શ્રદ્ધા એટલે તારો કોઈ ગમે તેવો માનસિક ખ્યાલ (Belief) નહિ પણ વાણી, વિચાર અને વર્તનમાં સજીવ બની પ્રગટતી ભગવાન પ્રત્યેની આપણી હૃદયનિષ્ઠા, એકનિષ્ઠા, અવિચળ વિશ્વાસ. શ્રદ્ધા એટલે અડગતા, સ્થિરતા-ગમે તેવા પ્રસંગોમાં અને અંધકારપૂર્ણ અવસ્થાઓમાં ડગી ન જવું, ચંચળ ન બનવું, ચલિત ન થવું પણ ધીર–સ્થિર રહેવું, શાંતિ ને સમત્વમાં રહેવું તે શ્રદ્ધા છે. Faith means Fidelity, Tranquility and Equality.

આપણને મુકત કરવાની, આપણને Bliss–Peace–Perfection સુખ–શાંતિ–સિદ્ધિ આપનારી જે તારક ચેતના આપણે ઉપર જોઇ ગયા છીએ

એ આપણા. માટે મા ભગવતી-Divine mother છે. આપણી દિવ્ય મા છે, એ આપણી મુક્તિ માતા છે. એક બાળક જેમ પોતાનું પોષણ-કરવાના નિજ માતાના કાર્યમાં શંકા રાખતો નથી તેમ આપણે પણ આપણી આ ભગવતી માતાના આપણને દુઃખ માત્રથી મુક્ત કરવાના, આપણું પાલન ને પરિરક્ષણ કરવાના કાર્યમાં તેમ જ આપણને અનંત આનંદ અને શાશ્વત સમૃદ્ધિ આપવાના એના સામર્થ્યમાં શંકા-કુશંકાઓ ન કરવી જોઇએ અને એ ન કરવી તે પણ શ્રદ્ધા છે. Here faith means confidence, conviction and certainty--અહિં શ્રદ્ધા એટલે ભરોસો, ધારણા અને નિશ્ચિતતા.

બીજી એવી જ મહત્વની બાબત પવિત્રતા Purity છે. આનંદઘનજી મહારાજે ગાયું છેઃ 'કપટ રહી આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.' બહેન, આપણું સમર્પણ એ કોઇ પણ સંસારી ભાવનાથી પ્રેરિત ન હોવું જોઈએ. સંસારના સુખો મેળવવાના આશયથી ભગવાનને અથવા મા ભગવતીને અર્પિત થવું એ સમર્પણ નથી પણ એક સોદો છે. ભાગવત કાર્ય ભગવાન કાર્ય--ભગવાન અથવા ભગવતીનું કાર્ય--આપણને મુક્ત કરવાનું છે, અનંત જીવન અને અવ્યાબાધ આનંદ આપવાનું છે--સંસારી કીચડમાં જીવને રત કરવું એ કાર્ય દિવ્યતાનું ન હોઈ શકે. અલબત્ત, જે ભગવાન પ્રતિ વળે છે એના સંસારી દુઃખો પણ દૂર થાય છે-જે શક્તિથી વિશ્વનો સર્વોચ્ચ આનંદ, સુખ, શાંતિ, સમૃદ્ધિ મળે છે એનાથી સંસારિક સંકટોથી મુક્તિ, શાંતિ, સમાધિ અને આબાદી ન મળે એવું નથી જ--પણ સાધકનું લક્ષ્ય તો સંસારિક ભાવનાથી ખરડાયેલું ને અશુધ્ધ નહિ પણ સદા પરમોચ્ચ પદની પ્રાપ્તિનું ને વિશુદ્ધ હોવું જોઈએ. જો સાધકનું લક્ષ શુદ્ધ હોય છે તો એનું હૃદય ધીમે-ધીમે એક પવિત્ર મંદિર બનવા લાગે છે કે જેના આવાસમાં પ્રગટીને દિવ્ય માતા સાધકને અનંત પ્રતિ દોરી જાય છે.

શ્રદ્ધા અને પવિત્રતા એ પરસ્પર એક બીજાને સહાયક બાબતો છે. છતાં, એ એવી બાબતો નથી કે સાધકમાં એક જ દિવસમાં પ્રગટી જાય. અને એમની પ્રાપ્તિ માટે એક વખત નિર્ણય લીધા પછી સાધકનું કામ ચાલી જાય. બહેન, આત્મસાધનામાં એક ઝટકાથી કામ થતું નથી પણ ધીરે-ધીરે યોગ્યતા કેળવવી પડે છે. પ્રારંભમાં તો સંકલ્પ Determinationનું જ મહત્વ છે, જો સાધક એક સાચો સંકલ્પ લઈ આગળ વધે છે તો આવશ્યક તત્ત્વો અને યોગ્યતા એનામાં સ્વયં પ્રગટતા જાય છે,* એનું સમર્પણ પરિપૂર્ણ બનતું જાય છે અને દિનપ્રતિદિન આત્મસિદ્ધિ, એનામાં પરમાત્મત્વનું પૂર્ણ પ્રકાશનમાં એ નિકટ થતો જાય છે.

એ દિવ્ય પૂર્ણતા કે જેને આપણે પરમેશ્વર તરીકે ઓળખીએ છીએ અને જે દેવાધિદેવ તીર્થંકરોના રૂપમાં આ જગત પર આપણને પ્રત્યક્ષ થાય છે, જેના યશોગાન ગાતા ગણધરો થાકતા નથી, જેની સ્તુતિ ઇન્દ્રો પણ કરે છે અને મુનીન્દ્રો જેને ઝંખે છે, એ સક્રિય કરૂણા, એ પરમોચ્ચ પ્રેમપ્રવાહ, એ સર્વજ્ઞ-સર્વદર્શી શક્તિ-સ્રોતને જે શરણે જાય છે એ મુક્ત બની જાય, સિધ્ધ બની જાય છે, સંસાર-સાગરને તરી એ અજર-અમર બની જાય છે,

આત્મસિદ્ધિના બે સાધનો આપણે જોયાઃ પહેલું તે ભરત મહારાજાનો પ્રશ્નઃ 'હું શું છું?' અથવા 'હું કોણ છું?' અને બીજુ તે-સમર્પણ. પહેલું સાધન તે વિરલ આત્માઓ માટે છે અને બીજું કે જે પહેલા કરતા લેશ પણ ઉતરતું નથી પણ એટલું જ શ્રેષ્ઠ છે તે સર્વ-સામાન્યને અનુકૂળ છે અને તે એક નૈસર્ગિક સાધન હોવાથી અને એમાં સ્વયં પરમાત્મ ચેતના આપણામાં આપણી શુદ્ધિ ને સિદ્ધિ માટે કાર્ય કરતી હોવાથી એ આપણને યોગ-ક્ષેમંકરપણે શિવત્વ અને દિવ્યત્વ આપે છે. અલ્વિદા!

તારી સહૃદય સખી,

કસ્તુરી

---

*'Light comes as we work towards it.'

# માઇકનો ઉપયોગ

**પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ, કલકત્તા**

જૈન સમાજમાં હમણાં પૂ. મુનિરાજનાં વ્યાખ્યાનો અને માઇકનો ઉપયોગ એ પ્રશ્ન ચર્ચાના ચોતરે ચડયો છે. 'કલ્યાણ'ના ગતાંક નવેંબર ૬૧ના અંકમાં અગ્રલેખમાં આજ પ્રશ્ન વિષે ભાઇશ્રી ધામીએ સમાજમાં ચાલી રહેલા વિસંવાદ તરફ અંગુલિ નિર્દેશ કરી તેનો નિર્ણય લાવવા સહુને તેમાંયે પૂ. મુનિવરોને વિનમ્ર સૂચન કર્યું છે. તેમજ આવી બાબતોમાં પોતાના આચારને ચુસ્તપણે વળગી રહેવામાં જ શ્રેય છે, એ વસ્તુ જણાવેલ. તેના અનુસંધાનમાં જૈનસમાજમાં શ્રધ્ધેય પંડિત શ્રી પ્રભુદાસભાઇનો આ લેખ અત્રે પ્રસિદ્ધ કરીએ છીએ, તેઓની આ પ્રશ્ન પરત્વેની વિચારધારાથી સહુ કોઈ પરિચિત બને ને વર્તમાનમાં જે પ્રશ્ન ચર્ચાઇ રહ્યો છે, તેમાં ઉપયોગી માર્ગદર્શન સર્વ કોઇ 'કલ્યાણ'ના વાચકો મેળવે તેજ એક આશય આ લેખને પ્રસિદ્ધ કરવામાં અમારો રહેલો છે, માઇકનો ઉપયોગ આજે વ્યાખ્યાનમાં પૂ. મુનિરાજો કરતા થઇ જશે. કાલે પ્રતિક્રમણમાં તેનો ઉપયોગ થશે, બાદ ટેપરેકર્ડીંગ પદ્ધતિ શરૂ થશે, છેવટે રેડીયોમાં મુનિવરોનાં પ્રવચનો શરૂ થશે. પરિણામે દેરાસરે કે ઉપાશ્રયે આવવા કરતાં ઘેર બેઠા કે દુકાન યા ઓફીસમાં બેઠા-બેઠા વ્યાખ્યાન શ્રવણ, પૂજાઓ ભણાવાની પ્રથા આવી જશે આ કારણે યંત્રવાદનાં આકર્ષણથી પૂ. મુનિરાજો જેમ દૂર રહે તેમાં જ શોભા તથા સંયમ છે. આ પ્રશ્નને અંગે સર્વ કોઇ પૂ. ધર્મધુરંધર આચાર્યદેવો અવશ્ય વિચાર વિનિમય કરે, એક મતિયે સર્વસમ્મત નિર્ણય લાવે જેથી સમાજમાં વધતો-જતો વિસંવાદ અટકે! એમ અમે જરૂર ઇચ્છીએ!

⊙

જૈનશાસન જેવા વિશ્વશાસનના ધર્મ-ગુરુઓમાંના પણ કેટલાક 'જમાના'નું રહસ્ય સમજી ન શકે, અને જમાનાને સાચો કાળ માનીને તેને અનુસરવાની ભૂલભૂલામણીમાં પડી જાય એ અત્યંત દુઃખદ ઘટના છે.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજાએ શાસ્ત્રોક્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરીને કામ કર્યું છે, અને તેથી તે વિહિત કાર્ય છે, ને સંગત છે. જમાનાના નામે કાળને અનુસરવામાં ઉન્માર્ગને પોષણ છે.

માઇકના ઉપયોગથી વધારે માનવો સાંભળી શકે તે દલીલ જ ગૌણ છે. માઇકના વપરાશના પ્રશ્નનો સંબંધ મુનિના આચાર સાથે છે. જૈન મુનિના આચાર સાથે તેનો ઉપયોગ સંગત છે કે નહિં તે જ મુખ્યપણે વિચારવાનું છે.

**મુનિના આચાર સાથે સંગત નથી એ વાત બાજુએ રાખીએ, તો પણ તે વિષયમાં વિચાર કરવા જેવું લાગે, ત્યારે સૌ મુનિ મહાત્માઓએ મળીને વિચાર કરવો જોઇએ.** નહિંતર જેને જેમ ફાવશે તેમ સાચી ખોટી દલીલો આગળ કરીને મનફાવતું વર્તન કરશે. તેમને કોણ પહોંચશે? અને કોઈને પૂછી પણ શી રીતે શકાશે? સૌની પાસે દલીલો તો હોય જ. તેની પ્રામાણિકતા કે અપ્રામાણિકતા નક્કી કોણ કરશે?

એટલે કે આજ્ઞા પ્રધાનતાને બદલે જૈનશાસન સ્વચ્છંદતાનો ખીચડો બનતું જવાનું, અને તો પછી જૈનશાસન આજ્ઞાપ્રધાન છે એનો શો અર્થ રહેશે?

માઇકના ઉપયોગની સામે મુખ્ય વાંધો સંસ્કૃતિ પ્રગતિના પ્રતીક ભેદનો છે, કે જે સમ્યગ્-

દર્શન સાથે સંબંધ ધરાવે છે. સોનાના કે લાકડાના સાપડા–ઠવણી વગેરે સંસ્કૃતિના પ્રતિકો છે. જ્યારે પ્લાસ્ટીકના સાપડા, ઠવણી, નવકારવાળી વગેરે ભૌતિક પ્રગતિના પ્રતિકો છે. અચિત્ત હોવા છતાં પ્રગતિના પ્રતિક હોઇ પ્લાસ્ટીકના સાપડા વગેરેનો ઉપયોગ જૈન મુનિઓએ તો ખાસ ન જ કરવો જોઇએ. કેમકે સંસ્કૃતિનું રક્ષણ કરવાની સૌથી મુખ્ય જવાબદારી એ વર્ગની છે.

અલબત્ત જો પ્લાસ્ટકીના સાપડા વગેરે સંસ્કૃતિના પ્રતિકો હોય તો જૈન મુનિઓને પણ તે વાપરવામાં વાંધો નહિં. તે જ પ્રમાણે લાકડાના સાપડા વગેરે પ્રગતિમાંથી જન્મ પામ્યા હોય, તો જૈન મુનિમહારાજાઓ તે ન વાપરી શકે.

પાટ વાપરી શકાય, મેજનો ઉપયોગ ન કરી શકાય. કાંઠાની કલમ ઉપયોગમાં લેવાય, પરંતુ આજની ટાંક, હોલ્ડર પેન્સીલ, ફાઉન્ટન પેન ન વાપરી શકાય.

સાંસ્કૃતિક–પ્રાગતિક દષ્ટિથી આટલી ઝીણવટભરી મર્યાદાઓ જૈનમુનિઓ માટે હોય છે. આમાં દેશી પરદેશીનો પ્રશ્ન નથી. આમાં બહારની પ્રજા અને દેશની પ્રજાની બનાવટનો પ્રશ્ન નથી. ધર્મપ્રધાન સંસ્કૃતિ અને ધર્મ વિધ્વંસક કેવળ ભૌતિક પ્રગતિ એ બેને ઉત્તેજન અનુત્તેજનનો પ્રશ્ન છે.

પોતપોતાની મતિથી ફાવે તેમ જૈન-શાસનમાં આચરણ કરવાનો પ્રશ્ન પણ અસાધારણ મહત્ત્વનો છે.

માઇક એ વિદ્યુત્ પ્રવાહથી ચાલતું યંત્ર છે. નવકોટિના પચ્ચખ્ખાણવાળા જૈનમુનિ તેનો ઉપયોગ અપવાદે પણ કરી શકે ખરા?

એક ભૂલમાંથી સંખ્યાબંધ ભૂલો તરફ ગૃહસ્થો ઘસડાઇ ગયા છે. તેમ મુનિઓ પણ નહિં ઘસડાય તેની બાંહેધરી કોણ આપે?

વિદ્યુતના પ્રવાહથી ચાલતા માઇકનો ઉપયોગ કરવામાં અગ્નિકાય જીવની વિરાધના ખરી કે નહિં? સ્વયં સ્પર્શ ન કરવા છતાં એ વિરાધનામાં મન અને વચનથી અનુમોદના ખરી કે નહિં?

માઇકને ચાલુ કરનારા સ્વીચ બંધ હોય, અને વ્યાખ્યાનના સમયે કોઈ સ્વીચ ખોલે તો ઠીક એવો વિચાર આવે તો પણ અનુમોદના ખરી કે નહિં?

આગળ જતાં સ્વીચ ખોલી રાખવાનું, ખોલવાનું કહેવાનું મન થાય તે પણ કરાવવામાં મન, વચનથી અનુમોદના ખરી કે નહિં?

ગમે તેવું માઇક હોય, પણ શ્રોતાઓ સારી રીતે સાંભળે માટે માઇકની સ્વીચ ખુલ્લી હોય તો સારૂં, એવો ભાવ આવે ખરો કે નહિં? અને તેનો ઉપયોગ કરવામાં **કાયાથી કરવાનું** દૂરથી પણ થાય કે નહિં? વખત જતાં મન, વચન, કાયાથી કરવું, કરાવવું અને અનુમોદન કર્યા વિના રહેવાશે જ નહિં.

જેઓને માઇકમાં બોલવાનું ગમે તે રીતે ઓછે વત્તે અંશે ટેવ પડી હશે, તેઓને જ્યાં તે મળશે નહીં ત્યાં 'તે હોય તો સારૂ' એમ મનમાં રહેવાનું. તેઓના મનમાં માઇકની ન્યુનતા ખટકવાની.

વળી 'ધર્મ' વધારે સંખ્યાના શ્રોતાઓ સાંભળે અને ધર્મ પાળે' એ ભાવના કરતાં 'અમારા વક્તવ્યને ઘણા લોકો સાંભળે તો ઠીક' એવી અહંવૃત્તિને કવચિત પોષણ મળવાનો સંભવ ખરો કે નહીં!

# માનવતાનું મૂલ્યાંકન કરો!

લેખક : પૂ. મુનિરાજ શ્રી મહાપ્રવિજયજી મહારાજ , અમદાવાદ

જીવના આયુષ અને યૌવન દિવસ રાત્રિથી ખંડ ખંડ થઇ દરરોજ તૂટયા કરે છે, છતાં મૂઢાત્મા આ નથી સમજતો. સૂર્ય અને ચંદ્ર-રૂપ બળદો માણુસના આયુષ રૂપ જલ લઇ. રાત્રિદિવસ રૂપ ઘડાની માળારૂપ કાલરેંટ સદા ભમાવે છે. જ્યારે આયુષ (જીવિત) રૂપ જળ ક્ષીણુ થશે અને દેહરૂપ ધાન્ય સૂકાઇ જશે ત્યારે કોઇ ઉપાય તેને ટકાવવાનો રહેશે નહિ. તો પણુ માણુસ પાપ કરે છે, સુખમગ્ન રહે છે, ચિંતા કરતો નથી.

મંઝિલ વિનાની નાવ જેમ સાગરની મધ્યમાં ડોલ્યા કરે છે અને કયાંય પહોંચતી નથી–સફળ સફર કરી શકતી નથી અને ખરાબે અથડાઇ લક્ષ્યને સિદ્ધ કરવામાં અસમર્થ નીવડે છે. તેમ ધ્યેય વિનાનું માનવજીવન અર્થહીન હોઈ સંસારસાગરમાં કશું જ કરી શકતું નથી. તેથી જીવનનું ધ્યેય નક્કી કરવું જરૂરી છે.

માનવજીવન મહામૂલું છે. નથી નિર્માયું તે ફક્ત ખાવાપીવા કે મોજ માણુવા, તેને તે,

---

આવા દાખલા ઉપરથી માઇક સિવાયના હજી નવા યંત્રો નીકળશે તેના ઉપયોગને પણુ પરંપરાએ ઉત્તેજન મળશે. ટુંકમાં માઈકના ઉપયોગથી,

૧. સંસ્કૃતિનો ભંગ.

૨. વર્તમાન ભૌતિક પ્રમતિને ઉત્તેજન.

૩. અગ્નિકાય જીવોની મન, વચન કાયાથી કરવા કરાવવા કે અનુમોદન દ્વારા વિરાધના, અને એ રીતે ઓછો કે વધતો નવકોટિના પચ્ચખ્ખાણુનો ભંગ.

૪. ઉન્માર્ગપોષણુ.

૫. આવા દાખલા ઉપરથી બીજી બાબતોમાં દાખલા લેવાશે તે અનવસ્થા.

૬. શાસ્ત્રોકત વ્યાખ્યાનવિધિમાં સમાવેશ ન પામતી વસ્તુનો પ્રવેશ કરવો, કરાવવો કે ઇચ્છવો તે આજ્ઞાભંગ દોષ.

૭. પરંપરાએ સમ્યગ્દર્શનમાં અનાચાર અને મિથ્યાત્વનું પોષણુ.

આવા આવા નાના મોટા અનેક દોષો જૈનદષ્ટિથી સ્પષ્ટ જણાય છે. આથી વિશેષ હોય તો તે બહુશ્રુત ગુરુમહારાજાઓને પૂછવાથી વધારે સારી રીતે સમજી શકાય, કે અમારી પણુ ભૂલ હોય તો સમજાય.

'ધર્મ, શાસન, સંઘ, શાસ્ત્રો, અને ધાર્મિક સંપત્તિઓની રક્ષામાં પાંચેય આચારોનું યથાસંભવ પાલન છે,' એમ સમજીને ધર્મપુરુષાર્થના પાંચેય સ્તંભોને મન, વચન, કાયા, અને સર્વસ્વથી વફાદાર રહેનાર એક નાનો પણુ મુનિવર્ગ, આજસુધી કરેલી ભૂલોનું યથાશકિત છડેચોક પ્રાયશ્ચિત શાસનની પ્રતિષ્ઠા અને તેના તરફની વફાદારી ખાતર કરી, વર્તમાન મુનિઓમાંથી નિર્દંભપણે બહાર આવે, તો કાળાંતરે પણુ શાસનના રક્ષણુની કડીઓ જોડાઇ જવાની આશો રહે છે. નહિંતર, શાસનના મૂળની સાથે જોડાયેલા સંબંધો કપાઇ જઇ તે યુનેસ્કો વગેરે સંસ્થાઓ સાથે જોડાઇ જવાની હવે વાર નથી. ૧૦–૧૫ વર્ષ તો માંડ લાગશે. હવે પછીના મુનિઓની પેઢી બહારથી જૈનધર્મનું પાલન કરતી દેખાશે, પરંતુ વાસ્તવિક રીતે તેઓ જૈનશાસનના પાયા હચમચાવનાર તત્ત્વોને સહકાર આપતા હશે.

જીવનરણમાં કાળકિનારે રેતી પર પોતાની આછી પાતળી પણ અમરપગલીઓ પાડી જીવન ખરાબે ચઢેલા બીજા માનવોને માર્ગદર્શન કરાવવાનું છે.

'મુણ્ડે મુણ્ડે મતિર્ભિન્ના' એ ન્યાયે પ્રત્યેકનું જીવનધ્યેય એક હોતું નથી; હોઈ શકે પણ નહિ. ને પસંદગી તો અવલંબે છે પસંદ કરનારના વય જ્ઞાન–સ્વભાવ–બુદ્ધિ અને સંયોગ પર. સાચું ધ્યેય તો આત્માની આબાદિ–ઉન્નતિ કે નિર્મળતાનું હોવું જોઈએ. કારણ આત્મા અમર છે ને તેની કાર્યવાહી ઉપર સુખદુઃખ અવલંબે છે.

આરનોલ્ડ નામનો અંગ્રેજ આત્માના સંબંધમાં કહે છેઃ–

Never the Spirit was born;
The Spirit shall cease to be never.
Never was time it was not;
End and beginning are dreams.
Birthless andDeathless and Changeless
Remaineth the spirit for ever;
Death has not touched it atall,
Dead though the house of it seemed.

ભાવાર્થ–આત્મા કોઇ કાળે જન્મ્યો નથી. આત્મા કોઇ કાળે અસ્તિત્વથી ભ્રષ્ટ થવાનો નથી. એવો કોઇ સમય નહતો કે જ્યારે તે નહતો. તેનો આદિ અને અંત માત્ર સ્વપ્નાં છે આત્મા નિરંતરને માટે અજન્મ છે. અમર છે, અવિકારી છે. મૃત્યુ એને કોઇ કાળે સ્પર્શતું નથી, કદાચ આત્માનું ખોખું મરેલું ભાસતું હશે.

આત્માની ઉન્નતિ–આબાદિ કે નિર્મળતા એટલે પરમ સુખની પ્રાપ્તિ. સુખ એ આત્માનો સ્વભાવ છે. જ્યાં સુધી આત્માની નિર્મળતા ન થાય ત્યાં સુધી સંસાર છે, ઉપાધિ છે, બંધન છે, દુઃખ છે. દુઃખનું કારણ અજ્ઞાન છે.

બધી યોનિઓમાં મનુષ્ય સર્વોત્તમ પ્રાણી છે. પોતાની કેટલીક વિશિષ્ટ શક્તિઓથી જે બીજા જીવધારીઓ કરતાં અધિક વિકાસ કરવાની ક્ષમતા રાખે છે. સઘળાએ દર્શનકારોએ માનવજીવનની (માનવતાથી) બહુમૂલ્યતા અને દુર્લભતા એક સ્વરે ગાઇ છે. જે વસ્તુ થોડી હોય, દુષ્પ્રાપ્ય અને કીમતી હોય એની મહત્તા આપમેળે ગવાય છે. એ જ રીતે માનવજીવન મહાન છે–શ્રેષ્ઠ છે. પરમર્ષિએ પ્રતિબોધ્યું છે કે–

આ સંસારમાં જીવને ચાર વસ્તુઓ પ્રાપ્ત થવી દુર્લભ છે. તે છે મનુષ્યપણું, ધર્મનું શ્રવણ, સમ્યક્‌શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ.

આ ચાર વસ્તુઓમાં માનવતાને સૌથી પ્રથમ બતાવેલ છે. બાકીના ત્રણનો આધાર માનવતા ઉપર જ રહેલો છે. કર્મના બંધનો તોડી આત્મનિર્મળતાના પંથે જવા માટે બીજો ભવ અનુકૂળ નથી. માનવભવમાં જ મોક્ષ માટેનો પુરુષાર્થ શકય છે. નારકીના ભવમાં અપાર દુઃખ છે. દુઃખની યાતનામાં ધર્મનું આરાધન સંભવિત નથી. તિર્યંચ–પશુપક્ષિના ભવમાં વિચારશક્તિની ઉણપ છે. એ જીવન પરાધીન હોવાથી જેમ તેમ પૂરૂં થાય છે. દેવભવમાં માત્ર સુખ છે. સુખભોગની સામગ્રીમાં ધર્મની આરાધના શકય નથી. માત્ર મનુષ્યભવ જ એવો છે જ્યાં ધર્મશ્રવણ–શ્રદ્ધા અને સંયમનો પુરુષાર્થ કરી શકાય. એ માટે યોગ્ય સામગ્રી ન મળે તો એ પુરુષાર્થ થઈ શકતો નથી.

મનુષ્ય જન્મતાં જ પરિસ્થિતિથી જકડાએલો હોય છે. કેટલાકને જીવનનિર્વાહનાં પૂરતાં

સાધન નથી હોતાં અને કેટલાકને હોય છે. એનું શું કારણ? જન્મતાવેંત બાળકે એવો શો પુરુષાર્થ કર્યો હોય કે તેને સુખી જીવન મળે અને બીજાને નિર્વાહનાં પણ ફાંફા હોય? તે માટે તેને જવાબદાર કેમ ગણાય? સ્પષ્ટ છે કે પૂર્વના કર્માનુસાર માણસને સુખ અને દુઃખની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

સુખદુઃખનો મનુષ્ય સ્વયં નિર્માતા છે. સારી કે ખરાબ પ્રવૃત્તિઓ જ તેનું શુભ અને અશુભ કર્મ છે. આ કર્મનો બંધ માનવ-જીવનમાં ક્ષણે ક્ષણે થયાં કરે છે. આ કર્મો જ માનવને તેના મૂળ આત્મગુણને વિકસિત થવાં દેતા નથી. માટે નવા કર્મોના ઉપાર્જનમાં વિવેક બુદ્ધિ રાખવી જોઇએ.

ખાવું-પીવું, ભોગ ભોગવવા, સંતાન પ્રાપ્તિ કરવી, જન્મવું, મરવું વગેરે આ ક્રિયાઓ માત્ર મનુષ્ય નથી કરતો. પશુ-પક્ષીઓ પણ આ પ્રવૃત્તિ જ કરે છે. પરંતુ મનુષ્યમાં વિચાર શક્તિની વિશેષતા છે, જે એને જીવનવિકાસમાં કારણભૂત બની શકે છે.

વિચારશક્તિ માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાન જીવનની મૂળભૂત મૂડી છે. એના વિના મનુષ્ય પોતાનું જીવન ખોઇ બેસે છે. જ્ઞાન હોય પણ આચરણ ન હોય તો એ બોજારૂપ થઇ પડે.જે જ્ઞાન પોતાના હિતાહિતનો વિવેક ન શીખવે એ જ્ઞાન શા કામનું? જ્ઞાન એ છે જેનાથી ગુણદોષની પરખ આવે, હેય-ઉપાદેયની ભાવના જાગ્રત કરે.

પાશ્ચાત્ય કેળવણીના કારણે લોકો આજે ભૌતિકજ્ઞાન તરફ વળેલા છે. સંપત્તિ વધારવી અને ઇંદ્રિયોના વિષયોના સુખનું એ જ્ઞાન હોય છે. એથી ભૌતિક સામગ્રી માટે આર્થિક લિપ્સા જાગે છે. સામગ્રી ઓછી અને જરૂરી-આત વધારે હોવાથી શોષણની ભાવના થાય. શોષણ સંઘર્ષ જન્માવે. પરિણામે માનવજીવન અસંતુષ્ટ અને દુઃખમય બની જાય. આમ ભૌતિક સામગ્રી ક્ષણિક સુખ આપે પરંતુ અંતે તો એ દુઃખમાં જ પરિણમે.

વસ્તુતઃ સુખનો આધાર બહારની સામગ્રી ઉપર નહિ, પરંતુ આંતરિક સામગ્રી પર નિર્ભર છે. આત્મગુણોના વિકાસથી જ સુખ પ્રગટ થાય છે, સાચું જ કહ્યું છે કે-

महता पुण्यपण्येन, क्रीण्यं कायनौस्त्वय ।
पारं दुःखोदधेर्गन्तुं, तर यावन्न भिद्यते ॥

મહાપુણ્યરૂપી ધન આપીને આ કાયરૂપી નાવ ખરીદેલું છે. તે ભાંગે નહિ ત્યાં સુધી તેના વડે ભવરૂપી દુઃખદરિયાને તરી લે.

Lives of great men all remind us,
We can make our lives sublime;
And departing leave behind us
Foot prints on the sands of time.

મહાપુરુષોના ચરિત્રો અનુકરણ કરવા લાયક દૃષ્ટાંત તેમજ આપણી સ્થિતિનું ભાન કરાવનાર માનસિક દર્પણ છે. દેહ વિલય થતાં કાળની રેતી ઉપર પોતાની આછી પણ અમર પગલીઓ પાડી, જીવન ખરાબે ચઢેલા માણસોને સાચા આત્મ કલ્યાણના માર્ગનું દર્શન કરાવે છે. મહાપુરુષોના ભૌતિક દેહનું ભલે મૃત્યુ થયું હોય, પણ લોકોપયોગી કૃતિઓ-ઉપદેશ -જીવન વગેરે દ્વારા પ્રાપ્ત થયેલ યશસ્કાય તો સદા અમર જ રહે છે.

એક ખેડૂતે કોઈ મહાત્માની સેવા કરી. તેણે પ્રસન્ન થઇ એક એને પારસમણિ આપ્યો, જેના સ્પર્શથી લોખંડ સુવર્ણ બની જતું. મહાત્માએ મણિ સાત દિવસ પૂરા થતાં પાછો આપી દેવાની શરત કરી. ખેડૂતે એ મણિ

મળતાં વિચાર્યું કે મારી પાસે તો માત્ર ખરપો, પાવડો, દાતરડુ, કોસ એવાં જ માત્ર લોઢાંના સાધનો છે. એટલા સોનાથી મારૂં દલદર નહિ ફીટે. આથી એણે વિચાર્યું કે સાત દિવસ વચ્ચે પડયા છે. એટલે બહાર-ગામથી પુષ્કળ પ્રમાણમાં લોખંડ મંગાવીને એનું સોનું બનાવી લઉં. તેણે જુદે જુદે સ્થળે માણસો મોકલ્યા અને રેલગાડીથી માલ રવાના કરવાની તાકીદ આપી. એ માણસોને જતાં જ એકેક બબ્બે દિવસ તો વીતી ગયા. લોખંડ ખરીદતા, પેક કરતાં અને રેલ્વેથી રવાના કરતાં એ માલ આવતાં છ દિવસ તો વીતી ગયા સાતમા દિને એ બધો માલ ગાડીમાંથી ઉતરાવ્યો ત્યારે એને વિચાર થયો કે, જો આ માલને અહીં જ પારસમણિ લગાડી દઈશ તો એ લેવા માટે ચોર ડાકુઓનો દરોડો પડશે. માટે ઘેર લઈ જઇને જ એ મણિનો સ્પર્શ કરાવી લઇશ. આથી એ બધુ લોખંડ ઘેર લઇને આવ્યો. અને લોખંડને ઘરમાં ભરવા લાગ્યો ત્યાંજ સાતમા દિવસની છેલ્લી ઘડી બીતી ચૂકી. મહાત્મા એને ઘેર આવ્યા ને એ મણિની માગણી કરી. ખેડૂતે કહ્યું: 'મહારાજ! એક મિનિટ ધીરજ રાખો! પણ મહાત્માએ ચિડાઇને કહ્યું: 'હું એક મિનિટ પણ થોભીશ નહિ મણિ પાછો આપ.'

ખેડૂતે કહ્યું: 'ઠીક મહારાજ! હું હમણાં જ લોઢાને એ મણિનો સ્પર્શ કરાવી દઉ છું! મહાત્માજીએ તાડૂકીને કહ્યું : 'ખેડૂત હવે એની અવધિ પૂરી થઇ જ ગઇ. અવધિ પૂરી થતાં એ મણિ કંઇજ કામ નહિ આપે.' ખેડૂતે કહ્યું: 'તો લો, મહારાજ હું આ લોખંડને સ્પર્શ કરાવીને આપી દઉ છું.' એમ કહેતાં જ મહાત્માએ એ મણિ એની પાસેથી ખૂંચવી લીધો.

જેમ ખેડૂત વધુ તૃષ્ણાથી મળેલા પારસ-મણિનો કશો ઉપયોગ કરી ન શકયો, તેમ આ માનવભવનો જે માણસ સમયસર સદુપયોગ ન કરે તો તેનો જન્મ નકામો જાય છે. માટે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન પીડે, રોગ આક્રમણ ન કરે અને ઇંદ્રિયો ક્ષીણ ન થાય ત્યાં સુધી જ જીવન વિકાસને અવકાશ રહે છે.

એટલે જ એક ક્ષણ પણ તેમાં પ્રમાદ ન કરતાં માનવજીવનના ઉધ્ધાર માટે-આબાદિ માટે કે આત્માની નિર્મળતા માટે માનવ-જીવનમાં સદ્ધર્મમાં સમુદ્યમ કરવો અત્યંત આવશ્યક વિવેકીને ચોક્કસ લાગશે.

**पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे दणली.**

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली ज अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश, कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्यभारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेकनी पुडीओ, गंगाजल, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केसर-सुखड-बरास-वाळाकुंची-वरख-बादला (सोनेरी-रूपेरी) वगेरे मले छे:

जयेन्द्रकुमार रमणिकलाल, जैन सुगंधी भंडार ६८/७१ गुरुवार पेठ, पुना २.

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

**[ 'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા ]**

**પૂર્વ પરિચય :** વિશ્વવિજય માટે નીકળેલા રાવણ, કુંભકર્ણ તથા બિભીષણની સમક્ષ રાજપુરનગરમાં નારદ હિંસાત્મક યજ્ઞની ઉત્પત્તિનો ઈતિહાસ કહી રહ્યા છે. વસુરાજાએ પર્વત પર પક્ષપાત કરી ખોટી સાક્ષી પૂરી. તેથી તે સિંહાસન પરથી પડી મૃત્યુ પામ્યો. ત્યાર બાદ તેના આ પુત્રો સિંહાસનપર બેઠા ને મૃત્યુ પામ્યા. પર્વત નાસી છૂટયો. તેને મહાકાલ અસુર જે પૂર્વે મધુપિંગ નામનો રાજકુમાર હતો, ને અયોધન રાજાની સુલસા નામની પુત્રીની સાથે તેનું પાણિગ્રહણ થવાનું હતું. ને સગરે માયા કરી મધુપિંગને બદનામ કર્યો સુલસાને સગર પરણ્યો. વૈરથી બળતો મધુપિંગ તાપસ થયો. તપ કરી કરીને તે મહાકાલ અસુર થયો. એ મહાકાલ અસુર સગર અને સુલસા પરના વૈરને કઈ રીતે વાળે છે? ને પર્વતની સહાયથી હિંસાત્મક યજ્ઞ કઇ રીતે શરૂ કરે છે? તે જાણવા વાંચો આગળ :

⊙

## ૧૪ : વૈરની વસુલાત

'ભાઇ તું મને ઓળખે છે ?' શક્તિમતી નદીના કિનારે નિરાધાર સ્થિતિમાં રખડતા પર્વતને જોઇ મહાકાલ–અસુરે બ્રાહ્મણનો વેશ ધારણ કર્યો અને એની પાસે આવીને પૂછયું.

'ના, હું આપને નથી ઓળખતો.' પર્વતે જવાબ આપ્યો.

'મારૂં નામ 'શાંડિલ્ય.' તારા પિતા ક્ષીરકદંબ ઉપાધ્યાયનો હું મિત્ર છું !' મહાકાલે ડીંગ મારી.

'મારા પિતાના તમે મિત્ર ?'

'હા ! ગૌતમ નામના ઉપાધ્યાયની પાસે તારા પિતા અને હું સાથે અધ્યયન કરતા હતા.'

'આપ અહીં કયાંથી આવી ચઢયા ?'

'મેં બાજુના જ ગામમાં સાંભળ્યું કે મારા મિત્રના મહામતિમંત પુત્ર પર્વતને લોકોએ તથા નારદે તિરસ્કાર કરીને કાઢી મૂકયો છે, ત્યારે હું મારા બધાં જ કામ પડતાં મૂકી અહીં દોડી આવ્યો... તને જોઈને ભાઇ, હવે મને નિરાંત થઇ '

ક્ષણવાર થંભીને મહાકાલે આગળ ચલાવ્યું.

'પણ હવે તારે ચિંતા કરવાની જરૂર નથી. હું તારે પડખે છું.'

'તમે શું કરશો ?'

'હું મંત્રશક્તિથી સારાયે વિશ્વને વશ કરીશ... તારા મતને વિશ્વવ્યાપી બનાવીશ ... તારા નામને દેશના ખૂણેખૂણે ગુંજતું કરી દઈશ...'

પર્વત શાંડિલ્ય બ્રાહ્મણની વાત સાંભળીને નાચી ઉઠયો. એની આંખે ભાવિનો ભવ્ય સ્વપ્નલોક દેખાવા લાગ્યો. પુનઃ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિની તેને તક મળતી લાગી.

ખરેખર, અધોગતિમાં જનાર જીવને નિમિત્તો પણ એવાં જ મળી જાય છે ! શાંડિલ્ય પ્રત્યે પર્વત આકર્ષાયો. શાંડિલ્યે પર્વતને બરાબરા સકંજામાં લીધો. પર્વત દ્વારા તેણે પોતાનું ઇષ્ટ કાર્ય સિદ્ધ કરવાનો પ્રારંભ કર્યો.

'રાવણ ! હિંસક યજ્ઞનો પ્રારંભ હવે થાય છે...' નારદજીએ રાવણના પ્રશ્નના પ્રત્યુત્તરની આટલી પૂર્વ–ભૂમિકા સમજાવી.

'શું એ મહાકાલઅસુર (શાંડિલ્ય) હિંસકયજ્ઞનો પ્રયોજક છે ?' રાવણે પૂછ્યું.

'હા ! સગર પ્રત્યેના વેરની વસુલાત માટે હિંસક યજ્ઞનું મહાકાલે પ્રવર્તન કર્યું !'

'મુનિવર ! એ તો કહો, એણે કેવી રીતે હિંસક યજ્ઞ શરૂ કર્યો ? અને એમાં સગર સાથેના વેરનો બદલો કેવી રીતે લીધો ?'

નારદજીએ જરા ગળું ખોંખારીને વાતને આગળ ચલાવી.

શાંડિલ્ય અને પર્વત ત્યાંથી આગળ વધ્યા.

શાંડિલ્યે પોતાની આસુરી શકિતથી ગામોમાં.... નગરોમાં રોગો....વ્યાધિઓ...પીડાઓ ફેલાવવા માંડી. ચારેકોર લોકો ત્રાસ ત્રાસ...પોકારવા લાગ્યા. બીજી બાજુ શાંડિલ્યે પ્રચારવા માંડયું.

'જે કોઇ પર્વતનો મત સ્વીકારશે તેના રોગો શાંત થઈ જશે !' અને જે કોઇ પર્વતના અનુયાયી થવા લાગ્યા તેના રોગો તત્કાળ શમવા લાગ્યા... શાંડિલ્ય પોતાની આસુરી શકિતથી અદ્રશ્યપણે રોગોને દૂર કરવા લાગ્યો.

બસ ! જોતજોતામાં પર્વતના અનુયાયીઓનો એક વિરાટ વર્ગ તૈયાર થઇ ગયો.

ફરતાફરતા બંને સગરરાજના નગરમાં આવી પહોંચ્યા.

આખા ય નગરમાં અનેક ભયંકર રોગો ફેલાવી દીધા. રાજાના અંતઃપુરમાં....રાજાના મંત્રીવર્ગમાં...રાજાના આખા ય પરિવારમાં જીવલેણ દર્દો ફાટી નીકળ્યાં.

કર્ણોપકર્ણ સગરરાજને પણ સમાચાર મળ્યા હતા કે 'આ રોગચાળામાં મુકત કરનાર કેવળ પર્વત છે. જે પર્વતનો અનુયાયી બને છે, તેના તત્કાળ રોગો ઉપશમી જાય છે.' પરિવારની પારાવાર પીડા જોઈને સગરરાજે પર્વતની ભાળ મેળવવી શરૂ કરી. પરંતુ તત્કાળ જ તેને સમાચાર મલ્યા કે પર્વત પોતાના નગરના ઉદ્યાનમાં જ આવેલો છે. તુરત જ પોતાના પ્રધાનપુરુષોને લઈ સગરરાજ નગરની બહાર ઉદ્યાનમાં આવ્યો. એક ઉંચા કાષ્ટાસન પર પર્વતે આસન જમાવ્યું હતું.

શરીરે સોનાની જનોઇ...કપાળે અનેક રંગનાં તિલક...લાલ પિતાંબર...ચારેકોર અનેક રોગગ્રસ્ત માણસોની ઠઠ...

સગરે આવીને પર્વતનાં ચરણોમાં મસ્તક નમાવ્યું.

'હે મહાઋષિ ! આપની કૃપાથી મારી પ્રજા નિરોગી બને...મારો પરિવાર...મારૂં અંતઃપુર નિરોગી બને તેમ કરવા અનુગ્રહ કરો.' સગરે પર્વતની સામે બેસી, વિનયપૂર્વક હાથ જોડી વિનંતી કરી.

'રાજન્ ! અમારૂં તો એ કર્તવ્ય જ છે, કે દુઃખીના દુઃખ દૂર કરવાં....' પર્વતે ઠાવકા મોઢે જવાબ આપ્યો.

શાંડિલ્યની દૈવી સહાયથી અલ્પકાળમાં જ પર્વતે સગરરાજના સારાયે નગરને રોગમાંથી મુકત કર્યું,

સગરરાજના આનંદની સીમા ન રહી.

પર્વતનો એ અદનો સેવક બની ગયો. પર્વતના દૈવી પ્રભાવોમાં સગર અંજાઇ ગયો.

બિચારો સગરરાજ ! એને કયાં સમજ છે, કે એનું જ કાસળ કાઢી નાંખવાની આ એક વ્યવસ્થિત જાળ બિછાવવામાં આવી છે, અજ્ઞાનતા એ કેટલી ભયંકર શત્રુ છે ? અજ્ઞાનતા સગરરાજને પર્વતનો ભયંકર ભેદ પરખવા દેતી નથી. અજ્ઞાનતા મહાકાલ અસુરની મેલી રમતનો તાગ પામવા દેતી નથી.

અજ્ઞાનતાએ સગરરાજને મોતના ડાચામાં ધકેલી દીધો.

માટે જ પરમપિતા જિનેશ્વરદેવોએ કેવળજ્ઞાન માટેનો જ પુરુષાર્થ કરવા, અજ્ઞાનતાને નિર્મૂળ કરી દેવા ઉપદેશ કર્યો છે.

અજ્ઞાનતામાં મનુષ્ય મિત્રને મિત્રરૂપે ઓળખી શકતો નથી. શત્રુને શત્રુરૂપે ઓળખી શકતો નથી. એટલું જ નહિ પરંતુ મિત્રને શત્રુ સમજે છે....શત્રુને મિત્ર માને છે ! અરે, અજ્ઞાનતામાં મનુષ્ય પોતાની જાતને.... પોતાના જ સ્વરૂપને ઓળખી શકતો નથી, આનાથી વધીને બીજી કઇ કરુણતા હોઇ શકે ? મનુષ્ય જ્યાં સુધી પોતાના યથાર્થ સ્વરુપને ન સમજી શકયો હોય ત્યાં સુધી એ અજ્ઞાનતામાં અટવાયેલો છે, એ સત્ય સ્વીકારે જ છૂટકો.

સગરરાજે પર્વતનાં પડખાં સેવવાં શરૂ કર્યાં.

યજ્ઞકર્મના બહાના નીચે પર્વતે સગરને સુરાપાન કરતો કર્યો....વેશ્યાગામી બનાવ્યો...માંસાહારી બનાવ્યો. સગરરાજના ચિત્તમાં ઠસાવ્યું કે :

'યજ્ઞમાં દારૂ પીવો એ પાપ નથી! યજ્ઞના નિમિત્તે પરસ્ત્રીને ભોગવવી તે પાપ નથી! યજ્ઞના પ્રસાદરૂપે માંસાહાર કરવો તે પાપ નથી!'

એટલું જ નહિ પરંતુ જ્યાં સગરરાજ પાકો સુરાપાની, માંસાહારી અને પરસ્ત્રીગામી બન્યો એટલે મહાકાલની સૂચનાનુસાર પર્વતે સગરરાજને માતૃમેધ પિતૃમેધ...વગેરે યજ્ઞોનો મહિમા સમજાવવા માંડયો. તેણે સમજાવ્યું:

'માતાને સ્વર્ગે મોકલવી હોય તો યજ્ઞમાં માતાને હોમવી જોઈએ...પિતાને સ્વર્ગમાં મોકલવા પિતાને યજ્ઞની અગ્નિમાં હોમી દેવા જોઈએ....' સાથે સાથે મહાકાલે (શાંડિલ્યે) પોતાની આસુરી શકિતથી એવી માયા રચી: તેણે આકાશમાં વિમાનો બનાવ્યાં... વિમાનોમાં દેવો બતાવ્યા...દેવોના મોંઢે એવી વાણી બોલાવી 'અમે આ પવિત્ર યજ્ઞથી સ્વર્ગમાં આવ્યા છીએ!'

ખલાસ! પૂછવું જ શું ? લોકોએ આંખો મીંચીને હિંસક યજ્ઞો કરાવવા માંડયા....યથા રાજા તથા પ્રજા. સગરરાજે જ્યાં વારે ને તહેવારે ઠેર ઠેર યજ્ઞો કરાવવા માંડયા, ત્યાં પ્રજા શું બાકી રાખે ?

હજારો...લાખો....કરોડો પશુઓનાં યજ્ઞની વેદિકા પર બલિદાન અપાવા લાગ્યાં. નારદજીએ રાવણને કહ્યું–

'હે દશમુખ! મેં જ્યારે જાણ્યું કે પર્વતે મહાકાલના સહારે માઝા મૂકીને હિંસક યજ્ઞો આરંભ્યા છે ત્યારે મારા હૈયામાં અપાર દુ:ખ થયું. નિર્દોષ પશુઓને મૃત્યુના મુખમાંથી ઉગારી લેવા મેં 'દિવાકર' નામના મારા એક વિદ્યાધર મિત્રને વાત કરી. તેણે પણ મારી વાત સ્વીકારી અને તેણે જ્યાં જ્યાં યજ્ઞ માટે પશુઓ ભેગાં કર્યાં હોય ત્યાં ત્યાં જઈ પશુઓનું અપહરણ કરવા માંડયું.

શરૂઆતમાં તો અમારી આ યોજના ખૂબ કારગત નિવડી. પરંતુ ઠેરઠેર જ્યારે પશુઓનું અપહરણ થવા માંડયું ત્યારે પેલો સુરાધમ મહાકાલ ચોંકયો... તેણે પોતાના વિભંગજ્ઞાનનો ઉપયોગ કર્યો. તેણે અમારી યોજના જોઈ. દિવાકર વિદ્યાધરને પશુઓનું અપહરણ કરતો જોયો.

વિદ્યાધરની વિદ્યાનો પ્રતિકાર કરવાનો મહાકાલે એક પ્રબળ ઉપાય શોધી કાઢયો. તેણે પરમાત્મા ઋષભદેવની પ્રતિમાની તેણે સ્થાપના કરવા માંડી... વિદ્યાધર પોતાની વિદ્યાનો ઉપયોગ કરી ન શકયો. તેની વિદ્યા પાછી પડવા લાગી.

હું નિરુપાય થઈ ગયો....હાથ ખંખેરીને અન્ય સ્થાને ચાલ્યો ગયો.

સગરરાજની પાસે અનેક પ્રકારના યજ્ઞો કરાવતાં કરાવતાં હવે સુરાધમ મહાકાલે એનો ઘાટ ઘડી નાંખવાની તૈયારી કરી.

સગરના રાજમહેલે પિતૃમેધ અને માતૃમેધ યજ્ઞ માંડયા.

સગરના પુત્રોને પર્વતે સમજાવી દીધું: 'હવે તમારું કર્તવ્ય તમારા માતા–પિતાને સ્વર્ગમાં મોકલવાનું છે. અને આ પરમ યજ્ઞકર્મ દ્વારા એ કાર્ય તમારે વિના વિલંબે કરવું જોઈએ.'

સગરના પુત્રો પણ પર્વતના પ્રભાવમાં પ્રભાવિત થયેલા હતા.

માતા–પિતાને યજ્ઞમાં હોમી દેવાનું નકકી થયું. યજ્ઞના મંત્રોચ્ચારો થવા લાગ્યા.

નિર્દોષ પશુઓનાં સ્વાદિષ્ટ માંસની મહેફિલ જામી નશાદાર સુરાની પ્યાલીઓ ઉડવા લાગી...ભેદી પડદાઓની પાછળ સગરના અંત:પુર સાથે, નશામાં ચકચૂર બની ઢંગી ધાર્મિકોએ પાપલીલાઓ આચરવા માંડી....

આજે પર્વતે સગરરાજ અને સુલસાને ખૂબ ખૂબ માંસ ખવડાવ્યું...ખૂબખૂબ સુરાપાન કરાવ્યું.

પર્વતે ઉંચા સ્વરે પિતૃમેધનો મંત્રાક્ષર ઉચ્ચાર્યો સંકેત મુજબ સગરના પુત્રે સગરને ઉપાડીને યજ્ઞના ધખધખતા અગ્નિમાં હોમી દીધો...

પર્વતે મોટા સ્વરે માતૃમેધનો મંત્રાક્ષર ઉચ્ચાર્યો સુલસાને ઉપાડીને હોમમાં હોમી દેવામાં આવી...

બસ ! કાર્ય સમાપ્ત થઈ ગયું.

મહાકાલના કલેજે ઠંડક વળી. વેરની વસુલાત લેવાઈ ગઈ...પર્વતને રખડતો મૂકી મહાકાલ પોતાના સ્થાને ચાલ્યો ગયો !

કેવી સ્વાર્થસાધકતા ! પોતાના સ્વાર્થને સાધવાની પાછળ કેટલા...અસંખ્ય જીવોનો કારમો હત્યાકાંડ... પાપલીલાનું કેવું દારુણ...હિતવિઘાતક... પ્રવર્તન...

દશમુખ ! ત્યારથી આ હિંસક યજ્ઞ ચાલી રહ્યો છે...ત્યારથી ધર્મના નામે હિંસા...જૂઠ...દુરાચાર.... વગેરે સેંકડો પાપો આચરાઇ રહ્યા છે.

પરંતુ હવે મારે તને એક જ વાત કહેવી છે કે તારે જ્યાં જ્યાં આવા હિંસક યજ્ઞો થતા હોય ત્યાં ત્યાં તે યજ્ઞો તારે અટકાવવા જોઈએ. કારણ કે તું સમર્થ છે...શકિતસમૃદ્ધ છે....'

'દેવર્ષિ ! આપની આજ્ઞા હું શિરે ચઢાવું છું. મારાથી બનતા બધા જ પ્રયત્નોથી આ હિંસક યજ્ઞો નાબૂદ કરીશ.'

રાવણે દેવર્ષિના ચરણોમાં નમસ્કાર કર્યા.

મરુત્ રાજાએ નારદજીનાં ચરણોમાં પડી પોતાના અપરાધની ક્ષમા યાચી.

નારદજીએ પણ ઉદાર હૃદયે ક્ષમા બક્ષી અને જવા માટે રજા માગી. બંને રાજાઓએ દ્વાર સુધી જઇને નારદજીને વિદાય આપી.

નારદજી તો આકાશમાર્ગે ત્યાંથી ક્ષણવારમાં અદ્રશ્ય થઇ ગયા.

મરુત્ રાજા તો અજાયબ જ પામી ગયો. 'આ દિવ્ય પુરુષ કોણ ? રાવણ પણ જેમને નમે....બહુમાન કરે !'

'પરાક્રમી! આ કૃપાસાગર મહાપુરુષ કોણ છે ? કે જેમણે મને ઘોર પાપમાંથી ઉગારી લીધો ?'

મરુતે રાવણને નારદજી અંગે જાણવાની ઇચ્છા વ્યકત કરી.

'રાજન્! એ મહાપુરુષ 'નારદજી' તરીકે પૃથિવી પ્રસિદ્ધ દેવર્ષિ છે! તેમનો ઇતિહાસ પણ રમુજી અને રોમાંચક છે!'

'મોટાભાઇ ! કહોને ત્યારે એ ઇતિહાસ ! ભૂત-કાળના અનંત ક્ષેત્ર પર જ પરિભ્રમણ કરવાનો જ આજનો દિવસ છે!' બિભીષણે કહ્યું.

નમતો પહોર હતો.

નારદજીએ કહેલો હિંસક યજ્ઞનો લાંબો ઇતિહાસ સાંભળ્યા પછી બધા જ નારદજી અંગે સાંભળવા માટે આતુર હતા. તેમાં ય રાવણના મોઢે સાંભળવાની તક મળતાં સહુને આનંદ થયો.

રાવણે ધીમે સ્વરે વાતનો પ્રારંભ કરતાં કહ્યું :

એ એક અરણ્ય હતું....

પણ મનને મહેંકાવી દે તેવી ત્યાં મધુરતા હતી... દિલને ડોલાવી દે તેવું ત્યાં સૌન્દર્ય હતું...આત્માને રસતરબોળ કરી દે તેવી ત્યાં શાંતિ અને શીતળતા હતી.

ત્યાં એક આશ્રમ હતો.

નાનકડી એક કુટિર ! તેમાં એક તાપસ પોતાની પત્ની સાથે રહે.

તાપસનું નામ બ્રહ્મરુચિ અને તાપસ પત્નીનું નામ કૂર્મી.

બસ, અરણ્યના ફળો ખાઈને ક્ષુધા શમાવવાની... નદીનું પાણી પીને તૃષા છીપાવવાની....વૃક્ષની છાલનાં વસ્ત્ર બનાવીને શરીર ઢાંકવાનું ! બાકી આખો ય દિવસ પરમાત્માનું નામ સ્મરણ કરતાં કરતાં પૂર્ણ કરવાનો.

પરંતુ....હજુ તેઓ બ્રહ્મચારી ન હતાં. છતાં વિષયાસક્ત ન હતાં.

કાળક્રમે ઋષિપત્ની ગર્ભિણી બની.

એ અરસામાં એક પુણ્ય પ્રસંગ બન્યો,

કેટલાક જૈનશ્રમણો બ્રહ્મરુચિ તાપસના આશ્રમે આવી ચઢ્યા.

બ્રહ્મરુચિએ શ્રમણોનો સત્કાર કર્યો.

એક ઘટાદાર વૃક્ષની નીચે સ્વચ્છ ભૂમિપર શ્રમણોએ વિસામો કર્યો. બ્રહ્મરુચિ શ્રમણોની સામે આવીને બેઠો.

શ્રમણોએ બ્રહ્મરુચિ તાપસના ભાવુક....ઉન્નત આત્માને પારખ્યો. તેને સાચું માર્ગદર્શન આપી

સન્માર્ગે ચડાવવાની શ્રમણોએ ભાવના કરી.

'મહાનુભાવ ! તમે અહીં ઘણા સમયથી રહેતા લાગો છો...' શ્રમણોએ વાર્તાલાપ શરૂ કર્યો.

'હા જી.' બ્રહ્મરુચિએ વિનયયુક્ત જવાબ આપ્યો.

'તમે ઘર...નગર....ત્યાગીને અહીં વનમાં કેમ વસ્યા છો?'

'પરમ બ્રહ્મની પ્રાપ્તિ કરવા માટે...'

'પણ તમે તો અહીં પણ નવો જ સંસાર શરૂ કર્યો છે, પછી પરમ બ્રહ્મની પ્રાપ્તિ કેવી રીતે થશે?'

'એટલે આપનું કહેવાનું તાત્પર્ય શું છે?'

'એ જ કે પરમ બ્રહ્મની પ્રાપ્તિ માટે તો વૈષયિક સુખોનો ત્યાગ કરવો જોઇએ. સ્ત્રીનો સહવાસ ત્યજવો જોઇએ અને પરમ બ્રહ્મની પ્રાપ્તિ માટે જ્ઞાન...ધ્યાન...તપ...ત્યાગ...ગુરુસેવા....વગેરે અનેક બાહ્ય-અભ્યંતર સાધનામાં મગ્ન થઇ જવું જોઇએ. આ રીતે વનમાં રહેવાથી સર્વથા નિષ્પાપ જીવન જીવી શકાય નહિ...છ યે પ્રકારના જીવો (ષટ્કાય)ને સર્વથા અભયદાન આપી શકાય નહિ.'

તાપસ એકાગ્રતાપૂર્વક શ્રમણોની સાકરમધુર વાણીને સાંભળી રહ્યો હતો. શ્રમણોએ પરમાત્મા જિનેશ્વરદેવના શાસનનો સર્વાંગ સંપૂર્ણ...નિષ્પાપ સાધનામાર્ગ બતાવ્યો. સાધક જીવનની ભવ્ય દિનચર્યા સમજાવી. પરમાત્માનો અદ્‌ભુત તત્ત્વમાર્ગ બતાવ્યો.

તાપસના અંતઃકરણમાં સમ્યગ્જ્ઞાનનો રત્નદિવો પ્રગટી ગયો. તેને શ્રમણોની વાત રુચિ. તેને સાધનાના સોપાને આરોહણ કરવાના અરમાન જાગ્યા. તેણે ગૃહસ્થ જીવનની સાધનાનો ખ્યાલ મેળવ્યો... પણ એનાથી ય આગળની સાધના કરી લેવાની ભાવના તેને જાગૃત થઇ. શ્રમણો પાસેથી શ્રમણ જીવનની સંપૂર્ણ રૂપરેખા જાણી ત્યારે તેના હૃદયમાં હર્ષનો સાગર હિલોળે ચડયો.

તેણે પોતાની ધર્મપત્ની કૂર્મીને પણ બોલાવી. તેણે પણ શ્રમણોના પાવન મુખે ગૃહસ્થ જીવનની ચર્યા સમજી લીધી. શ્રાવિકા બનવાના તેને મનોરથ જાગ્યા. બ્રહ્મરુચિએ કૂર્મીને પૂછી જોયું કે પોતે શ્રમણ બને તો તેની અનુમતિ છે ને? તેને દુઃખ નહિ થાય ને? કૂર્મી પતિના અભિપ્રાયને...પતિના પ્રિયને સમજનારી હતી. તેણે પતિની શ્રમણ બનવાની ભાવનાને અનુમતિ આપી.

શ્રમણોએ ત્યાં જ બ્રહ્મરુચિને શ્રમણવેષ સમર્પ્યો. ગર્ભિણી ઋષિપત્નીને શ્રાવિકાધર્મ આપ્યો.

શ્રમણોએ ત્યાંથી બ્રહ્મરુચિને લઇને વિહાર કર્યો. કૂર્મી આશ્રમમાં રહી ગર્ભનું કાળજીપૂર્વક પાલન કરવા લાગી.

શ્રાવિકા બનેલી ઋષિપત્ની હવે રોજ શ્રમણોએ આપેલા નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરે છે. પરમાત્મા જિનેશ્વરદેવનું નામસ્મરણ કરે છે. કંદમૂળનો ત્યાગ કર્યો. ભક્ષ્ય એવાં જ ફળો પર નિર્વાહ કરવા માંડયો. નદીનું પાણી ગળીને ઉપયોગમાં લેવા માંડયું.

નવ મહિના પૂર્ણ થયા. ઋષિપત્નીએ એક તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો. પરંતુ જગતની બીજી માતાઓ જે પુત્રોનો જન્મ આપે છે તેના કરતાં આ પુત્રનો જન્મ આશ્ચર્યજનક બન્યો! જન્મતાં બીજા બાળકોની જેમ આ ઋષિપુત્ર રોતો નથી! તેણે રુદન ન કર્યું માટે તેનું નામ 'નારદ' કહેવાયું!

નવજાત પુત્રને આશ્રમના આંગણામાં એક રમણીય વૃક્ષની નીચે પર્ણની પથારી પર રમતો મૂકી ઋષિપત્ની નદીમાં પાણી ભરવા ગઈ.

અહીં દેવલોકના 'જૃંભક' જાતના દેવો મનુષ્યલોકના તીર્થોની યાત્રા કરીને પાછા વળતા હતા, તેમણે આ બાળકના પ્રકૃષ્ટ પુણ્યે દેવોનાં દિલને આકર્ષ્યાં.

બાળકને ઉપાડી જવાનો વિચાર કરી દેવો બાળકની પાસે આવ્યા અને બાળકને વિમાનમાં બેસાડી પોતાના સ્થાને ચાલી ગયા.

દેવોએ એ વિચાર ન કર્યો કે 'જ્યારે આ બાળકને એની માવડી નહિ જુએ ત્યારે એ કેવું કારમું રૂદન કરશે? એની કેવી કફોડી સ્થિતિ થશે?'

સંસારી જીવોની આવી જ સ્થિતિ હોય છે.

પોતાના સુખની પાછળ સંસારી બીજાના દુઃખનો

વિચાર નથી કરતો. બીજાના દુઃખની પરવા કર્યા વિના કેવળ પોતાનાં સુખનો જ વિચાર કરનાર જીવન સંસારી જીવન છે.

કૂર્મી પાણી ભરીને આશ્રમમાં આવી, આવીને તુરત જ પોતાના પુત્રની પાસે ગઇ...પરંતુ સુકોમળ પર્ણની પથારી ખાલી પડી હતી. કૂર્મીના પેટમાં મોટી ફાળ પડી...તેણે આજુબાજુ તપાસ કરી પરંતુ પુત્રને ન જોયો...કૂર્મી ખૂબ વિહ્વળ બની ગઇ...તેની આંખોમાંથી આંસુની વર્ષા થવા લાગી...કરુણ વિલાપ કરતી તે અટવીમાં ફરવા લાગી...

પુત્રના વિરહમાં તેના માથે દુઃખનો ડુંગર તૂટી પડયો....તે ખાવાનું ભૂલી...પીવાનું ભૂલી....બસ, પુત્રને યાદ કરી કરીને રૂદન કરવા શિવાય તેને કંઇ સુઝતું નથી. અનેક પ્રકારના વિકલ્પોમાં તે અટવાવા લાગી....'શું મારા પુત્રને જંગલી પશુ ઉપાડી ગયું હશે? શું મારા લાડિલાને કોઇ ચોર ઉપાડી ગયો હશે? અરેરેરે .... મારા એ વહાલા પુત્રનું શું થયું હશે?...'

તેને હવે આશ્રમ અકારો લાગવા માંડ્યો.

ઘણા દિવસો વીત્યા પણ પુત્રનો પત્તો ન લાગ્યો ત્યારે કૂર્મીએ પતિના માર્ગે જવાનો નિર્ણય કર્યો. સદ્‌ભાગ્યે 'ઈન્દુમાલા' નામનાં સાધ્વીજી મહારાજ મળી ગયાં. તેમની પાસે કૂર્મીએ સાધ્વીજીવન સ્વીકાર્યું.

શોકની લાગણીને વૈરાગ્યના અમૃતકુંડમાં ડબોળી દઇ કૂર્મી પ્રશાંત બની.

દેવોએ બાલ નારદને ખૂબ લાલનપાલનથી ઉછેરવા માંડયો. દેવોની કાળજી એટલે પછી પૂછવું જ શું!

એકલું લાલનપાલન જ નહિ પરંતુ અનેક કળાઓ .... અનેકવિધ શાસ્ત્રો પણ શિખવ્યાં. યૌવનમાં પ્રવેશતાં નારદજીને દેવોએ 'આકાશગામિની' વિદ્યા આપી.

નારદજીએ પોતાનો વેષ વિચિત્ર રચ્યો!

તેમણે માથે વાળની ઝટા વધવા દીધી અને વધેલા વાળની મજેદાર જટા બાંધવા લાગ્યા! મસ્ત યૌવન....અને ઉંચી જટા...નારદજી ન તો ગૃહસ્થ લાગે કે ન તો સાધુ!

બસ, આકાશમાં ઉડ્ડયન કરવાની વિદ્યાથી તેઓ ભિન્ન ભિન્ન શાશ્વતા તીર્થોની યાત્રા કરવા લાગ્યા! વચ્ચે કોઈ આકર્ષક નગર...વન...કે ગુફા દેખાય તો ઉતરી પડે નીચે...

'હા, તેઓ કોઇના દ્વારે ગયાં અને તેમનું જો સ્વાગત ન કર્યું તો પેલાના બાર જ વાગ્યા સમજવા! એમનો ઝગડા જોવાનો શોખ બેહદ! જોવા ન મળે તો ઝગડો કરાવીને પણ જુએ ખરા!

સંગીતનો પણ એટલો જ રસ! હાથમાં વિણા રાખીને જ ફરવાના!

આ બધાની સાથે, એમની ગુણસમૃદ્ધિ પણ જેવી તેવી નથી.

તેઓ અણુવ્રતધારી છે.

'અણુવ્રત એટલે શું?' મરુત રાજાએ વચ્ચે જ પ્રશ્ન કર્યો.

અણુવ્રત પાંચ છે. વ્રતનું આંશિક પાલન કરે તે અણુવ્રતી કહેવાય વ્રતનું સર્વથા પાલન કરે તે મહાવ્રતી કહેવાય!

(૧) હિંસા ન કરવી.
(૨) જૂઠ ન બોલવું.
(૩) ચોરી ન કરવી.
(૪) મૈથુન ન સેવવું.
(૫) પરિગ્રહ ન રાખવો.

આ પાંચ વ્રતોને નારદજી અમુક અંશે પાલન કરે છે. હમણાં જ તમે ન જોયું, આ હિંસક યજ્ઞ જોઇને તેમને કેટલું દુઃખ થયું હતું? અને હિંસા બંધ કરાવવા તેમણે કેટલી બધી ધમાલ મચાવી?

બસ, તેઓ પૃથ્વી પર ઇચ્છા મુજબ વિચારતા જ રહે છે! તેમણે લગ્ન કર્યું નથી તેમજ કરવાના પણ નહિ! તેઓ અખંડ બ્રહ્મચારી છે.'

નારદજી અંગેની આટલી રસભરપૂર માહિતી આપી રાવણે હવે આગળ પ્રયાણ કરવાની મરુત રાજા પાસે રજા માગી.

(ક્રમશઃ)

# વંકચૂલ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય :** કલિંગદેશમાં ઢીંપુરીનગરીમાં વિમલયશ રાજા, ને તેને પુષ્પચૂલ નામે પુત્ર છે, ને શ્રી સુંદરી નામે પુત્રી છે, પુષ્પચૂલ જે અનેક વ્યસનોમાં આસકત તથા અન્યાયી માર્ગે ગમન કરે છે. મહારાજા વિમલયશ ને આ વાતનું અતિદુઃખ છે. મહારાણીને પણ પુષ્પચૂલનાં વર્તમાન જીવન માટે દુઃખ છે. પુષ્પચૂલની પ્રિયતમા કમળાદેવીને પુષ્પચૂલનાં જીવનમાં પ્રેરણા કરવા તેઓ જણાવે છે. કમલા આ માટે રાહ જોઈ રહેલ છે. પુષ્પચૂલ મિત્રો સાથે નગરશેઠનું ભવન લૂંટવા યોજના ઘડે છે, પુષ્પચૂલનું જીવન આ રીતે અન્યાયી હોવાથી તે વંકચૂલ તરીકે પ્રસિદ્ધ થાય છે. **હવે વાંચો આગળ :**

⊙

## પ્રકરણ ૨ જું

## કમલારાણી :

નિશાચર કોટિના માણસો અથવા તો રાતને જીવનનું માધુર્ય માનીને મોજમાં ભટકતા લોકો અથવા વિલાસના અંધકારમાં ખુંચી ગયેલા જીવો કદી પણ પ્રાતઃકાળના સૌમ્ય અને જીવનવર્ધક વાતાવરણનો લાભ પામી શકતા નથી. કારણકે આવા લોકોની રાત એ દિવસ હોય છે અને દિવસ એ રાત બને છે.

વંકચૂલ શય્યામાંથી બેઠો થયો ત્યારે દિવસનો પ્રથમ પ્રહર કયારનો પૂરો થઇ ગયો હતો. રાજભવનના સઘળા માણસો સ્નાનાદિ નિત્ય કર્મથી પરવારીને પોતપોતાના કામે વળગી ગયા હતા. મહાદેવી દેવદત્તા ભોજનગૃહમાં દેખરેખ રાખી રહ્યાં હતાં અને વંકચૂલની સુંદરી પત્ની કમલા નિત્ય નિયમ પ્રમાણે રાજભવનના શ્રી જિનપ્રાસાદમાં પૂજા આદિથી શ્રી જિનભકિત કરીને સ્વામી જાગૃત થાય તેની રાહ જોતી એક આસન પર બેઠી હતી. આજ સ્વામીને સમજાવવાનો તેણે નિશ્ચય કર્યો હતો. તે સમજતી હતી કે, 'એક રાજપુત્રના ગૌરવને શોભે એવું જીવન જો ન જીવી શકાય તો યુવરાજ પદ કેવળ નામનું જ બની રહે છે. તેને એ પણ ખ્યાલ હતો કે પુરુષને સન્માર્ગે વાળવાનો પુરુષાર્થ જેટલે અંશે પત્ની માટે શકય છે તેટલે અંશે અન્ય કોઇ માટે શકય નથી.'

વંકચૂલ જેવો શય્યામાંથી બેઠો થયો કે તરત કમલા આસમ પરથી ઉઠીને સામે આવી અને સહાસ્ય વદને બોલી 'સ્વામી, આમ નજર તો કરો.... દિવસનો બીજો પ્રહર ચાલી રહ્યો છે.'

'હા...પરંતુ હું મોડો સૂતો હતો...જો પુરી નિદ્રા ન લઉં તો આરોગ્ય જળવાઇ નહિ.' કહી બે હાથ ઉંચા કરી...એક બગાસું ખાઇ તે ઉભો થયો અને બોલ્યો : 'પ્રિયે, તું પ્રાતઃકાર્યથી નિવૃત્ત થઇ ગઇ લાગે છે. હું પણ પ્રાતઃકાર્ય પતાવી લઉં...'

'હા...પરંતુ મારે આપની સાથે થોડીક વાતો કરવી છે.'

'વાતો? હા....હા...પ્રથમ યૌવનની બહાર વાતોથી જ ખીલે છે...હું હમણાં જ આવું છું.' કહી વંકચૂલ પ્રાતઃકાર્ય માટે ખંડ બહાર ચાલ્યો ગયો.

કમળા ત્યાં ને ત્યાં એક આસન પર બેસી ગઇ, તેના મનમાં અત્યારે અનેક વાતો ઉછળી રહી હતી, તેને થતું હતું કે સ્વામી દેખાવમાં સુંદર છે. વાણીમાં મધુર છે...છતાં ગૃહજીવન પ્રત્યે મમતા શા માટે નહિ રાખતા હોય? શું તેઓ લગ્ન પહેલાં જ કોઇ અન્ય નારીથી બંધાઇ ગયા હશે? એવું હોય તો

શા માટે એ નારી સાથે લગ્ન નહિં કરતા હોય? શું એ નારી કોઇ હલકા કુળની હશે? અને આવું રાજસુખ, આવા ધર્મિષ્ઠ અને આવા વાત્સલ્ય પ્રેમથી ભરપુર માબાપ, યુવરાજપદ સુંદર પત્ની... પ્રેમમૂર્તિ શી બહેન...આ બધુ અલભ્ય સુખ પ્રાપ્ત થયેલું હોવા છતાં તેઓ ખરાબ મિત્રોની સોબતમાં શા માટે રહેતા હશે? શા માટે ચોરી વગેરે નિંદ્ય કાર્યમાં રસ લેતા હશે? શા માટે શરાબ જેવું દુષણ ધારણ કર્યું હશે? શા માટે દ્યૂતક્રીડામાં આનંદ મેળવતા હશે? જે ચીજો જીવન માટે શોભારૂપ નથી, જે વસ્તુ અપયશ, અકીર્તિ અને વિનાશ પાથરનારી છે તે વસ્તુ શા માટે પ્રિય જણાતી હશે?

મન જ્યારે વિચારોનાં તરંગોમાં સપડાય છે, ત્યારે કલ્પનામાં ન હોય એવા તરંગોનો પણ મનને સ્પર્શ થાય છે. વિચારોના વમળમાં અટવાયેલી યુવરાણી કમલાના અંતરમાં એક નવો જ પ્રશ્ન ઉભો થયો....શું મારામાં એવું રૂપ નથી કે હું મારા સ્વામીને બાંધી ન શકું? શું મારામાં એવા ગુણો પણ નથી કે જે મારા પતિને આકર્ષી શકે? ના... ના...મને જોનારી પ્રત્યેક બહેનો કહે છે કે તમારા જેવું રૂપ કયાંય નથી...અરે ગુણ માટે તો સહુ પ્રસંશા કરે છે. કોઈનું યે અહિત થાય એવી કલ્પના સરખીયે કદી આવી નથી...કોઇના પ્રત્યે કદી પણ વેરકે ઇર્ષાનો કોઇ અંશ પ્રગટયો નથી...તો સ્વામી કેમ આકર્ષાતા નથી!

બિચારી કમલા!

એને કયાંથી ખબર હોય કે અપ્સરા પણ શરમાઈ જાય એવા રૂપવાળી પત્નીના સ્વામીઓ ઝહેરના કટોરામાં જ તૃપ્તિ માનતા હોય છે...પુરુષને રૂપ પ્રિય નથી એને તો જલતી આગ જેવો ઉપચાર જ પ્રિય છે! એવો ઉપચાર પરકીયા સિવાય કે વારયોષિતા સિવાય કોણ આપી શકે? જે નારી પવિત્ર છે, ગુણની ખાણ સમી છે અને આદર્શ છે તે નારી કદી પણ જલતી આગ બનવાનો વિચાર સરખો યે કરતી નથી. પોતાના સ્વામીને પ્રસન્ન કરવા ખાતર તે કદી પણ હીન ગણાતા પ્રેમચારો કરવા તૈયાર થતી નથી. એ કેવળ પોતાના સર્વસ્વનું અર્પણ જ કરી જાણે છે...અને આવા ત્યાગથી શોભતી નારી પ્રેમચારની માયા જાળ રચવાનું કદી પસંદ નથી કરતી. જે સહજ છે, સ્વાભાવિક છે અને હૈયાની ઊર્મિઓના પ્રતિબિંબ રૂપ છે તે જ તેનાથી શકય હોય છે.

પરંતુ આ વાત પ્રથમ યૌવનના ઉંબરમાં ઉભેલી અને અનુભવના અંગારાઓથી દૂર રહેલી કમલા કયાંથી સમજી શકે?

લગભગ બે ઘટિકા પછી વંકચૂલ સ્નાનાદિથી નિવૃત્ત થઇને આવી ગયો અને પત્નીને ખંડમાં બેઠેલી જોતાં જ બોલી ઉઠયો: 'તું અહીં જ બેસી રહી છે? તું તો જાણે છે કે ગઇકાલે મધ્યાન્હ પછી હું બહાર નીકળ્યો હતો...પહાડી અને વનભૂમિનો પ્રવાસ....ભૂખ તો એટલી સતાવી રહી છે કે આંખે અંધારાં આવતાં હોય એમ લાગે છે.'

'ભોજન તૈયાર જ છે....ચાલો ભોજનગૃહમાં...'

'તું જા....તૈયારી...કર...હું થોડી પળોમાં જ આવું છું.' કહી વંકચૂલ એક દર્પણ સામે ઉભો રહ્યો અને હાસે ઓળેલાં વાળો જોવા માંડયો.

કમળા ભોજનની તૈયારી માટે તરત ચાલી ગઇ. ખંડમાં બેચાર ચક્કર મારીને વંકચૂલે શનિવારની રાતે કરવા ધારેલા સાહસ અંગેનો કંઇક નિર્ણય કરી લીધો. તે જાણતો હતો કે: 'નગરશેઠના ભવનનો પાછલો ભાગ જનશૂન્ય હોય છે...એ ભાગમાંથી અંદર જવા માટે કશી અડચણ પડી શકે એમ નથી...હા રાજનો ચોકીદાર રાતે ફરતો ફરતો કદાચ આ તરફ આવી ચડે! એનો કોઇ ભય નથી....એને સહેલાઇથી થાપ આપી શકાશે... અથવા...'

વિચાર આગળ વધે તે પહેલાં જ એક પ્રૌઢ પરિચારિકાએ ખંડમાં દાખલ થઇને વિનયભર્યા સ્વરે કહ્યું: 'કૃપાવતાર, ભોજન તૈયાર છે...'

'ચાલ, હું આવું છું....' કહી યુવરાજ વંકચૂલ ઉત્તરીય સરખું કરીને ભોજનગૃહ તરફ જવા અગ્રસર થયો.

ભોજનગૃહમાં વંકચૂલની એકની એક નાની બહેન સુંદરી પણ ભાભી સાથે વાતો કરવા આવી ગઈ હતી.

ભાઇને ભોજનગૃહમાં દાખલ થતાં જોતાં જ તે બોલી: 'ભાભી, મારા ભાઇને બરાબર જમાડજો... જરા નજર તો કરો...એમનો ચહેરો કેટલો કરમાઈ ગયેલો છે?' ત્યાર પછી તેણે ભાઇ સામે આવી ભાઇના હાથ પકડી લઇ કહ્યું: 'ભાઈ, તમારી આંખો આટલી નિસ્તેજ કેમ લાગે છે?'

વંકચૂલે બહેનના ખભા પર હાથ ફેરવતાં કહ્યું: 'બેન, કશી ચિંતા કરીશ નહિ...તારા ભાઇને કશું નથી થયું...આજ બહુ મોડો ઉઠયો હતો એટલે તને એમ લાગે છે....તેં જમી લીધું?'

'હા....મા સાથે જ જમી લીધું.' કહી સુંદરી પુનઃ કમલા પાસે ગઈ અને બોલી: 'ભાભી, મધ્યાન્હ સમયે મા પાસે આવજો.'

કમલાએ સમ્મતિ દર્શાવી.

અને હાસ્ય કલ્લોલના પ્રતિક સમી શ્રી સુંદરી હરણનાં બચ્ચાં માફક નાચતી કુદતી ખંડ બહાર નીકળી ગઈ.

વંકચૂલ ભોજન કરવા બેઠો.

પરિચારિકાના બદલે કમલા પિરસવા માંડી.

પણ સાચી ભૂખ કોઇદી છૂપાઇ શકતી નથી અને બનાવટી ભૂખ તરત પકડાઇ જાય છે. પત્ની સાથે વાત કરવાનો પ્રસંગ ટાળવા ખાતર વંકચૂલે ખૂબ જ ભૂખ લાગી હોવાનું જણાવ્યું હતું....પરંતુ ભાણા પર બેઠા પછી તે રોજના જેટલો યે ખોરાક લઇ શકયો નહિં. પત્નીનો ખૂબ જ આગ્રહ જોઇને તે આછા હાસ્ય સહિત બોલ્યો: 'તારા આગ્રહનો સત્કાર કરીશ તો મારે અહીંથી સીધા રાજવૈદને મળવા જવું પડશે.'

'પરતુ આપે તો કશું ખાધું નથી.'

'તારૂં ધ્યાન માત્ર પીરસવામાં જ હતું એટલે મેં કેટલું ખાધું તેની કલ્પના તું કરી શકતી નથી.' વંકચૂલે કહ્યું.

'આ મધુ ગોલક તો એમને એમ પડયો છે... પુરી બેજ મૂકી હતી...આપે માત્ર અડધી જ ખાધી છે....આપ તો કહેતા હતા કે મને સખત ભૂખ લાગી છે...'

'મેં સાચું કહ્યું હતું...ઇચ્છા કરતાં વધારે જમ્યો છું...થોડા ભાત પણ માંડ માંડ લઇ શકીશ.'

પત્ની સમજી ગઇ કે સ્વામીએ ભૂખનું બહાનું જ બતાવ્યું હતું.

થોડીવાર પછી વંકચૂલ ભોજનગૃહમાંથી વિદાય થયો.

કમલા જમવા બેઠી. એકાદ ઘટિકા પછી ભોજનથી નિવૃત્ત થઇને તે સ્વામી સાથે કેટલીક વાતો કરવાના ઇરાદાએ પોતાના ખાસ ખંડમાં ગઈ ત્યારે તે જાણી શકી કે, વંકચૂલ મુખવાસ લઇને તરત બહાર નીકળી ગયો હતો.

કમલાએ પરિચારિકાને પુછ્યું: 'કયાં ગયા છે એ? કંઇ કહેતા ગયા છે?'

'ના, દેવી...'

'કયારે આવશે, તે કંઇ કહેતા ગયા છે?'

'ના દેવી....માત્ર મુખવાસ લઈને તેઓ તરત નીચે ઉતરી ગયા હતા.' પરિચારિકાએ કહ્યું.

કમલાના હૃદયને ભારે ઠેસ વાગી. આજ તો તેણે પાકો નિશ્ચય કર્યો હતો કે, સ્વામીને સમજાવવા વિનવવા અને સાચા રસ્તે ચાલવાની પ્રેરણા આપવી. તે કંઇક નિરાશા અનુભવતી એક આસન પર બેસી ગઇ.

પરિચારિકાએ કમલા સામે મુખવાસનું પાત્ર પાછું લઇ જવા જણાવ્યું.

કમલા સમજતી હતી કે હવે સ્વામી કયારે આવે તે કહી શકાય નહિ. કદાચ સાંજે જમવા આવે કે ન આવે....અને કદાચ છેક પાછલી રીતે...પણ આવે!

શું થાય? પુરુષ ઘર પ્રત્યે આકર્ષાય એવું મહાન આકર્ષણ કેવળ પરિવાર અને પ્રેમ જ છે. એ બધું અહીં હોવા છતાં એમનું મન ઘર પ્રત્યે કેમ ચંચળ રહ્યા કરતું હશે?

આનો જવાબ સત્તર વર્ષની પત્ની કયાંથી શોધી શકે?

આજ પત્ની સાથે વાતો કરવી છે એમ વંકચૂલ સમજતો હતો....પરંતુ ભોજન કરીને ખંડમાં આવ્યા પછી તેના નયન સામે નગરશેઠને ત્યાં ચોરી કરવાનો નિશ્ચય તરવરવા લાગ્યો...અને સલામત રીતે ચોરી કરી શકાય એ માટે પૂરતી માહિતી મેળવવી જરૂરી હતી....એટલું જ નહિં, પણ એ માહિતી પર મિત્રો સાથે વિચાર કરીને આખો કાર્યક્રમ તૈયાર

કરવાનો હતો.

શનિવારની મધરાતે નગરશેઠના ભવન પર ધાડ પાડવાની હતી એટલે તે કાર્ય અર્થે વંકચૂલ તરત ભવન બહાર નીકળી ગયો હતો.

જ્યારથી મહારાજાએ રાજકોષનાં દ્વાર બંધ કરેલાં અને પુષ્પચૂલમાંથી વંકચૂલ નામ પાડેલું ત્યારથી તે કંઇક નિર્ભય, વક્ર અને ચંચળ બની ગયો હતો. તે બહાર જતો ત્યારે પોતાના એક પ્રિય અંગરક્ષકને અને અશ્વને જ સાથે લઈ જતો હતો. માર્ગમાં તેને કોઇ રોકટોક કરતું નહિં. કોઇવાર મહામંત્રીનો ભેટો થઇ જતો ત્યારે કેટલોક ઉપદેશ સાંભળવો પડતો અને આવો ઉપદેશ તેને કદી ગમતો નહિં. ઘડીભર ઉપદેશ વાક્યો સાંભળી, મીઠો ઉત્તર આપી તે વિદાય થઈ જતો.

આજ પણ મુખવાસ લઈને તરત તે પોતાના અશ્વ સાથે અને અંગરક્ષક સાથે ભવન બહાર ચાલ્યો ગયો હતો.

સહુથી પ્રથમ તે ફરીવાર નગરશેઠની હવેલીની પાછળના ભાગનું ઉડતું નિરિક્ષણ કરતો ગયો.... માર્ગમાં લોકો મળતા, નમસ્કાર કરતા અને વિદાય થતા. વંકચૂલ પણ સહુને નમસ્કારનો જવાબ વાળતો.

નગરશેઠની હવેલીનો પાછળનો ભાગ એક સાંકડી ગલીમાં પડતો હતો. આ ગલીમાં બીજા ચાર છ મકાનો હતાં અને લોકોનો અવરજવર ઘણો અલ્પ રહેતો. દિવસના ભાગમાં પણ લોકોનો અવરજવર બહુ રહેતો નહિં...કોઇ કોઇવાર ગલીનાં બાળકો રમતાં હોય અથવા કોઇ એકલદોકલ માણસ જતો આવતો હોય. યુવરાજ એ રસ્તેથી નીકળ્યો...તેણે ઝીણી નજરે નગરશેઠની હવેલીનો પાછલો ભાગ બરાબર જોયો. મનથી કંઇક માપ પણ કર્યું....ત્યાર પછી તે એજ ગલીમાંથી આગળ નીકળી ગયો...આગળ જતાં આ ગલી એક મોટા રસ્તાને મળતી હતી, મોટા રસ્તા પર આવતાં જ તેની નજરે જનતાનો અવરજવર ચઢ્યો અને લોકો પણ યુવરાજને આ રીતે મધ્યાન્હ સમયે એકલા નીકળેલા જોઇ આશ્ચર્ય સહિત નમસ્કાર કરવા માંડ્યા. નમસ્કાર કરનારાઓ સામે મધુર હાસ્ય વડે મસ્તક નમાવી નમાવીને યુવરાજ આગળ વધ્યો અને પોતાના સાથીના મકાન તરફ વળી ગયો.

યુવરાજનાં મુખ્ય સાથીઓ પાંચ હતા અને યુવરાજને ખૂબ જ ખુશ રાખતા હતા. કારણ કે તેઓ સમજતા હતા કે ગમે ત્યારે પણ યુવરાજ આ રાજ્યનો વિધાતા બનવાનો જ છે અને એ સમયે આપણી જાહોજલાલી લોકોને ઇર્ષામાં ધકેલે એવી બનવાની છે.

યુવરાજ પોતાના અશ્વ સાથે સાથીના જીર્ણ છતાં મોટા દેખાતા મકાનમાં પહોંચ્યો....અને યુવરાજના મિત્રે ખૂબ જ વહાલભર્યું સ્વાગત કર્યું.

જ્યાં માનવી વસી ન શકે અથવા ઘડીક આરામ પણ ન લઇ શકે એવા એક અંધારીયા ખંડમાં બંને દાખલ થયા.

યુવરાજે પોતાના નિરિક્ષણની વાત રજુ કરી: 'શ્યામ, આજ મેં ફરીવાર તપાસ કરી છે. રાતના સમયે એ ગલીમાં ભાગ્યે જ કોઈ માણસ આવતું હોય છે અને નગરશેઠના ધન ભંડારવાળો ઓરડો જમીનથી પાંચ ગજ ઉંચો હોય એવું મારૂં ચોકકસ અનુમાન છે.'

વચ્ચેજ શ્યામે કહ્યું: 'તો તો બાંકોરૂં પાડવું ભારે આકરૂં થઇ પડશે.'

'હા જરા મુશ્કેલી પડશે...એ માટે આપણે ઉંચા ઉભા રહી શકીએ એવું એકાદ સાધન રાખવું પડશે. એ કાર્ય આકરૂં નહિં થઇ પડે.'

'તો પછી અમે તો તૈયાર જ છીએ. આપ આજ્ઞા કરશો તે રીતે...'

વચ્ચે જ યુવરાજે કહ્યું: 'આજ રાતે તારે એક કામ કરવાનું છે.'

'ફરમાવો.'

'તું નગરશેઠના મકાનના પછવાડા વાળી ગલીમાં આજ રાતે એક વાતની ખાત્રી કરી લેજે. રાજનો ચોકિદાર રાતે કયા સમયે એ તરફ નીકળે છે તે જાણી લેવું જરૂરી છે. મારૂં અનુમાન એવું છે કે તે મોટે ભાગે રાત્રિના બીજા પ્રહરે જ નીકળે છે...'

'જો એમ હશે તો આપણું કાર્ય નિર્વિઘ્ને પતી જશે.' શ્યામે કહ્યું.

'વિઘ્ન તો નડવાનું જ નથી. કદાચ ચોકીદાર આપણે ત્યાં હોઇએ તે ગાળામાં નીકળે તો આપણે તેને બંધનગ્રસ્ત બનાવી શકીશું....છતાં ચોકકસ

ગણત્રી રાખી હોય તો કશી પંચાતમાં પડવાનો સમય ન આવે.'

'આપની વાત સત્ય છે...હું આજ રાતે જ સઘળી તપાસ કરી લઇશ.'

'અને કાલ સવારે તું મારા ભવનમાં આવજે.'

'જી...પણ આજ રાતે આપ...'

'હું એ રાત સુધી કયાંય બહાર નીકળીશ નહિં. એથી ભવનના બધા માણસોમાં પણ એક વિશ્વાસ ઉભો થશે અને શનિવારની રાતે સહુ એમજ માનશે કે હું ભવનમાં જ છું.' યુવરાજે કહ્યું.

શ્યામ ખુશ થઈ ગયો અને બોલ્યો : 'આપની યોજના ઘણી જ સુંદર છે. શનિવારે રાતે આપણે બધા એકત્ર કયાં થઈશું?'

'એ હું તને કાલે જણાવીશ.' આટલું કહીને યુવરાજ ઉભો થયો અને થોડી જ વારમાં પોતાના અશ્વ પર બેસીને એક બીજા સાથીને મળવા રવાના થયો...

અને તે જ્યારે રાજભવનમાં પાછો આવ્યો ત્યારે સંધ્યા થઇ ગઇ હતી...

રાજભવનના જિન પ્રાસાદમાં મહારાજા, મહારાણી, યુવરાણી, શ્રી સુંદરી વગેરે રાજપરિવારના સભ્યો શ્રી જિનેશ્વર ભગવંતની આરતી ઉતારી રહ્યાં હતાં.

અને વંકચૂલે પોતાના નિવાસગૃહમાં દાખલ થઇને ભોજનનો થાળ લઇ આવવાની એક પરિચારિકાને આજ્ઞા આપી હતી.

શ્રી જિન પ્રાસાદમાં આરતી ઉતાર્યા પછી વિધિવત વંદન કરીને સહુ બહાર નીકળ્યા ત્યારે મહાદેવીએ કમલાને ધીમેથી કહ્યું: 'યુવરાજ કયારે ગયો હતો!'

'સવારે ભોજન કરીને...'

'તારે કંઇ વાત થઇ હતી?'

'ના મા, આજ રાતે જ હું એમને સમજાવીશ અને એમના મનને સમજવાનો પ્રયત્ન કરી લઇશ.' કમલાએ સંકોચભર્યા સ્વરે કહ્યું.

મહારાજા અને શ્રી સુંદરી જરા આગળ ચાલતાં હતાં...સમગ્ર ભવનમાં દીપમાલિકાઓ પ્રગટી ગઇ હતી. ઉદ્યાનમાં પણ વિશિષ્ટ રીતે ગોઠવેલી દીપમાલિકાઓ પ્રકાશી ચૂકી હતી.

ભવનના દ્વાર પાસે પહોંચતાં જ ત્યાં ઉભેલા ચોકીદારોએ મસ્તક નમાવ્યાં. મહારાજાએ એકના સામે જોઈને પ્રશ્ન કર્યો: 'વંકચૂલ આવ્યો લાગતો નથી!'

'યુવરાજશ્રી આવી ગયા છે....'

'કયાં છે?'

'એમના નિવાસખંડમાં....

મહારાજાએ મહાદેવી સામે જોઇને કહ્યું: 'પહેલાં એને મળી લઇએ...'

'ના...મહારાજ, આપણો પ્રયત્ન કદી સફલ થયો નથી...હવે એ કામ કમલા કરશે.'

મહારાજાએ નિર્દોષ, સુકુમાર અને ગુણવતી પુત્રવધૂ તરફ એક દૃષ્ટિ કરી..ત્યાર પછી કહ્યું: 'શાસનદેવ કમાલરાણીના પ્રયત્નને સહાય કરે અને આપણી વેદનાનો અંત લાવે!'

મહારાજા મહાદેવી અને શ્રી સુંદરી પોતાના નિવાસગ્રહ તરફ વળી ગયાં. કમલા સ્વામીને મળવા ત્વરિત ચરણે પોતાના ખંડ તરફ વળી.

કમલાએ પોતાના ખંડમાં દાખલ થઇને જોયું તો સ્વામી ભોજનથી નિવૃત્ત થઈ હાથ મોં ધોઇ રહ્યો હતો...એક પરિચારિકા મુખવાસનું પાત્ર લઇને એક તરફ ઉભી હતી.

કમળાએ પ્રસન્ન વદને કહ્યું: 'કયારના આવ્યા છો?'

'તમે બધા જિનમંદિરમા હતાં...એટલે મેં ભોજન પતાવી લીધું.'

'આપ શા માટે જિનમંદિરમાં ન પધાર્યા?'

'મને વિશ્વાસ છે કે તારી પ્રાર્થનાનું ફળ મને પણ મળશે.' કહી વંકચૂલે એક પાનબીડું મોઢામાં નાંખ્યું.

પરિચારિકાઓ ચાલી ગઇ.

કમલાએ એક આસન પર બેસતાં કહ્યું: 'રાતે......'

'કમલા, હું કયાંય જવાનો નથી તારી સાથે વાતો કરવાનું મેં વચન આપ્યું હતું...તે હું ભૂલી ગયો નથી. કહે, તું શું જાણવા ઇચ્છે છે?'

કમલા સ્વામી સામે સ્થિર નજરે જોઈ રહી.

(ક્રમશઃ)

# સમાચાર સાર

## અષ્ટગ્રહ યુતિને અંગે

ભારતની મકર રાશિ છે, ને મકર રાશિ પર બુધ, ગુરૂ, શુક્ર, શનિ કેટલાયે મહિનાઓથી હતા. જ્યારે પોષ સુદિ ૯ ના મકર રાશિ પર સૂર્ય આવ્યો, ને પોષ વદિ ૩ ના મંગળ આવેલ, તેમજ પોષ વદિ ૧૩ ના ચંદ્ર આવેલ. આ રીતે શનિના ઘર મકરમાં આઠગ્રહો ભેગા થતા હોવાથી જૈન સમાજે વિશ્વમંગલ માટે ને જગતમાં શાંતિ સ્થપાય તે માટે ઠેરઠેર આયંબિલો જાપ અઠાઇ મહોત્સવો આદિ ધર્મારાધના કરી છે. મારવાડ, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત મહારાષ્ટ્ર આદિ પ્રત્યેક દેશ–પરદેશમાં આ પ્રસંગે સુંદર આરાધના થઈ છે, ને મહાભયના જે ઓળાઓ દેશભરમાં પથરાયા હતા. તે આ ધર્મમય વાતાવરણ તથા ધર્માત્મા ચતુર્વિધસંઘના ધર્માનુષ્ઠાનોની આરાધનાથી વિખેરાઈ ગયા છે. જે કહી આપે છે કે ધર્મ જયવંતો છે, ધર્મશ્રદ્ધા જયવતી છે. નાસ્તિકો ભલે ધર્મને હસે, પણ ધર્મશીલ આત્માઓ તો તેઓની પણ ભાવદયા ચિંતવે છે. ને ધર્મ પ્રત્યેની પોતાની શ્રદ્ધાને દૃઢ બનાવે છે.

## અંજારમાં ભવ્ય દીક્ષા મહોત્સવ

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનક-

---

### પૂ. પાદ પરમોપકારી સ્વ. સૂરિદેવશ્રીની પુણ્યસ્મૃતિ નિમિત્તે શ્રી ચતુર્વિધ સંઘે

## આરાધના માટે જાહેર કરેલા પુણ્યસંકલ્પો

પૂજ્યપાદ પરમોપકારી સૂરિસાર્વભૌમ આચાર્યદેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સાહેબની મુંબઇ ખાતે તબીયત અસ્વસ્થ થયેલ તે સમયે તેઓશ્રીના પરમભક્ત શ્રી ચતુર્વિધ સંઘે તેઓ સમક્ષ ઉચ્ચારેલ શુભ સંકલ્પોની નોંધ પૂ. મુનિરાજ શ્રી નેમવિજયજી મહારાજ દ્વારા પ્રાપ્ત થયેલ જે અમે અહિં રજૂ કરીએ છીએ. (આ લેખ પુણ્યસ્મૃતિ અંકમાટે અમારા પર આવેલ પણ તેમાં પ્રસિદ્ધ થઈ શકયો નહિ તે અહિં પ્રસિદ્ધિને પામે છે.)

પૂ. પંન્યાસ શ્રી નવીનવિજયજી ગણિવર ૭૮ અઠમ, પૂ. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ ૨૫ અઠમ, અને ૧૨૫૦ આયંબીલ. પૂના લશ્કરવાલા રસીકલાલ કેશવલાલ શાહ ૩૦ અઠમ. માસખમણુ ૩. છમાસી ૧, ચોમાસી ૩, બેમાસી ૧, વરસીતપ (છઠ્ઠથી) ૧ અને ઉપવાસથી ૯, શ્રી વર્ધમાનતપાદિની ઓળીઓ ૩૨૫, અઠાઇ ૪, અઠમ ૪૫, છઠ ૨૫, ઉપવાસ ૧૬,૫૭૫, આયંબિલ ૧૭,૭૭૮, એકાસણા ૧૭,૯૭૮, બિયાસણા ૪,૪૪૪, બાંધી નવકારવાલી ૩૦,૫૦,૯૪૯, પોષધ ૧૦૮, નવી ગાથાઓ ૧૨૫૯૭૮, સ્વાધ્યાય. ૩,૫૦,૭૫,૯૯૯, મૌન ૯,૩૨૭ કલાક. સામાયિક ૫૧,૧૧૧, તીર્થયાત્રા ૩૬૭, નાના મોટા જીવોને અભયદાન ૧૫૪૯ શ્રી અરિહંત પદના જાપ ૭૧,૫૧,૭૧,૫૫,૯૯૯.

નિશીથસૂત્ર, આચારાંગ સૂત્ર, સૂયગડાંગસૂત્ર, ભવભાવના, વાંચન અને કંઠસ્થ. અગીયાર અંગ કંઠસ્થ તેમજ વાંચન, છકર્મ અને કોઇ એક વ્યાકરણ ગ્રંથ કંઠસ્થ, એક યુવાન દંપતિએ ચતુર્થવ્રત. એક યુવાન વ્યકિતએ વિ. સં. ૨૦૨૦ માં સંયમ ગ્રહણ કરવાનું, બે વ્યકિતએ પાંચ વર્ષ સુધી પાંચમાંથી છ વિગયનો ત્યાગ આદિ અનેકવિધ વાયદાનો પૂ. આચાર્ય ભગવંતને સંભળાવ્યા હતાં અને તેઓશ્રી ખૂબજ હર્ષિત થઈ સ્વીકારતાં હતાં.

વિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં અંજાર ખાતે બાલબ્રહ્મચારિણી કુ. શ્રી જયાબેન તથા બાલબ્રહ્મચારિણી કુ. પુષ્પાબેનનો ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો હતો. કુ. શ્રી જયાબેનના માતુશ્રી તરફથી વાસુ પૂજ્ય સ્વામીના જિનાલયમાં અષ્ટાન્હિકા મહોત્સવ મંડાયો હતો. પૂજા તથા ભાવના માટે મુંબઇનું જૈન સંયુક્ત મંડળ પોતાના સાજ સાથે આવેલ. તેમજ સંગીતકાર શ્રી અંબાલાલભાઇ આવેલ. દરરોજ પૂજા–ભાવનામાં ભક્તિરસની રમઝટ જામતી. માગસર સુદિ ૪ના શાંતિસ્નાત્ર ભણાવાયેલ. વિધિવિધાન માટે અમદાવાદથી જૈન વિદ્યાશાળાની મંડલી આવેલ. સુદિ ૫ના દિવસે બન્ને દીક્ષાર્થીઓના સન્માનાર્થે ભવ્ય સમારંભ યોજાયો હતો. સુદિ ૬ના વર્ષીદાનનો અતિભવ્ય વરઘોડો નીકળેલ. ચોરે ને ચૌટે માનવમેદનીની ઠઠ જામતી હતી. કચ્છના ઇતિહાસમાં તેમાંયે અંજારના ઇતિહાસમાં આ પ્રસંગ રેકર્ડરૂપ હતો. ગામ બહાર વાડીમાં દીક્ષાની ક્રિયા શરૂ થયેલ. ચોમેર માનવનો મહાસાગર ઉમટયો હતો. માંડવી, ભુજ મુદ્રા, ભચાઉ, લાકડીયા આદિ બહારગામથી આવેલ અને સ્થાનિક લગભગ ૬ હજાર ઉપર માનવ સમૂહ હતો. ઉપકરણોની ઉછામણી બોલાવતાં ૧ હજાર મણ ઘી થયેલ. દીક્ષાની ક્રિયા પૂ. પંન્યાસજી મહારાજશ્રી કરાવતાં હતા. નૂતન દીક્ષિત જયાબેનનું નામ સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી અને તેઓને સાધ્વીજી શ્રી અમરેંદ્રશ્રીજીના શિષ્યા કર્યા. બાદ પુષ્પાબેનનું નામ સાધ્વીજીશ્રી ભદ્રગુપ્તાશ્રીજી અને તેઓને સાધ્વીજી શ્રી ભાનુદયાશ્રીજીના શિષ્યા કર્યા. તે પ્રસંગે ૨૫૦૦ રૂા. અનુકંપા ફંડમાં થયેલ. જયાબ્હેનના માતુશ્રી ચંદાબેન તરફથી નવકારશીનું જમણ હતું ગરીબ લોકોને ૧૦ મણ મીઠા ભાત તથા ૫ મણ શીરાનું જમણ દીક્ષા પ્રસંગે કરવામાં આવેલ. પૂજા તથા ભાવના અને વરઘોડો વગેરેની ઉપજ થઈ આ પ્રસંગે ૧ હજાર મણ દેવદ્રવ્યની ઉપજ થઈ હતી. પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની પુનિત છત્ર છાયામાં અંજાર ખાતે એક પછી એક જે ભવ્ય મહોત્સવો તથા ધર્મ પ્રભાવના થઇ છે, તેમાં આ દીક્ષા-મહોત્સવની ભવ્ય ઉજવણી ખરેખર શિખરરૂપ છે. અંજાર જૈન સંઘના આગેવાન તથા સમાજના ગૌરવ શ્રદ્ધાશીલ સેવાભાવી વોરા મુલચંદ રાયશીભાઇનો આપભોગ, તન, મન તથા ધનનો નિઃસ્વાર્થભાવે ભોગ, અને ધર્મ પ્રત્યે તથા દેવ–ગુરૂ પ્રત્યે અનુપમ ભક્તિ, ખરેખર અદ્ભુત છે. અંજારના આંગણે જે મહોત્સવો યોજાયા, અને જે અદ્વિતીય ધર્મ પ્રભાવના થઈ તેમાં શાસન સેવક સેવાભાવી જૈનસમાજના આગેવાન વોરા મૂલચંદભાઈનો જબ્બર ફાળો છે.

## ગતાંકનો સુધારો

'કલ્યાણ'ના ગતાંક પુણ્યસ્મૃતિવિશેષાંકમા પ્રાસંગિકનું લખાણ જે પેજ ૬ ૫૨ પ્રસિદ્ધ થયેલ છે, તેમાં છેલ્લે ૮ પેજ પર 'પ્રં. કનકવિજયજી ગણિવર છપાયું છે. તેમાં આ રીતે સુધારો કરવો 'પં. કનકવિજય ગણિ' પ્રેસ દોષથી 'જી' વધારે છપાઇ ગયેલ છે. પેજ ૯૪૩, પેજ ૯૫૯, તથા પેજ ૯૮૦ પર છપાયેલા ૩ લેખો પ્રેસમાં સીધા આવ્યા હોવાથી ને સમય નહિ હોવાથી પ્રસ્તુત વિશેષાંકના સંપાદક પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી પર અમે તે ત્રણ લેખો મોકલેલ નહિ, એટલે તે લેખોની ગોઠવણી તથા છાપવામાં પ્રેસ દોષથી જે કાંઇ સ્ખલના રહી હોય તો સર્વ કોઇ ક્ષમ્ય લેખશે.

## રેફ્રીઝેટરમાં ન મુકાય

આફ્રિકા આદિ પરદેશોમાં રહેતા તથા દેશમાં રહેતા કેટલાક વ્રતધારી ભાઇ–બ્હેનો ઉકાળેલ પાણીને રેફ્રીઝેટરમાં મૂકે છે, ને તે ઠંડુ શીત બરફ જેવું પાણી પીવે છે. તે શાસ્ત્રીય દૃષ્ટિએ ન પીવાય. તે પાણી સચિત્ત થઈ જાય. જેને સચિત્ત વસ્તુનો ત્યાગ હોય તેને રેફ્રીઝેટરમાં મૂકેલા સમારીને રાખેલાં પણ ફળ–ફ્રુટ ન ખપે તે ખાસ ખ્યાલમાં રાખવું.

## ભદ્રેશ્વરજી તીર્થનો સંઘ

અંજાર ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી સપરિવાર માગશર વદિ ૧૨ના વિહાર કરનાર છે, એ સમાચાર અંજાર શ્રી સંઘમાં ફેલાતાં શ્રીસંઘની ભાવના પૂ. પંન્યાસજી મહારાજશ્રીની શુભ છત્રછાયામાં ભદ્રેશ્વરજીતીર્થનો પગપાળા સંઘયાત્રા કાઢવાની થતા શ્રી સંઘે નિર્ણય કર્યો. ને ફક્ત એકજ દિવસમાં સેંકડાની સંખ્યામાં સંઘમાં આવવા યાત્રિકોની ભરતી થવા લાગી. વદિ ૧૨ વાજતે-ગાજતે સંઘનું પ્રયાણ થયું. ચાતુર્માસ રહીને પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રીએ જૈન સંઘમાં તથા અંજાર શહેરમાં જે અદ્વિતીય ધર્મ પ્રભાવના કરી છે, તેને યાદ કરતાં સર્વ કોઇનાં હૈયામાં પૂ. મહારાજશ્રીનું પ્રયાણ કારી ઘા ઉપજાવનારૂ બન્યું. પૂ. મહારાજશ્રીને વળાવવા પણ સેંકડો ભાઈ-બહેનો આવેલ પૂ. મહારાજશ્રીએ માંગલિક સંભળાવેલ. બાદ શ્રી સંઘનો પ્રથમ મુકામ શીનોગ્રા ખાતે થયેલ. શ્રી સંઘનું સાગૈયું થયેલ. સંઘની ભકિત અહિં થઈ હતી. બીજે દિવસે પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંઘે પ્રયાણ કર્યું. ભુવડમાં સંઘનુ સાગૈયું થયું. સવારે નવકારશી કરી, સ્નાત્રપૂજા તથા પૂજામાં સર્વ જોડાયા. બાદ સંઘજમણ થયેલ. ત્યારબાદ પૂ. મહારાજશ્રીનું વ્યાખ્યાન થયેલ. માગશર વદિ ૧૪ના સંઘે ભદ્રેશ્વરજીતીર્થ તરફ પ્રયાણ કરેલ. સંઘમાં ૬ વર્ષના છોકરાઓથી માંડી ૬૬ વર્ષના વયોવૃદ્ધ સુધી સર્વ કોઈ હતા. આજે ૮ માઇલનું પ્રયાણ હતું. પૂ. મહારાજશ્રીની સાથે ચતુર્વિધ સંઘનું ભદ્રેશ્વરજીતીર્થમાં ભવ્ય સાગૈયું થયું. આજે સવારે નાસ્તો તથા બે વખત નવકારશી આદિ બધી વ્યવસ્થા અંજાર નિવાસી સેવાભાવી ડો. ઉમરશીભાઇ દેઢીયા તરફથી હતી. પૂજા, સ્નાત્ર તથા અન્યાન્ય ભકિતના પ્રોગ્રામો આજે હતા. નવકારશી જમણમાં લગભગ ૩૦૦ ઉપરાંત યાત્રિકો હતા. બપોરના ત્રણ વાગ્યે પૂ. મહારાજશ્રીનું પ્રવચન હતું. ચાતુર્માસ દરમ્યાન ડો. દેઢીયા સાહેબની ભકિત, ઉદારતા તથા નિઃસ્વાર્થ ચતુર્વિધસંઘ પ્રત્યે તન, મન તથા ધનનો ભોગ અને ગરીબો પ્રત્યેની અનુકંપા ઇત્યાદિ માટે શ્રી સંઘ તરફથી તેમનુ સન્માન થયેલ અને ભદ્રેશ્વરતીર્થની યાત્રાના સંઘનો અલભ્યલાભ એમણે પોતાનો અમૂલ્ય ભોગ આપીને સર્વ કોઈને અપાવ્યો. તેથી સંઘપતિની માળા તેમને આરોપવામાં આવી. પૂ. પાદ મહારાજશ્રીનાં દર્શન-વંદનનો અલભ્યલાભ લઈ શ્રી સંઘે શોકવદને વિદાય લીધી.

## આવશ્યક સુધારો

વર્ષ-૧૮. અંક ૧૦ 'કલ્યાણ'ના પેજ ૭૨૫ પેજ પર 'મહામંગલ શ્રી નવકાર' લેખમાં બીજા કોલમમાં છઠ્ઠી પંકિતમાં જે એમ છપાયું છે કે 'નાનામાં નાના પ્રાણી પ્રત્યેનો તિરસ્કાર રાખીને.' આ પંકિતમાં દૃષ્ટિદોષથી 'ટાળીને' જોઇએ તેની જગ્યાએ 'રાખીને' છપાયું છે. તો 'નાનામાં નાના પ્રાણી પ્રત્યે તિરસ્કાર ટાળીને' આમ સમજવું. આ સુધારો અમદાવાદ નિવાસી કલ્યાણના ચિરપરિચિત શુભેચ્છક શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદીએ સૂચવ્યો છે તે માટે તેમનો આભાર.

## 'કલ્યાણ'ના માનદ પ્રચારક

કચ્છ-મુંદ્રાનિવાસી શાહ નવીનચંદ્ર મગનલાલ કલ્યાણના ચિરપરિચિત આપ્તજન છે; 'કલ્યાણ' પ્રત્યે તેમને આત્મીયભાવ છે, ને કલ્યાણના પ્રચારમાં તેઓને રસ છે. કચ્છ દેશના સર્વ કોઇ 'કલ્યાણ'ના ગ્રાહકો, શુભેચ્છકો 'કલ્યાણ'ને અંગે તેમનો સંપર્ક સાધે. 'કલ્યાણ'નું લવાજમ તથા 'કલ્યાણ' અંગે કાંઈ ફરિયાદ હોય તે માટે તેમનો સંપર્ક સાધે.

## કચ્છ ખાતે પ્રચારકો

'કચ્છ ખાતે તેના મુખ્ય શહેરો માંડવી ખાતે 'કલ્યાણ'ને અંગે શ્રી કાંતિલાલ મહાદેવ પૂજ C/o જૈન તપગચ્છ દેરાસરની પેઢી. માંડવી એમનો

સંપર્ક સાધવો ને કચ્છ-ભુજ ખાતે 'કલ્યાણ'ને અંગે શ્રી નગીનદાસ જીવરાજ જસાણી ઠે. વાણીયાવાડ ડેલા સામે ભુજ (કચ્છ) એમનો સંપર્ક સાધવો.

## કચ્છમાં ધર્મપ્રચાર

પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કનક વિજયજી ગણિવર શ્રી પોતાના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રી આદિ પરિવારની સાથે ભદ્રેશ્વરજીથી વિહાર કરી, ખડાલા, ગુંદાલા થઇ મુંદ્રા શહેરમાં પોષ સુદિ ૧૨ ના પધારતાં સંઘના આગેવાનો તથા સમસ્ત સંઘ માઇલો સુધી સામે આવેલ, સામૈયું ઠાઠ-માઠથી થયેલ. પૂ. મહારાજશ્રીને વધાવવા માટે ઠેર-ઠેર ગહૂંલીઓ થતી. ઉપાશ્રયે પધારતાં પૂ. મહારાજશ્રીએ મંગલાચરણ કરી વ્યાખ્યાન વાંચેલ. સંઘ તરફથી પ્રભાવના થયેલ હરરોજ પૂ. મહારાજશ્રીના વ્યાખ્યાનો થતા હતાં. જ્ઞાતિની વાડીમાં સ્વતંત્રતાના સાધનો તથા મંગલનો માર્ગ એ વિષય પર બે જાહેર પ્રવચનો થયેલ. જૈન-જૈનેતર માનવસમૂહથી સભા ચિકાર ભરાયેલ. ટ્રેનીંગ કોલેજના પ્રીન્સીપાલની વિનંતીથી પૂ. મહારાજશ્રીનું કોલેજના વ્યાખ્યાન હોલમાં 'શિક્ષણની સાચી દિશા' એ વિષય પર મનનીય પ્રવચન થયેલ. શહેરનો શિક્ષિત વર્ગ, કેળવણીકારો તથા શિક્ષકોથી વ્યાખ્યાન હોલ ચિકાર ભરાયેલ. પ્રીન્સીપાલે તથા શિક્ષક સમાજે પ્રવચન માટે પૂ. મહારાજશ્રીનો આભાર વ્યક્ત કરેલ. પૂ. મહારાજશ્રીએ સપરિવાર પોષ વદિ ૩ ના મુંદ્રા શહેરથી પ્રયાણ કરેલ તે સમયે સંઘ સમસ્ત પૂ. મહારાજશ્રીને વળાવવા આવેલ. કપાયામાં પૂ. મહારાજશ્રીની સાથે સંખ્યાબંધ ભાઇ-બ્હેનો આવેલ તેમન મુંદ્રાવાળા ભાઈઓ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂ. મહારાજ શ્રીના ઉપદેશથી મુંદ્રામાં સારી જાગૃતિ આવેલ આયંબિલની તપશ્ચર્યા સારા પ્રમાણમાં થયેલ.

પૂ. મહારાજશ્રી કપાયાથી વિહાર કરી ભુજપુર પધાર્યા. અહિં તેઓશ્રીના પ્રવચનો થયેલ. બાદ દેશલપુર, મોટીખાખર, નાનીખાખર પધાર્યા. ત્યાં તેઓશ્રીનાં પ્રવચનોમાં લોકોએ સારો લાભ લીધેલ. નાનીખાખરથી પોષ વદિ ૬ ના વિહાર કરી, બિદડા પધાર્યા. બિદડાનો સંઘ સમસ્ત સામે આવેલ. ભવ્ય સામૈયું થયું. પૂ. મહારાજશ્રીનાં પ્રવચનો થયેલ. પૂ. મહારાજશ્રીના ઉપદેશથી આયંબિલો સારા પ્રમાણમાં થયેલ. અત્રે માંડવીના સંઘનું ડેપ્યુટેશન પૂ. મહારાજશ્રીને માંડવીની વિનંતિ માટે આવેલ.

## કચ્છ તથા રાજસ્થાનમાં ધર્મારાધના

કચ્છદેશ તદન નાનો તથા ઓછી વસતિનો દેશ છે. છતાં તેના ગામડે ગામડે જૈનોના સેંકડો ઘરો છે. મૂર્તિપૂજક સંપ્રદાયમાં જો કે ગચ્છો ચાર છે. છતાં બધાયે જૈનો વચ્ચે ઐકય છે. પૂ. સાધુમહારાજ પ્રત્યે ભકિત છે. ભાવના તથા શ્રદ્ધા છે. આ પ્રદેશમાં પૂ. સાધુ તથા સાધ્વીજી સમૂહ પ્રત્યે ભકિત તથા બહુમાન છે. તાજેતરમાં અષ્ટગ્રહના યોગના કારણે વિશ્વશાંતિની સાધના તથા મંગલ માટે કચ્છના ગામડે-ગામડે તપ, જપ તથા ધાર્મિક અનુષ્ઠાનો સારી સંખ્યામાં થયેલ છે. તે જ રીતે રાજસ્થાનમાં ગામડે-ગામડે ભાઇ-બ્હેનોએ તપશ્ચર્યા, મહોત્સવો તથા આરાધના સુંદર રીતે કરેલ છે.

## માંડવીમાં અપૂર્વ જાગૃતિ

પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કચ્છની જૈનપુરી માંડવીના આંગણે સપરિવાર પોષ વદિ ૧૦ ના પધારતાં માંડવીના ભાઇ-બ્હેનો સેંકડોની સંખ્યામાં માઇલ સુધી સામે લેવા ગયલ. પૂ. મહારાજશ્રી બિદડાથી પોષ વદિ ૮ ના વિહાર કરી, કોડાય થઈ વદિ નોમના નાગલપુર પધારેલ. નાગલપુરમાં તેઓશ્રીને વંદન કરવા માંડવાથી ભાઇ-બ્હેનો આવેલ. અંજારથી સેવાભાવી ડૉ. ઢેઢીયા તથા જૈન સમાજના સેવાભાવી આગેવાન શ્રી મુલચંદભાઇ આવેલ. પૂજ્ય મહારાજશ્રી વદિ ૧૦ ના માંડવી તરફ પધાર્યા તેઓશ્રી દાદાવાડી પધારતાં શ્રી સંઘ

તરફથી ભવ્ય સામૈયું થયેલ. સામૈયું શહેરના મુખ્ય લત્તાઓમાં ફરીને સ્થાને આવેલ. પૂ. મહારાજશ્રીએ પ્રવચન આપેલ. સંઘ તરફથી પ્રભાવના થયેલ. આંબા બજારના ઉપાશ્રયમાં તેઓશ્રીના પ્રવચનો દરરોજ થતાં લોકો સારી સંખ્યામાં લાભ લેતા તેઓશ્રીનું જાહેર પ્રવચન 'વિશ્વશાંતિની સાધના' એ વિષય પર જૈન-પુરીમાં તા. ૪-૨-૬૨ ના થતાં જૈન-જૈનેતર સમાજ ચિકાર ભરાયેલ માંડવી શહેરના આગેવાન નાગરિકો તથા બ્હેનો આદિથી સભા મંડપ ચિકાર થઇ ગયેલ લગભગ ૧૨૦૦ થી ૧૫૦૦ ની માનવમેદનીએ ૧॥ કલાક સુધી પૂ. મહારાજશ્રીનું જાહેર પ્રવચન શાંતિથી સાંભળેલ. જૈન-જૈનેતરો પૂ. મહારાજશ્રીનાં વ્યાખ્યાનોને સાંભળવા અતિ ઉત્સુક રહેતા. પૂ. પાદ મહારાજશ્રીની શુભ પ્રેરણાથી પોષ વદિ ૧૨ થી માહ સુદિ ૧ સુધી ૪ દિવસોમાં ૧૫૦૦ આયંબિલો થયેલ ને શ્રી મુનિસુવ્રતસ્વામીનો જાપ, શ્રી શંખેશ્વરપાર્શ્વનાથનો અને નમો અરિહંતાણં પદનો જાપ ક્રોડોની સંખ્યામાં થયેલ. માહ સુદિ ૨ ના આયંબિલના તપસ્વીઓના પારણા એકાસણાથી થયેલ. પૂ. પાદ સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજની ૨૬મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થયેલ પૂજા ભણાવાયેલ સુદિ ૩ ના ૧૫ મણ ગળ્યા ભાતનું મીઠું ભોજન ગરીબોને આપેલ. માંડવી શ્રી સંઘ તરફથી વિશેષ રોકાણની વિનંતિ સતત હોવા છતાં પૂ. મહારાજ શ્રી અબડાસાની પંચતીર્થની યાત્રા માટે માંડવીથી વિહાર કરી, અબડાસા પધારશે.

**પત્ર લખનારા શુભેચ્છકોને :** 'કલ્યાણ' નો ગતાંક 'પુણ્યસ્મૃતિ અંક' ૨૭ ફર્માનો દળદાર અને સચિત્ર તથા વૈવિધ્ય પૂર્ણ તૈયાર કરવાનો હોવાથી તેમજ પ્રથમથી પોષ્ટમાંથી બીજી તારીખ નહિ મળેલ હોવાથી વેલાસર પ્રગટ થઈ શકયો નહિ તેમજ જાહેરાત પણ આગળની તારીખની આપી શકાઈ નહિ હોવાથી સંખ્યાબંધ ગ્રાહકો શુભેચ્છકોના પત્રો અંક સંબંધી આવ્યા હતા, તે માટે અમારે જણાવવું જરૂરી છે કે 'કલ્યાણ' માટે સર્વ કોઇનો જે આ પ્રેમ છે, તે અમારે મન ગૌરવનો વિષય છે. ઉપરોક્ત કારણસર અંક સમયસર પ્રસિધ્ધ ન થઇ શકયો તેમજ પ્હેલેથી તે સબંધી જણાવી ન શકયા તે માટે સર્વ કોઇ ક્ષમ્ય કરશે! 'કલ્યાણ' ને અંગે કાંઇ પણ ફરિયાદ કે જણાવવા જેવુ હોય તે માટે પત્ર વ્યવહાર કરનારા શુભેચ્છકોને સમયસર પ્રત્યુત્તર અપાશે તે વિષે સર્વ કોઇ ખાત્રી રાખે! અને પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અવશ્ય લખવા વિનંતી છે.

**પ્રતિમાજીનો ભવ્ય પ્રવેશઃ-** કલકત્તા ભવાનીપુર ખાતે જૈન સોસાયટી હસ્તક લેવાયેલી જમીનમાં હાલ તાત્કાલિક ગૃહમંદિર માટે વ્યવસ્થા થઈ છે, આગેવાન કાર્યકર ભાઇઓના ઉત્સાહ તથા સેવાભાવથી બધી રીતે કાર્ય સુંદર થઇ રહ્યું છે શેઠ શ્રી મણિભાઇ વનમાલીદાસ બી. એ. ના લાગણીભર્યા પરિશ્રમથી ખંભાતથી લાવેલા પ્રાચીન પ્રતિમાજી ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામી આદિનો પ્રવેશ મહોત્સવ કા. વદી ૧૧ ના ભવ્ય રીતે ઉજવાયો હતો. સાવરકુંડલા નિવાસી દોશી વૃજલાલ ડાહ્યાભાઇએ રૂા. ૫૦૦૧ બોલીને મૂલનાયક પ્રભુજીને બિરાજમાન કરેલ. અન્યાન્ય બોલીઓ ઉત્સાહપૂર્વક થયેલ જેમાં દેવદ્રવ્યાદિની ઉપજ ૫૦ હજાર લગભગ થવા આવેલ. ભવાનીપુરના આ નૂતન જિનાલયમાં દરરોજ પૂજા ભકિત માટે લોકો સારી સંખ્યામાં લાભ લે છે. અવારનવાર સામુદાયિક સ્નાત્ર મહોત્સવો શ્રી જિનેંદ્ર સ્નાત્ર મહોત્સવ મંડળવાળા ભાઈઓ આદિ ઠાઠમાઠપૂર્વક ભણાવે છે. સર્વ કોઈ આ ગૃહ જિનાલયનો સારી રીતે ભાવપૂર્વક લાભ લઇ રહેલ છે. આ સ્થળે નજીકના સમયમાં ભવ્ય આકર્ષક તથા વિશાલ જિનાલય

તેમજ આલીશાન પૌષધશાળા તૈયાર થઈ જશે. તેથી ભવાનીપુર તથા આજુબાજુના ભાવિકો ધર્મની ઉલ્લાસપૂર્વક આરાધના કરી શકશે.

**દુઃખદ અવશાનઃ**– 'કલ્યાણ'ના આશાસ્પદ તથા શ્રદ્ધેય લેખક તથા 'કલ્યાણ' પ્રત્યે મમત્વ રાખનાર અમદાવાદ (લુણસાવાડા મોટી પોળ સામે) નિવાસી ભાઈ ચંદુલાલ શકરચંદ શાહ સ્વર્ગવાસ પામ્યા છે, જે દુઃખદ અવસાનની નોંધ લેતા અમે દિલગીરી વ્યકત કરીએ છીએ. સ્વ. 'કલ્યાણ'ના અનુરાગી તથા 'કલ્યાણ' માટે લેખો મોકલતા હતા જેમની 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થયેલી વાર્તાઓએ સહુ કોઈનું ધ્યાન આકર્ષ્યું હતું. સ્વ. ના અકાલ અવસાનથી 'કલ્યાણ' તેનો એક આશાસ્પદ લેખકને ગૂમાવે છે, અમે તેમના આત્માની ચિરશાંતિ ઈચ્છીએ છીએ ને સ્વ. ના સ્નેહી–સ્વજનો પર આવી પડેલી આ આપત્તિ પ્રત્યે સમવેદના વ્યકત કરીએ છીએ સ્વ. નો આત્મા જ્યાં હો ત્યાં શાંતિને પામો!

## ઓગણીસમા વર્ષમાં પ્રવેશ

'કલ્યાણ'ના ૧૮મા વર્ષનો આ છેલ્લો અંક છે. આ અંકે કલ્યાણ અઢાર વર્ષ પૂરા કરે છે. ૧૮–૧૮ વર્ષથી સમાજમાં શ્રદ્ધા સંસ્કાર તથા સાહિત્યનો પ્રચાર કરતું કલ્યાણ આગામી અંકે ૧૯મા વર્ષમાં મંગલપ્રવેશ કરશે. અઢાર વર્ષની પૂર્ણાહુતિનાં પ્રસંગે 'કલ્યાણ'ના તેના હજારો વાચકો, ગ્રાહકો, શુભેચ્છકો, લેખકો સહાયકો તથા પ્રચારકો સર્વ કોઈનાં શ્રેય તથા મંગળને ઇચ્છતું અઢારમા વર્ષની વિદાય લે છે. 'કલ્યાણ' સર્વ કોઇનું કલ્યાણ ઇચ્છે છે.

## સમાચાર મોકલનારાઓને

ગતાંક પુણ્યસ્મૃતિવિશેષાંક હોવાથી સમાચારો તેમાં પ્રગટ થઇ શકયા નથી. આ અંક તાત્કાલિક પ્રગટ કરવાનો હોવાથી અમારા પર આવેલા બધા સમાચારો અમે પ્રસિદ્ધ કરી શકયા નથી. તે માટે તે મોકલનારા શુભેચ્છકોની ક્ષમા પ્રાર્થીએ છીએ. આગામી અંકથી સમાચાર નિયમિત પ્રસિદ્ધ થશે. તેની સર્વ કોઈ કલ્યાણ પ્રેમી શુભેચ્છકો નોંધ લે! મોડા આવેલા સમાચારો અંકમાં ન આવી શકવાથી તે પછીના અંકમાં છપાશે.

## મુંબઇ ભૂલેશ્વર–લાલબાગમાં મહોત્સવો.

શેઠ ચંપકલાલ ઝુમખરામના સુપુત્રી કેસરબહેનની દીક્ષા પ્રસંગે, શ્રી ચંપાલાલજીના ખાસ આગ્રહથી પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિ પાર્લાથી વિહાર કરી દાદર વિ. થઇ મુંબઈ પધારતાં તેઓશ્રીનું શેઠશ્રી તરફથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. પૂ. ઉપાધ્યાયજી શ્રી જયંતવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી નવીનવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી વિક્રમવિજયજી ગણિવર આદિ તેમજ વિશાળ જનસમુદાય સંયુકત આવ્યો હતો, પોષ સુદી ૧૪ થી દીક્ષા મહોત્સવ શરૂ થયો હતો, વિવિધ પૂજા–પ્રભાવના વિ. કાર્યો તેમજ દીક્ષાનો ભવ્ય વરઘોડો ભારે ધામધૂમથી ચઢયો હતો હજારો સ્ત્રી–પુરુષોની મેદની જમા થઇ હતી. લાલબાગ જૈન ઉપાશ્રયમાં હજારોની મેદની સમક્ષ કેસરબહેનને પૂ. આચાર્યશ્રીના વરદહસ્તે દીક્ષા આપવામાં આવી હતી. નૂતન સાધ્વીજીનું નામ ગીતપદ્માશ્રીજી રાખવામાં આવ્યું હતું તેમજ નયપદ્માશ્રીજીને વડી દીક્ષા આપવામાં આવી હતી. છેલ્લે લાડુની પ્રભાવના થઇ હતી.

પૂ. આચાર્યદેવની પ્રેરણાથી શની, રવિ, અને સોમ એમ ત્રણ દિવસ અઠમની તપશ્ચર્યામાં ૩૫૦ થી ૪૦૦ ભાઇ–બહેનો જોડાયા હતા, જેના પારણાં શેઠ શ્રી કાંતિલાલ મગનલાલ ઝવેરી તરફથી થયા હતાં, શ્રી બિપિનચંદ્રભાઈ તથા સતીશચંદ્રભાઇએ સુંદર ભકિત કરી હતી. એક ભાવિક તરફથી સૌને રૂપીયાની પ્રભાવના તેમજ જાસુદબહેન કેશવલાલ સંઘવી તથા વિમળાબેન બાબુભાઈ (ખંભાત) તરફથી પણ રૂપીયાની પ્રભાવના અપાઈ હતી.

અષ્ટગ્રહની યુતિના વિષય ઉપર પૂ. ગુરુદેવે

તપ-જપ અને આરાધના કરવાની પ્રેરણા આપી હતી. ક્રમસર ૮ વર્ષ સુધી લગાતાર અઠ્ઠમની તપશ્ચર્યાના નામો લગભગ ૩૦૦ નામો નોંધાઇ ગયા છે દરેકને શેઠ છગનલાલ લક્ષ્મીચંદ તરફથી રૂા. ૧ ને શ્રીફળની પ્રભાવના આપવામાં આવશે.

પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિવરના જુદા જુદા વિષય પર બે જાહેર વ્યાખ્યાનો કાવ્યમય શૈલિથી થતાં-હજારો સ્ત્રી પુરુષોની મેદની જામી હતી. આટલી મેદની હોવા છતાં અપૂર્વ શાંતિ હતી.

પૂ. આચાર્યશ્રીના પ્રતિદિન પ્રભાવક પ્રવચનો થતાં પર્યુષણાપર્વની જેમ જનતા લાભ લેતી હતી. જનતાનો અત્યંત આગ્રહ થતાં થોડી વધુ સ્થિરતા થઈ હતી. મહા સુદ ૨ ના સકલાગમ રહસ્યવેદી સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થતાં પૂ. આચાર્યશ્રીએ તેમનાં રહેલા અદ્‌ભૂત ગુણોનું સુંદર શૈલીથી વર્ણન કર્યું હતું. બપોરે પૂજા ભણાવાઈ હતી.

### બીજો મહોત્સવ

શેઠ જેઠાલાલ ચુનીલાલ ઘીયાના માતુશ્રી માણેકબાઇના સ્વર્ગવાસ નિમિત્તે તેમની ભાવના એક મહોત્સવ ઉજવવાની થતાં પૂ. આચાર્યશ્રીને આગ્રહભરી વિનંતી કરી હતી, તેઓશ્રીની નિશ્રામાં મહા સુદ ૩ થી સુદ ૧૦ સુધીનો મહોત્સવ રોજ જુદા-જુદા મંડળો ભારે ઠાઠથી પૂજા ભણાવતા હતા. પ્રભાવનાઓ અને પ્રભુજીને અંગ રચનાઓ થતી હતી. સુદ ૭ ના કુંભ સ્થાપના સુદ ૮ ના નવગ્રહ પૂજન, સુદ ૯ ના સ્વામીભાઈઓની ભક્તિ અને સુદ ૧૦ બપોરે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. જૈન આગેવાનો ઉપરાંત જનતાની જંગી મેદની ઉભરાઇ હતી. પ્રભાવના થઇ હતી, એકંદર સુંદર રીતે મહોત્સવ ઉજવાયો હતો શકુંતલા હાઈસ્કુલમાં પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરનું પ્રવચન યોજાતાં વિદ્યાર્થીનીઓને ભારે રસ પડયો હતો.

### શ્રી સિદ્ધચક્ર પૂજન.

મહા સુદ ૧૪ ના ખંભાત નિવાસી ગુરૂ ભક્ત શેઠ કાંતિલાલ કેશવલાલ સંઘવીને ત્યાં લગ્ન પ્રસંગે તેમના તરફથી શ્રી સિદ્ધચક્ર પૂજન ભારે ધામધૂમથી લાલબાગ-જૈન ઉપાશ્રયમાં કરવામાં આવ્યું હતું અનેક સુંદર છોડોથી હોલને ભવ્ય રીતે શણગારાયો હતો. પૂ આચાર્ય દેવ શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ, પૂ. ઉપાધ્યાયજી શ્રી જયંતવિજયજી ગણિ, પૂ. પં શ્રી નવીનવિજયજી ગણિ, પૂ. પં. શ્રી વિક્રમવિજયજી ગણિ, પૂ પં. શ્રી કીર્તિવિજયજી ગણિ આદિ વિશાળ સાધુ સમુદાયે તેમજ જૈન આગેવાનો અને જનતાએ ઘણી મોટી સંખ્યામાં હાજરી આપી હતી. અમદાવાદ નિવાસી શ્રીયુત ચીનુભાઇએ સ્પષ્ટ સુંદર-ભાવોત્પાદક રીતે સિદ્ધ ચક્ર પૂજન ભણાવ્યું હતું. છેલ્લે પ્રભાવના થઈ હતી.

આ રીતે પૂ. આચાર્યદેવની સ્થિરતા દરમ્યાન ધર્મપ્રભાવનાના કાર્યોથી લાલબાગ જૈન ઉપાશ્રય ગુંજી ઉઠયો હતો, અત્રેથી તેઓશ્રી કોટ શ્રી સંઘની વિનંતીથી મહા વદ ૧ ના કોટ પધારશે. મહા વદ ૫ ની જિન મંદિર વર્ષગાંઠ નિમિત્તે ઉત્સવ થનાર છે ત્યારબાદ ફા. સુ. ૧ ના તેઓશ્રી ઉદ્યાપન મહોત્સવ નિમિત્તે ભાઇંદર પધારનાર છે.


---

### શંખેશ્વરજીમાં પોસ્ટઓફીસ ખુલ્લી ગઇ.

શ્રી શંખેશ્વરજી તીર્થમાં પોસ્ટઓફીસ તા. ૧૦-૨-૬૨ ના રોજથી કામ કરતી શરૂ થઈ ગઇ છે. દરેક યાત્રાળુ ભાઇઓ પોતાના પત્રો નીચેના સરનામે ત્યાં સીધા મંગાવી શકશે.

**શેઠ જીવણદાસ ગોડીદાસ કારખાના**
વાયા હારીજ
મુ. પો. શંખેશ્વર

**રજત મહોત્સવ :** ડભોઇમાં પૂ. આ. શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજની પુણ્યનિશ્રામાં શ્રી મુક્તાબાઇ જૈન જ્ઞાન મંદિરનો રજતાદિમહોત્સવ ખૂબ સુંદર રીતે ઉજવાયેલ હતો. પૂ. મુ. શ્રી લબ્ધિસેન વિજયજી મ. ના ૫૦૦ આયંબિલિની પૂર્ણાહુતિ તથા શાહ છગનલાલ લક્ષ્મીચંદ મુંબઈવાળા તરફથી તેમના ધર્મપત્ની અ. સૌ. મંજુલાબહેને કરેલ શ્રી નવપદજી ઓળીની તપશ્ચર્યા નિમિત્તે ઉદ્યાપન તથા મહોત્સવ ખૂબ જ ધામધૂમપૂર્વક અને અપૂર્વ ઉલ્લાસ વચ્ચે ઉજવવામાં આવ્યો હતો.



**પૂ. લબ્ધિપ્રસેનવિજયજી મહારાજ**
જેઓશ્રીએ ૫૦૦ આયંબિલ પૂર્ણ કરેલ છે

## વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર

પ્રવર્તમાન જગતનાં અશાંત વાતાવરણ તથા અષ્ટગ્રહોનાં અનિષ્ટ યોગજન્ય ઉપદ્રવોના નિવારણ અર્થે વિશ્વશાંતિ જૈન આરાધના સમિતિની ગોડીજી જૈન ઉપાશ્રય, મુંબઇમાં રચના કરવામાં આવેલ છે. ઉપરોક્ત સમિતિ તરફથી વિશ્વશાંતિ અર્થેનો મંગલ કાર્યક્રમ પોષ સુદી ૭ થી પોષ વદ ૧ સુધી યોજવામાં આવેલ. તેમજ તેમાં જૈન સાહિત્ય કલા પ્રદર્શનનું સુંદર આયોજન કરવામાં આવેલ. આ સત્ર દરમ્યાન અખંડ દિપક શ્રી નમસ્કાર મહામંત્રના સવાક્રોડ અખંડ જાપ, શ્રી લોગસ્સ સૂત્ર, શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર વ. નો મંગલ જાપ તથા સામુદાયીક આયંબિલની તપશ્ચર્યા કરાવવામાં આવેલ.

તા. ૨૪-૧૨-૬૧ના રોજ વિશ્વશાંતિ અંગે જૈનોનું કર્તવ્ય તથા ૭-૧-૬૨ ના રોજ 'વિશ્વશાંતિના પ્રેરક બળો' એ વિષયો ઉપર પૂ. આ. શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મ. તથા પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મ. ની નિશ્રામાં પ્રવચન થયેલ.

સત્ર દરમ્યાન પ્રવચન, પૂજા, પ્રાર્થના, આંગી સંગીત વ. નો અદ્‌ભૂત કાર્યક્રમ યોજવામાં આવેલ. બાળઆરાધના વિભાગમાં બાળકો માટે લેખિત જાપની યોજના થયેલ અને તેમાં ઇનામો જાહેર કરવામાં આવેલ.

## અષ્ટગ્રહયુતિ નિમિત્તે થયેલ આરાધના

ગવાડા : અત્રે પૂ. મુ. શ્રી સ્વયંપ્રભવિજયજી મ. ની નિશ્રામાં, વિશ્વશાંતિ તથા અષ્ટગ્રહયુતિની અસરની શાંતિ અર્થે પાંચ દિવસનો પૂજા મહોત્સવ


**शुभ सूचना**

ऊन बहुत बढ़ियां सफेद औघा व चरवला वास्ते हर प्रकार की रेशमी, मिक्स तथा ऊनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन
लुधियाना (पंजाब)

અમદાવાદના જુના અને જાણીતા સોના અને ચાંદીના વરખ બનાવનાર વિશ્વાસપાત્ર સ્થળ :

**એ. આર. વરખવાલા**

૩૮૫૦/ ઢાલગરવાડ **અમદાવાદ-૧**
અમારી બીજી દુકાન નથી. માલ એક વખત મંગાવી ખાત્રી કરશો.

રચવામાં આવેલ. તેમજ આયંબિલ, અઠ્ઠમની તપશ્ચર્યાઓ થએલ અને પૂજાનું આયોજન કરવામાં આવેલ. સ્વામીવાત્સલ્ય પણ થયેલ.

**વિઠલાપુર :** અષ્ટગ્રહયુતિ નિમિત્તે પોષ શુદી ૧૧ થી મહા શુદી ૪ સુધી આયંબિલ, અઠ્ઠમ તપ થયેલ તેમજ એક લાખ નવકાર મંત્રના જાપ કરવામાં આવેલ.

**સોનાઈ :** અત્રે પોષ વદી ૭ થી મહા સુદી ૧ સુધી 'વિશ્વશાંતિ' તથા અષ્ટગ્રહયુતિ નિમિત્તે શ્રી નવકાર મહામંત્ર તપની આરાધના વિધિ સહિત કરાવવામાં આવેલ. દરરોજ પૂજા આંગી રચવામાં આવતા આબાલ વૃધ્ધ આમાં જોડાયેલ.

**સુરેન્દ્રનગર :** શ્રી નાથાલાલ મોહનલાલ તરફથી પોષ શુદી ૧૪ થી મહા શુદી ૧ સુધી શાંતિ વિધિનો તપ, જાપ, અને સ્નાત્રમહોત્સવનું આયોજન કરવામાં આવેલ દરરોજ સામુદાયિક સ્નાત્ર મહોત્સવ, જાપ તથા આયંબિલ તપ કરાવવામાં આવતા કુલ લગભગ ૨૦૦૦ આયંબિલ થયા હતાં. આ દિવસો દરમ્યાન ગુરુભકિત, પ્રભુભકિત તથા સ્વામીભાઈઓની ભકિત અપૂર્વ પ્રકારે કરવામાં આવેલ હતી, વિશાળ સમુદાયમાં ભાઇઓ તથા બહેનોએ ખૂબ જ ઉલ્લાસથી ભાગ લીધેલ હતો.

**પાળીયાદ :** પૂ. મુ. શ્રી. માનતુંગવિજયજી મ. ની સુંદરીયાણા મધ્યે એક માસની સ્થિરતા દરમ્યાન પૂજા, વરઘોડાં, વ્રત, આરાધના, વ્યાખ્યાન, અભિગ્રહો, નવકારશી તથા બાલસમાજની સ્થાપના થેલ છે. પાળીયાદમાં અષ્ટગ્રહયુતિ નિમિત્તે તેઓશ્રીની નિશ્રામાં આયંબિલ તપ, સ્નાત્રમહોત્સવ, પૂજા અંગ રચના વ. ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયેલ છે.

**કોલ્હાપુર :** પૂ. મુનિસુવ્રતસ્વામી જૈન શ્વેતાંબર મંદિર લક્ષ્મીપુરીમાં પૂ. મુ. શ્રી લલીતવિજયજી મ. આદિની નિશ્રામાં ક્રિયાકારક ભાઇશ્રી ચીનુભાઇ લલ્લુભાઇ અમદાવાદવાળાના હસ્તે અષ્ટગ્રહના યોગ તથા વિશ્વશાંતિ અર્થે શ્રી અર્હદ્ મહાપૂજનનું આયોજન કરવામાં આવેલું હતું.

**પૂના :** શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન મંદિર પૂ. સા. શ્રી પ્રદ્યુમ્નશ્રીજીના સદ્ઉપદેશથી વિશ્વશાંતિ માટે જાપ, આયંબલિ, પૂજા, આંગી વ. અનેક કાર્યો કરવામાં આવેલ.

**મીયાગામ :** અત્રે વિશ્વશાંતિ અર્થે તપશ્ચર્યા તથા જાપનો કાર્યક્રમ રાખવામાં આવેલ. પોષ શુદ ૧૪ તથા વદ ૧૪ ના રોજ સામુદાયિક આયંબિલ સ્નાત્રપૂજા વ. રાખવામાં આવેલ.

**લખી જણાવો :** શ્રી પ્રવિણકાંત ડી શાહ મીયાંગામથી લખી જણાવે છે કે પૂજય ઉદયરત્નજી મહારાજના જન્મ સંવત તેમજ કાળધર્મ પામ્યાની સંવતનો જેમને ખ્યાલ હોય તેઓને લખી જણાવવા યોગ્ય કરે. પૂ. શ્રી મીયાગામમાં કાળધર્મ પામેલ અને તેમનું સમાધિ મંદિર પણ ત્યાં જ છે.

**થરા :** અત્રે અષ્ટગ્રહ શાંતિ અર્થે પોષ શુદી ૨ થી મહા શુદી ૫ સુધી શાંતિસ્નાત્ર ભણાવવામાં


**શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર,**

**[અમદાવાદ. ૭]**

જૈન જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો. અથવા રૂબરૂ મળો.

**વસ્તુઓનાં નામ:** કેસર, સુખડ, સોના-ચાંદીના વરખ, બાદલો, અગરબત્તી, કટાસણાં, ચરવળા, સુંવાળી સાવરણીઓ...વગેરે.

સરનામું : **જૈન ઉપકરણ ભંડાર,** 'મુક્તિદ્વાર' દશાપોરવાડ જૈન સોસાયટી. : **અમદાવાદ ૭**

**તા. ક:-(વિ. સં. ૨૦૧૮ ની સાલના જૈન ડાયરી-પંચાગ અમારા ત્યાંથી મળશે. કિંમત ચાર આના. પંચાગ ઘણીજ માહિતીથી ભરપૂર છે.**

આવતા શાંતિ કળશ, અત્રેના શિક્ષક શ્રી હસમુખલાલ ભણાવી રહ્યા છે. આ નિમિત્તે અઠ્ઠમ આયંબિલ વ. તપશ્ચર્યાએ સારા પ્રમાણમાં થયેલ છે.

**રાજમુદ્રીમાં** પૂ. મુ. શ્રી નંદનવિજયજી મ. ના સદ્‌ઉપદેશથી અષ્ટગ્રહ તથા વિશ્વશાંતિ નિમિત્તે શ્રી નવકાર મહામંત્રનો અખંડ જાપ તથા આયંબિલની તપશ્ચર્યા ધામધૂમથી કરાવવામાં આવેલ.

**જુન્નર :** અત્રે વિશ્વશાંતિ તથા અષ્ટગ્રહ નિવારણાર્થે પોષ વદી ૧૪ થી મહા શુદી ૧ સુધી દેરાસરમાં અખંડ જાપ થયેલ તથા શ્રી મહારાષ્ટ્રિય જૈન વિદ્યાભુવનના સ્ટાફ સાથે વિદ્યાર્થીઓએ ત્રણ દિનના આયંબિલ તથા ધાર્મિક આરાધના કરેલ.

**બજાણા :** પૂ. મુ. શ્રી નરેન્દ્રવિજયજી મ. ના ઉપદેશથી અષ્ટગ્રહની શાંતિ નિમિત્તે પોષ વદી ૭ થી મહા શુદી ૧ સુધીમાં નવ આયંબિલની ઓળી કરાવવામાં આવેલ તથા અખંડ જાપ, સ્નાત્રપૂજા વ. ખૂબ જ ઉત્સાહથી થવા પામેલ છે.

**સાંચોર :** (રાજસ્થાન) અષ્ટગ્રહ શાંતિ નિમિત્તે અત્રે આયંબિલ, અઠ્ઠમ, ઉપવાસ ૧૮ લાખ નવકાર મહામંત્રના જાપ, શ્રી ઉવસગ્ગહરં તથા શ્રી લોગસ્સના જાપ થયેલ. તેમજ અખંડ દીપક, ધૂપ સાથે જાપ નવ દિવસ સુધી કરાવવામાં આવેલ.

**ઉમેદાબાદ :** અત્રે શેઠ રીખવચંદ સાહેબચંદ તરફથી વિશ્વશાંતિ નિમિત્તે ત્રણ દિવસ આયંબિલ તપ કરાવતાં લગભગ ૫૦૦ વ્યકિતઓએ ભાગ લીધેલ. તેમજ મહામંત્ર શ્રી નવકારનો જાપ પણ સમુહમાં થયેલ.

**ટ્રસ્ટી ચૂંટાયા** શ્રી ચિંતામણી દેરાસરના ગુલાલવાડી અપના એક ટ્રસ્ટીની ચૂંટણી તા. ૨૪-૧૨-૬૧ના રોજ થતાં, શ્રી ચિંતામણી દેરાસરજી હીતવર્ધક જૈન મંડળના ઉમેદવાર શ્રી અમથાલાલ જેસીંગભાઇ વિજયી બન્યા છે.

**કાળધર્મ પામ્યા:** પૂ. આચાર્ય દેવશ્રી સાગરાનંદસૂરિશ્વરજી મ.ના પટ્ટધર, દીર્ઘતપસ્વી શિષ્યરત્ન મુનિ શ્રીમૃગાંકસાગરજી મ. મહેસાણા મુકામે પોષ શુદ ૧ના કાળધર્મ પામેલ છે. ઉપાશ્રયેથી નીકળેલ ભવ્ય સ્મશાનયાત્રામાં ગામના અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત શ્રાવક-શ્રાવિકાઓએ ભાગ લઇ સ્વર્ગસ્થને ભાવભરી અંજલી અર્પી હતી. ટુંક સમયમાં અઠ્ઠાઇ મહોત્સવ યોજાશે.

**અખંડ જાપ:** આમોદમાં ભગવદ્‌ભક્તિ, અષ્ટગ્રહ શાંતિ તથા વિશ્વશાંતિને અર્થે માગસર વદી ૮થી


## શ્રી શત્રુંજય તિર્થપટ

અમો શત્રુંજય આદિ કોઇ પણ તિર્થના પટો ઉંચી જાતના કેનવાસ પર પાકા રંગથી પાણીથી ધોઇ શકાય તેવા, સાચા સોનાના વરખવાળા, રચનાત્મક અને દર્શનીય પટો બનાવીએ છીએ.

વિશેષ માહિતી અને ભાવ તથા સાઇઝ માટે આજે જ લખો : જુના અને જાણીતા

**હરિભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

**શત્રુંજય પટ બનાવનાર**

તળાવમાં, **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

## શ્રી જિનપ્રતિમાના લેપ માટે

**વિખ્યાત કલાકાર**

પ્રતિમાજીના ખંડિત થએલ અંગ મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષપત્રો મળેલા છે, જૈનશાસન સમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા

,, **ઝવેરભાઇ ગોવીંદ**

ઠે૦ જગુમીઆની શેરી—**પાલીતાણા**

વદી ૦)) સુધી રાત દિન 'અરિહંત' પદનો અખંડ-જાપ તથા "ૐ નમો અરિહંતાણુ" પદની અખંડ ધૂન રાખેલ. પોષ શુદી ૧ના રોજ ચૈત્ય પરિપાટી, પૂજા, આંગી, ભાવના રાખવામાં આવેલ નાનીમોટી તપશ્ચર્યાઓ સારા પ્રમાણમાં થવા પામેલ છે. પોષ વદી ૧૨થી મહા શુદી ૨ સુધીમાં આયંબિલની તપશ્ચર્યા તથા 'અરિહંત' પદનો સવાક્રોડ જાપ થએલ છે.

## પાઠશાળામાં નોકરી જોઈએ છે

શ્રી જૈન બાળ મંડળ, શ્રીમાળીવાગા, પંડ્યાશેરી. ડભોઇ લખી જણાવે છે કે એક શિક્ષિકાબ્હેનને પાઠશાળામાં નોકરીની જરૂરત છે. તેઓને પાઠશાળા ભણાવવાનો અનુભવ છે. એટલે જે કોઇ પાઠશાળાને જરૂર હોય તે ઉપરના શીરનામે પત્ર લખે

**અઠ્ઠાઇ મહોત્સવ :** ખંભાત કન્યાશાળાના ઉપાશ્રયમાં વયોવૃધ્ધ સાધ્વીજી મ. શ્રી ચંદ્રશ્રીજી મ. ની શુભ નિશ્રામાં સાધ્વીજી મ. શ્રી સૂર્યપ્રભાશ્રીએ ૫૩૧ આયંબિલનું પારણું માગશર વદ ૧૨ બુધવારના રોજ નિર્વિઘ્ને કરેલ છે. તે નિમિત્તે શેઠ શ્રી કસ્તુરભાઇ અમરચંદ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ યોજવામાં આવેલ તેમજ પરશોત્તમદાસ કેશવલાલ તથા શકરાભાઇ કેશવલાલ તરફથી પાંચ દિવસની વિવિધ પ્રકારે પૂજા ભણાવવામાં આવેલ.

**ઉપધાન તપ :** પૂ. પં. શ્રી મંગલવિજયજી મ. આદિની નિશ્રામાં, ચાંદરાઇ ( રાજસ્થાન )માં ઉપધાન તપ, ધ્વજદંડ, જિર્ણોદ્ધાર, તથા શાંતિસ્નાત્ર મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. ઉપધાન તપનું પ્રથમ પ્રવેશ મુહૂર્ત મહા વદી ૧ તા. ૨૧-૧-૬૨ તથા દ્વિતિય પ્રવેશ મુહૂર્ત મહા વદી ૩ તા. ૨૩-૧-૬૨ ના રોજ રાખવામાં આવેલ છે. તેમજ માળાનું મુહૂર્ત ફાગણ શુદી ૭ સોમવાર તા. ૧૨-૩-૬૨ તેમજ ધ્વજ દંડ પ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ તેજ દિવસે રાખવામાં આવેલ છે.

આ ઉપધાન તપમાં જોડાવા માટે દરેક ભાઈ-બહેનોને આગ્રહ કરવામાં આવેલ છે.

**ગણિપદારોપણ :** વિસનગરમાં પૂ. આ. શ્રી વિજયન્યાયસૂરિશ્વરજી મહારાજે, શ્રી સંઘના વિશાળ સમુદાયમાં પૂ. પ્રવર્તક શ્રી કનકવિજયજીને 'ગણિપદવી'ની ક્રીયા કરાવી-'ગણિપદ' આપેલ તેમજ જુદા જુદા ભાઇઓ તરફથી કપડા-કામળી વહોરાવવામાં આવેલ.

**મૂંગા પશુઓના બચાવ કાર્યમાં મદદ કરો :** શ્રી જીવદયા મંડળી, ધોડનદી તરફથી દુષ્કાળ પીડિત હજારો પશુઓને બચાવવા માટે. દરેક ધર્મપ્રેમી તથા જીવદયા પ્રેમીઓને દાનનો પ્રવાહ રેલાવવા વિનંતી કરવામાં આવે છે.

**યાત્રા પ્રવાસ :** સુરેન્દ્રનગરના શ્રી વાસુપૂજ્ય જિનમિત્ર મંડળને શ્રી વીરપાળ ગફલભાઈ શેઠ તથા તેમના સુપુત્રો તરફથી સીતાપુર પૂજા ભણાવવા માટે આમંત્રણ મળતાં લગભગ ૩૦ જણા ગયેલ ત્યાં સ્નાત્રપૂજા તથા બપોરે પૂજા ખૂબ જ ઠાઠથી ભણાવવામાં આવેલ.


રિધ્ધિ સિધ્ધિ માટે...
મહાચમત્કારીક યંત્ર
શ્રી ઘંટાકર્ણ મહાવીર
સર્વસિધ્ધિ મહાયંત્ર
કિંમત રૂા. ૧/- દ્વિરંગી ચિત્ર ૧૧"×૧૪" પોસ્ટેજ ૭૫ ન. પૈ.
જેમાં રોજ નિયમિત પ્રાતઃકાળે ધૂપ દીપ આપી એનો ચમત્કાર જાતેજ અનુભવો
વિશાયંત્ર-નવગ્રહ-માણીભદ્રજી-બટુક ભૈરવ સોળ વિદ્યા દેવીઓ-પંચાંગુલી દેવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.
પ્રાપ્તિ માટે
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુક સેલર્સ અને પબ્લીશર્સ
કીકા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઇ ૨.





## લક્ષ્મી છાપ સત ઈસબગુલ

હજારો લોકો કબજિયાત, મસા, અને મરડામાં રોગમુક્તિ મેળવે છે. તમે પણ વાપરશો, તો બીજા અનેકને વાપરવા ભલામણ કરશો.

ઘણા ટાઈમ સુધી તાજું રહે તેવા ઉત્તમ પેકિંગમાં મળે છે.

: વિક્રેતા :

**બી. કે. પટેલ એન્ડ કું.**

**સુરેન્દ્રનગર**

અને બીજા સેંકડો દવાના વેપારીઓ.

## દરેક નવાં પ્રકાશનો

જેવાં કે :—

| | |
|---|---|
| ભવના ફેરા | જૈન શિક્ષાવલિ |
| નમસ્કાર નિષ્ઠા | નવકાર સાધના |
| આત્મ તત્ત્વવિચાર | મંત્રીશ્વર વિમળ |
| નમસ્કાર સ્વાધ્યાય | સુવાક્ય મંજુષા |
| મહામંત્રની સાધના | વિશ્વપ્રાણ નવકાર |

—: વગેરે દરેક નવાં પ્રકાશનો માટે

મળો યા લખો :—

**સેવંતિલાલ વી. જૈન**

શ્રી વર્ધમાન જૈન પાઠશાળા
પાંજરાપોળ, મુંબઈ-૪

કલ્યાણ માસિકની ૩૬૦૦ નકલ પ્રગટ થાય છે, તો આપના ધંધાની જાહેરખ આપી સહકાર આપશો. જાહેર ખબરના દર

| | ૧ માસ | ૩ માસ | છ માસ | બાર માસ |
|---|---|---|---|---|
| ૧ | ૩૦, | ૭૫, | ૧૨૫, | ૨૦૦, |
| ૧/૨ | ૨૦, | ૫૦, | ૭૫, | ૧૨૫, |
| ૧/૪ | ૧૩, | ૩૦, | ૫૦, | ૭૫, |
| ૧/૮ | ૮, | ૨૦, | ૩૦, | ૫૦, |

લખો.
**કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા**
(સૌરાષ્ટ્ર)

## 'શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર'ની વ્યવસ્થાપક કમિટિના માનદ્ સભ્યો :

૧ શેઠ રમણલાલ દલસુખભાઈ શ્રોફ — મુંબઈ
૨ શેઠ મણિભાઈ વનમાલીદાસ બી. એ. — કલકત્તા
૩ શેઠ અમરચંદ કુંવરજીભાઈ — સાવરકુંડલા
૪ મહેતા બાબુલાલ ભગવાનજી — દાદર-મુંબઈ
૫ દોશી શાંતિલાલ પાનાચંદભાઈ — દાદર-મુંબઈ
૬ વારૈયા કપૂરચંદ રણછોડભાઈ — પાલીતાણા

Regd. No. B. 4925 KALYAN


# કેમલ બ્રાન્ડ

'કેમલ બ્રાંડ' સ્ટેનલેસ સ્ટીલ અને જર્મન-સીલ્વરનાં વાસણો ખાત્રીલાયક ઉચ્ચ બનાવટના હોવાથી આપનાં નાણાનું પૂરેપુરૂં વળતર આપે છે.

સ્ટેનલેસ સ્ટીલ તેમજ જર્મનસીલ્વરમાં કેમલ બ્રાંડ (ઊંટ છાપ) એ અમારી પોતાની બનાવટ હોવાથી તેજ છાપનાં વાસણો ખરીદવા હંમેશા આગ્રહ રાખો.

સ્ટેનલેસસ્ટીલ, જર્મન સીલ્વર તથા ત્રાંબા, પિત્તળના અને કાંસાના ઘરઉપયોગી વાસણો છુટક તથા જથ્થાબંધ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ:

**શાહ ભોગીલાલ દેવચંદ**

ન્યુ વાસણ માર્કીટ, માણેકચોક, અમદાવાદ ૧

ટેલી. ન. ૫૧૫૭૪ : ગ્રામ : UTENSILS


તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.